
રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈ તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક




વર્ષ: ૭૭ અંક : ૦૫ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩

# રામકથાની પૂર્વ તૈયારી













# કોડિયું

વર્ષ : ૭૭ ડિસેમ્બર : ૨૦૨૩ અંક : ૦૫


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | સંસ્થા અને તેનું દૈવત<br>ભાણદેવજી | ...૧૮૨ |
| ૦૨ | ભારતભૂમિની ઊર્જાવાન નારી : સુભદ્રાકુમારી ચૌહાણ<br>ટીના દોશી | ...૧૮૫ |
| ૦૩ | કથા : આશા અને વિકાસની<br>બિંદુ -પાર્થેશ | ...૧૮૮ |
| ૦૪ | સનાતનનો સાચો અર્થ પારખીએ<br>મનસુખ સલ્લા | ...૧૯૦ |
| ૦૫ | સત્ય, પ્રેમ, કરુણાના વાહક : મોરારિબાપુ<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૧૯૩ |
| ૦૬ | શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો વિવેકપૂર્ણ અને મહત્તમ ઉપયોગ<br>ડૉ. વૈશાલી શાહ | ...૧૯૬ |
| ૦૭ | ગાંધીજીનું પ્રિય રમકડું 'ત્રણ વાંદરા'<br>સંજય આર. તલસાણીયા | ...૨૦૦ |
| ૦૮ | વાસ્તવિક શિક્ષણ : સૌની નજર શિક્ષણક્ષેત્ર પર જ શા માટે?<br>રેખાબા સરવૈયા | ...૨૦૨ |
| ૦૯ | સમય અને ધન આપણા માટે છે!<br>રોહિત શાહ | ...૨૦૫ |
| ૧૦ | પીવાના પાણીની ખેંચનો ઘરેલુ ઉકેલ - 'ભૂગર્ભ ટાંકો'<br>હીરજી ભીંગરાડિયા | ...૨૦૭ |
| ૧૧ | જીવનનો સ્વભાવ<br>ડૉ. બી. એમ. શેલડિયા | ...૨૧૧ |
| ૧૨ | મહાત્મા ગાંધીના 'ટેન કમાન્ડમેન્ટ્સ'<br>ગાંધીભારતી કેન્દ્ર- લોકભારતી | ...૨૧૩ |
| ૧૩ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૨૧૫ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## સૂચના

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## લેખ મોકલવા માટે

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## લેખકોને

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### ભાવભર્યું નિમંત્રણ

**પૂ. મોરારિબાપુની પાવન વાણીમાં** લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશનના લાભાર્થે યોજાયેલ રામકથામાં આપ સૌને સહભાગી-સેવાભાગી-આનંદભાગી થવા ઉષ્માભર્યું આમંત્રણ છે. કથા દરમ્યાન પૂ. નાનાભાઈ પુણ્યતિથિ અને લોકભારતીનો વાર્ષિકોત્સવ સાથે જ ઉજવવાનું આયોજન કરેલ છે. સાથોસાથ અનુકૂળતા મુજબ શિક્ષણ-સંગોષ્ઠીઓ અને સાંસ્કૃતિ કાર્યક્રમો પણ યોજાશે.

છેલ્લાં ૭૦ વર્ષથી જિવાતા જીવન સાથેનો અનુબંધ સાધીને અનુભવ દ્વારા કેળવણી આપતી ગાંધીવિચારને વરેલી ગ્રામાભિમુખ ઉચ્ચ શિક્ષણને સમર્પિત એવી નિવાસી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ આજે સમયના સથવારે યુનિવર્સિટીનો દરજ્જો મેળવીને **આપના ભરોસે** એક નવા સોપાનને સાકાર કરવા જઈ રહી છે.

**કથાનો શુભારંભ**

૩૦મી ડિસેમ્બર, ૨૦૨૩, સાંજે ૦૪-૦૦ કલાકે
(પૂ.નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિની પૂર્વસંધ્યાએ)

**કથાનો સમય**

તા. ૩૧/૧૨/૨૩થી ૦૭/૦૧/૨૪ સુધી રોજ સવારના ૧૦:૦૦થી બપોરના ૧:૩૦ સુધી

**કથાની પૂર્ણાહુતિ**

૦૭મી જાન્યુઆરી, ૨૦૨૪, બપોરે ૧૨-૦૦ કલાકે
(માગશર વદ બારશ- વાર્ષિકોત્સવની પૂર્વસંધ્યાએ)

| **રઘુવીર ચૌધરી** | **હર્ષાબા ગોહિલ** | **રાજેન્દ્ર ખીમાણી** | **હસમુખ દેવમુરારિ** | **અરુણ દવે** |
|---|---|---|---|---|
| મેનેજિંગ ટ્રસ્ટી | કથા મનોરથી | કુલપતિ | નિયામક | મેનેજિંગ ટ્રસ્ટી |

**નોંધ : નવેમ્બર માસના કોડિયુંમાં જણાવ્યાના અનુસંધાને** ઉતારા સંદર્ભે જણાવવાનું કે સણોસરા ગામ આગેવાનો સાથે અને ગ્રામસભામાં જે સંવાદો થયા તે અત્યંત પ્રોત્સાહક રહ્યા છે. સણોસરા ગામની વિવિધ જ્ઞાતિ-વાડીઓએ ઉતારાની વ્યવસ્થા ઉમળકાભેર કરી છે અને સંસ્થામાં પણ યુદ્ધના ધોરણે થઈ રહેલા નવાં છાત્રાલયનો લાભ હવે શક્ય બન્યો છે ત્યારે ઉતારાની જરૂરિયાતવાળા મિત્રોને આપેલ નંબરો પર સંપર્ક કરવા વિનંતી છે. જય સિયારામ...

**સંપર્ક :** શ્રી હસમુખભાઈ દેવમુરારિ - મો.૯૪૨૮૫૨૨૧૫૮
શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા- મો.૯૭૨૭૨૪૫૩૮૬

— અરુણ દવે

## ૦૧ સંસ્થા અને તેનું દૈવત

**ભાણદેવજી**

(ગતાંકથી ચાલુ)

**૧.સંસ્થાના દૈવતને જાળવવા શું કરવું?**

પ્રત્યેક સંસ્થાને પોતાનું દૈવત હોય છે. આ દૈવત જોઈ શકાય નહીં, પણ અનુભવી શકાય છે. સંસ્થાનું બહિરંગ સ્વરૂપ તે સંસ્થાનું શરીર છે. સંસ્થાનું દૈવત તે સંસ્થાનો પ્રાણ છે. સંસ્થાનું શરીર તો સાચવવું જ જોઈએ, પણ તેથીય વિશેષ સંસ્થાના દૈવતની, પ્રાણની રક્ષા થવી જોઈએ.

**૨. સંસ્થાનું દૈવત જાળવે કોણ?**

સંસ્થાના સંચાલકો અને શિક્ષકો સાથે મળીને આ દૈવતની રક્ષા કરે.

સંસ્થાના દૈવતને જાળવવા આ ચીજોની જરૂર છેઃ

૧. સંસ્થાના સ્થાપકની ચેતના

૨. સંસ્થાના શિક્ષકો-કાર્યકરોની સમજ અને નિષ્ઠા

૩. સંસ્થાનું વ્યવસ્થાતંત્ર

૪. સંસ્થાનાં સૌ માનવોનાં વાણી અને વ્યવહાર

૫. સંસ્થાનાં સૌ માનવોનું સંસ્થા સાથેનું અનુસંધાન

૬. સંસ્થામાં સારા કાર્યકરો આવે અને રહે

સંસ્થાના અનેક ઘટકો છેઃ

૧. શિક્ષકો-કાર્યકરો

૨. વિદ્યાર્થીઓ

૩. સંચાલકો

૪. ટ્રસ્ટીમંડળ

૫. સરકાર

આ પાંચમાંથી સંસ્થાના સત્ત્વની અને સંસ્થાના આત્માની રક્ષા કરવાની વિશેષ જવાબદારી સંસ્થાના શિક્ષકોની છે કેમ કે શિક્ષણસંસ્થામાં સૌથી વધુ પ્રભાવી અને જવાબદાર પરિબળ સંસ્થાના શિક્ષકો છે. નઈ તાલીમની શાળાઓના શિક્ષકો પોતાની આ ભારે મોટી જવાબદારી કઈ રીતે અદા કરી શકે? પહેલું તો શિક્ષકોની પસંદગી અને નિમણૂંકનો અધિકાર જે-તે સંસ્થાને છે. તેમ થવું શક્ય ન બને તો લોકશાળા સંઘ, નઈ તાલીમ સંઘ કે એવી કોઈ નઈ તાલીમની મોટી સંસ્થા દ્વારા આ કાર્ય થવું જોઈએ. તે માટે સરકારશ્રીને આગ્રહપૂર્વક સમજાવી શકાય.

જેમનાં ચિત્તમાં નઈ તાલીમ પ્રત્યે નિષ્ઠા ન હોય, નઈ તાલીમ પ્રત્યે શ્રદ્ધા ન હોય, નઈ તાલીમની સમજ ન હોય તેવા શિક્ષકો નઈ તાલીમની સંસ્થામાં ભરતી થઈ જાય તો તે નઈ તાલીમને તોડવાનું કાર્ય છે એમ સમજવું.

નવા શિક્ષકો બી.એડ. થયા હોય તો પણ તેમને નઈ તાલીમની સંસ્થામાં શિક્ષણ આપવા માટે તાલીમ આપવી જોઈએ. આ તાલીમ ત્રણ રીતે થવી જોઈએઃ

૧. નવા શિક્ષકો સંસ્થાના વાતાવરણને જુએ, સાંભળે, સમજે, સ્વીકારે અને આત્મસાત કરે

૨. નઈ તાલીમ વિષયક સાહિત્યને આત્મસાત કરે

૩. અનુભવી શિક્ષકો નવા શિક્ષકોનું શિક્ષણ-ઘડતર કરે

નઈ તાલીમની સંસ્થાના શિક્ષકો માટે તેઓ નઈ તાલીમના જાણકાર હોય એટલું પર્યાપ્ત નથી. તેઓ સંસ્થા પ્રત્યે અભિમુખ હોય, તેમની સંસ્થા પ્રત્યેની દૃષ્ટિ વિધાયક હોય તે પણ આવશ્યક છે.આ જવાબદારી સંસ્થાના સંચાલકોની, આચાર્યોની અને પીઢ કાર્યકરોની છે. તેમના ડહાપણ અને માર્ગદર્શન વડે નવા શિક્ષકો સંસ્થાને હૃદયંગમ કરે તેમ થવું જોઈએ.

નિષ્ઠાવાન, અનુભવી શિક્ષકો નિવૃત્તિ પછી પણ સંસ્થામાં રહે તેમ ગોઠવાવું જોઈએ. તેમના અનુભવનો, ડહાપણનો અને જ્ઞાનનો લાભ શિક્ષકોને, વિદ્યાર્થીઓને અને સંસ્થામાં સહુને મળે તે ખૂબ આવકાર્ય છે. નઈ તાલીમની કોઈ પણ સંસ્થાને નિષ્ઠાવાન, યોગ્યતાવાન અને નઈ તાલીમને સમર્પિત શિક્ષકો મળે તો તે સંસ્થાનું પરમ સદભાગ્ય

છે એમ સમજવું.

મૂર નામના નીતિશાસ્ત્રીએ કહ્યું છે કે માનવી પોતે જ સાધ્ય છે, સાધન તરીકે તેનો ઉપયોગ કરવો એ સૌથી મોટું પાપ છે. નઈ તાલીમ અને ગાંધીવિચારને વરેલી સર્વ સંસ્થાઓએ આ વાત ધ્યાનપૂર્વક સમજવા જેવી છે.

વ્યક્તિ કે સંસ્થા આ બેમાં કોણ વધુ મૂલ્યવાન છે? સામાન્ય રીતે એવો વ્યવહાર પ્રવર્તે છે કે સંસ્થા, સમાજ કે રાષ્ટ્ર મહાન છે, વ્યક્તિ ગૌણ છે. અહીં બે મુદ્દા વિચારવા જોઈએ: સંસ્થાનો વિકાસ અને સંસ્થાના શિક્ષક-કાર્યકરોનો વિકાસ.

સંસ્થા એટલે શું? સંસ્થાની જમીન? સંસ્થાનાં મકાનો? સંસ્થાનાં નાણાં? સંસ્થાનાં ખેતરો? સંસ્થાની ગાયો? ના. સંસ્થા એટલે સંસ્થાના માનવો. સંસ્થા વ્યક્તિઓથી બને છે. સંસ્થાના નામે વ્યક્તિના વ્યક્તિત્વનું બલિદાન માગવું તે એક હિંસા છે. ઘોર હિંસા છે. સંસ્થા માટે માનવી નથી, માનવી માટે સંસ્થા છે. સંસ્થાને નામે સંસ્થાના શિક્ષકો-કાર્યકરોનો જીવનવિકાસ રુંધાય તો તેને પરિણામે લાંબા ગાળે સંસ્થાનો વિકાસ પણ રુંધાય છે. શિક્ષકો-કાર્યકરોનો વિકાસ થશે તો લાંબા ગાળે સંસ્થાનો પણ વિકાસ થશે.

સંસ્થાના શિક્ષકો-કાર્યકરોનો વિકાસ થાય અને તેના દ્વારા સંસ્થા વિકસે. સંસ્થા વિકસે અને તેના દ્વારા શિક્ષકો-કાર્યકરોનો વિકાસ થાય - આ સોનેરી સિદ્ધાંત છે. વિકાસની આ સમતુલા આપણે સિદ્ધ કરવાની છે.

**● નઈ તાલીમની સંસ્થાઓમાં ધર્મ-અધ્યાત્મને કેવું અને કેટલું સ્થાન આપવું?**

ગાંધીવિચારના કેન્દ્રમાં અધ્યાત્મ છે. ગાંધીજી સત્યના ખોજી પ્રથમ છે અને બીજું બધું પછી છે. ગાંધીજી માટે સેવા સાધન છે અને સાધ્ય છે પરમ સત્ય, અર્થાત ઈશ્વર.

આમ છતાં ગાંધી અને વિનોબા પછી ગાંધી પરિવાર અને તેની પ્રવૃત્તિઓના કેન્દ્રમાંથી અધ્યાત્મ ખસી ગયું. સિદ્ધાંતમાં નહીં તો વ્યવહારમાં ગાંધીજીવનશૈલી સ્વીકારનાર વિશાળ ગાંધી પરિવાર અધ્યાત્મને ચૂકી ગયો છે. અધ્યાત્મ અને અધ્યાત્મ જ જીવનને પરમ કૃતાર્થતા આપે છે. લોકભારતીનો ધ્યાનમંત્ર પણ આ જ સૂચવે છે. એક તરફ જીવનયાપન માટેનાં કૌશલ્યોનો વિકાસ, બીજી તરફ આધ્યાત્મિક ઊર્જાનું કાર્યાન્વિત થવું.

એટલે જો ગાંધીવિચારનું કેન્દ્ર અધ્યાત્મ છે તો ગાંધીવિચારના એક સ્વરૂપ એવા અધ્યાત્મને નઈ તાલીમની સંસ્થાઓમાં મહત્ત્વપૂર્ણ સ્થાન મળવું જોઈએ.

શિક્ષણમાં ધર્મ-અધ્યાત્મને સ્થાન ન આપવાનો વિચાર આપણને યુરોપ પાસેથી મળ્યો છે. આ આયાત થયેલી વિચારસરણી મુજબ આપણે આપણી શિક્ષણવ્યવસ્થા ગોઠવવાની જરૂર નથી. આપણે એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ કે આપણા વિદ્યાર્થીઓ ધર્મ-અધ્યાત્મથી વંચિત ન રહે.

સાવધાન - ધર્મનિરપેક્ષતાનો અર્થ ધર્મહીનતા નથી!

**● એક પ્રશ્ન:**

ગુજરાત ટેક્નિકલ યુનિવર્સિટી બની છે.

ગુજરાત સંસ્કૃત યુનિવર્સિટી પણ બની છે.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી પણ બની છે.

ગુજરાત ગ્રામવિદ્યા યુનિવર્સિટી પણ બની શકે. ક્યારે બનશે?

**● સંસ્થા પર ઉંમરની અસર થાય?**

એમ માનવામાં આવે છે કે જેમ માનવીને તેમ સંસ્થાને પણ ઉંમરની અસર થાય છે. માનવીની જેમ સંસ્થાને પણ જન્મ, બાળપણ, યુવાવસ્થા અને ઘડપણ આવે છે. આ અબાધિત સત્ય નથી. સંસ્થામાં નવાનવા માનવીઓ આવતા રહેતા હોય છે અને એથી સંસ્થાને નવી ઊર્જા મળતી રહે છે. આમ હોવાથી સંસ્થાને ઉંમરની અસરથી બચાવી શકાય છે. દક્ષિણામૂર્તિની ઉંમર આજે ૧૧૨ વર્ષની થઈ છે. ગૂજરાત વિદ્યાપીઠની ઉંમર ૧૦૨ વર્ષની થઈ છે. નઈ તાલીમ અને ગ્રામદક્ષિણામૂર્તિની ઉંમર ૮૫ વર્ષની થઈ અને લોકભારતીની ઉંમર ૭૨ વર્ષની થઈ. કૅમ્બ્રિજ યુનિવર્સિટી ૯૦૦ વર્ષ વટાવી ગઈ છે અને ઑક્સફર્ડ તો ૧૨૦૦ વર્ષ પૂરાં કરી ચૂકી છે. એ બંનેને તો ઘડપણ આવ્યું નથી. નજરે જોઈને કહું છું કે તેમના ગાલ પર કરચલી પડી નથી. તદનુસાર સંસ્થા પોતાના

શિક્ષકોની નિષ્ઠા અને તેજ દ્વારા ઉંમરની અસરને અતિક્રમી શકે છે.

**સમાપનઃ**

આર્મીમાં એવી પરંપરા છે કે આર્મીના સર્વ કર્મચારીઓને બંદૂક ચલાવતાં શીખવું જ પડે. ધોબી, વાળંદ, ક્લાર્ક, રસોઈયા આર્મીના દરેક કર્મચારીને બંદૂક ચલાવતાં આવડવું જોઈએ. આવી જ રીતે નઈ તાલીમના દરેક કાર્યકર્તાએ નઈ તાલીમનાં મૂળભૂત તત્ત્વો સમજી લેવાં જોઈએ અને તેમનો વિનિયોગ કરવા તત્પર રહેવું જોઈએ.

વિશ્વના મહાન સમાજશાસ્ત્રીઓએ શોધી કાઢ્યું છે કે ડેન્માર્ક વિશ્વનો સૌથી સુખી દેશ છે. સુખી એટલે ધનવાન એમ નથી, સુખી એટલે તનમનથી, સામાજિક અને પારિવારિક રીતે સુખી. ડેન્માર્ક વિશ્વનો સૌથી સુખી દેશ કેવી રીતે બન્યો? ડેન્માર્કનાં આ સુખ-શાંતિનું રહસ્ય શું છે? ડેન્માર્કવાસીઓ ગૌરવપૂર્વક કહે છેઃ

અમારી સુખાકારીનાં બે રહસ્ય છે.

૧. અમારી જીવનવ્યવસ્થાનું કેન્દ્ર ગાય છે.

૨. અમારા આગેવાનો શિક્ષકો છે.

તો ત્યાં ગાયનું અને શિક્ષકનું આવું મહત્ત્વ છે, આવો મહિમા છે. આપણે વિચારીશું?

મહાત્મા ગાંધીનું આ મહાન પ્રદાન આપણે જાળવી રાખીએ આ આપણી રાષ્ટ્રીય ફરજ છે! આપણે એ અદા કરી શકીશું?

(સમાપ્ત)

આપણે ગાયની પૂજા કરીએ છીએ પણ ગાયને પ્રેમ નથી કરતા ! ગાયના શિંગમાં સત્ય છે, ગાયની આંખમાં કરુણા છે અને ગાયનાં આંચળમાં પ્રેમ છે. ગાય રાષ્ટ્રનો શણગાર છે અને સુરક્ષા પણ છે. ગાય શીલનું પ્રતીક છે. ગાય જન્મ આપે છે, ગૌમાતા જીવન આપે છે.ગૌમાતાનું નિરીક્ષણ કે પરીક્ષણ જ નહીં, પરંતુ પ્રેમવિક્ષણ પણ થવું જોઈએ. ગાય આપણો આત્મા છે. ગાય સર્વધર્મમયી છે. ગાય સર્વઔષધમયી છે. ગાય સર્વવિદ્યામયી છે. ગાયનું દૂધ,ગાયનું દહીં,ગાયનું ઘી, ગૌમૂત્ર અને ગોબર પંચગવ્ય છે.ગાયોની સેવા સ્વર્ગ છે. ગાય આપણો આત્મા છે. ગાય વિશ્વનો આત્મા છે, આત્મા હોવાને નાતે ગાય પ્રિય હોવી જોઈએ.ગાય દ્વારા રાષ્ટ્ર સમુદ્ધ છે. બળવાન હોવા છતાં ગાયમાતા શીલવાન છે. રાષ્ટ્રનો શણગાર ગાય છે અને રાષ્ટ્રની સુરક્ષા ગાય છે. ગાયનું મુખ આપણે સુખ આપે છે. ગાયની આંખ આપણા જીવનમાં પાંખ લગાવી દે છે. ગોકર્ણ આપણને સાધુતા માટે દીક્ષિત કરે છે. ગાય ધર્મ પણ દે છે, અર્થ પણ દે છે. અને મોક્ષ પણ આપે છે.

(મોરારિબાપુ)

---

બુદ્ધપુરુષ આપણને સામગ્રી આપે છે, યાત્રા તો સ્વયં કરવી પડે છે. કોઈ બુદ્ધપુરુષ કોઈને ગુલામ કરે જ નહીં અને ગુલામ કરે એ બુદ્ધપુરુષ નહીં. બુદ્ધત્વની પરીક્ષા નહીં, પ્રતીક્ષા કરવી જોઈએ. કોઈ બુદ્ધપુરુષ જયારે કહે કે તું મારો છે, ત્યારે સમજવું કે આપણે પુણ્યપુંજ છીએ. કોઈ બુદ્ધપુરુષની પાસે બેસવું એ આપોઆપ જ 'ઉપનિષદ'નું પ્રગટીકરણ છે. બુદ્ધપુરુષોની વાણી એવી હોય છે. એ ઓછું બોલશે, પરંતુ બીજાના કલ્યાણ માટે બોલશે.

(મોરારિબાપુ)

## ૦૨ ભારતભૂમિની ઊર્જાવાન નારી : સુભદ્રાકુમારી ચૌહાણ

**ટીના દોશી**

---

દૂર ફિરંગી કો કરને કી સબને મન મેં ઠાની થી
ચમક ઊઠી સન સત્તાવનમેં વહ તલવાર પુરાની થી
બુન્દેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી
ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી

અંગ્રેજો વિરુદ્ધ લડીને શહીદી વહોરનાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના પરાક્રમ અને સાહસનું વર્ણન કરતું અને એને ઘેર ઘેર ગુંજતું કરનાર આ વીરકાવ્ય કોણે રચ્યું છે, એ જાણો છો?

એનું નામ સુભદ્રાકુમારી ચૌહાણ... સ્વતંત્રતા સેનાની અને અસહયોગ આંદોલનમાં અને ઝંડા સત્યાગ્રહમાં ધરપકડ વહોરનાર નાગપુરની પહેલી મહિલા સત્યાગ્રહી. જોકે સુભદ્રાકુમારીને પ્રસિદ્ધિ મળી 'ઝાંસીની રાણી' રચનાથી. રાણી લક્ષ્મીબાઈની પરાક્રમગાથાને આલ્હા કે પવાડારૂપે ગૂંથીને સુભદ્રાએ એને ઘેર ઘેર પહોંચાડી. આલ્હા અને પવાડા એટલે વીરોની ગાથા, યશગાન કે કીર્તિકથા... ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અંગેના યશગાને સુભદ્રાકુમારીને પણ એટલો જ યશ અપાવ્યો છે ! ભારત સરકારે ૬ ઓગસ્ટ ૧૯૭૬ના પચીસ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડીને સુભદ્રાકુમારીની સ્મૃતિને ચિરંજીવી બનાવી છે !

આ સુભદ્રાકુમારી ચૌહાણનો જન્મ ઉત્તરપ્રદેશના અલાહાબાદ સ્થિત નિહાલપુર ગામમાં થયેલો. માતા ધીરજકુંવરી. પિતા ઠાકુર રામનાથસિંહ. જૂનવાણી સમાજ હોવા છતાં સુભદ્રાને ભણવાનો મોકો મળેલો. જોકે નિહાલપુરથી ક્રાસ્થવેટ શાળા સુધીનો રસ્તો લાંબો હોવાથી પરદા લાગેલા એક્કામાં બેસીને ભણવા જવું પડતું. એ સમયની રૂઢિચુસ્ત સામાજિક પરિસ્થિતિને કારણે રસ્તામાં કોઈ એક્કાનો પરદો ખેંચી ન કાઢે એ માટે સુભદ્રાના ભાઈ રજ્જૂભૈયા સાયકલ પર એક્કાની સાથે જતા અને શાળા છૂટવાના સમયે પણ એ જ રીતે લેવા જતા. સુભદ્રાને નાનપણથી જ કવિતામાં રસ પડતો. એ કાવ્ય રચતી. ૧૯૧૩માં નવ વર્ષની ઉંમરે લીમડાના વૃક્ષ અંગે 'નીમ' શીર્ષક સાથે એણે લખેલી કવિતા 'મર્યાદા' પત્રિકામાં પ્રકાશિત થયેલી. કાવ્યપંક્તિ આ પ્રકારે છે :

તબ તક હમારે દેશ મેં તુમ સર્વદા ફૂલો-ફલો
નિજ વાયુ શીતલ સે પથિક જન કા હૃદય શીતલ કરો

કાવ્ય રચતી સુભદ્રા ભણવામાં હોશિયાર હતી. સારી વક્તા પણ હતી. વાદવિવાદ પ્રતિયોગિતામાં પોતાની શાળાનું પ્રતિનિધિત્વ કરતી. અલાહાબાદ વિશ્વવિદ્યાલયના દીક્ષાંત સમારોહના સમયે ક્રાસ્થવેટ શાળા તરફથી સેનેટ હોલમાં એક કાર્યક્રમનું આયોજન કરાયેલું. એમાં માત્ર બે જ વક્તાનું ભાષણ થયેલું. એક શાળાની આચાર્યા મિસ માનકરનું અને બીજું સુભદ્રાનું. મિસ માનકરે તો સુભદ્રાની પ્રતિભા ખીલવવા એનાં લગ્ન ન કરવાની સલાહ આપેલી, પણ એવું તો કેવી રીતે થાય?

પંદર વર્ષની ઉંમરે, ૧૯૧૯માં સુભદ્રાનાં લગ્ન ખંડવાના ઠાકુર લક્ષ્મણસિંહ સાથે થયાં. લક્ષ્મણસિંહ એમ.એ. કર્યા પછી કાનૂનનો અભ્યાસ આગળ વધારવા ઉત્સુક હતા. માધ્યમિક શિક્ષણ પૂરું વિદ્યાલય સુધીનું ભણેલી સુભદ્રા પણ આગળ ભણવા માંગતી હતી, પણ ગાંધીજીએ વિદ્યાર્થીઓને દેશ માટે કામ કરવાનું આવાહન કરેલું. દેશપ્રેમી દંપતીએ ભણવાનું છોડીને આઝાદી આંદોલનમાં ઝુકાવ્યું. રાષ્ટ્રીય વિચારોના પ્રચારપ્રસાર માટે મધ્ય પ્રદેશના જબલપુરમાં ૧૯૨૦માં 'કર્મવીર' પ્રકાશનનો પ્રારંભ થયો. લક્ષ્મણસિંહ આ પત્રિકાના સાહિત્ય સંપાદક થયા. સુભદ્રા અને લક્ષ્મણસિંહ જબલપુર જઈ વસ્યા. દરમિયાન, સુભદ્રાની કવિતાઓ પત્રિકાઓમાં પ્રકાશિત થયા કરતી. તેનાં કાવ્યોમાં પરાધીન ભારતમાતાને ગુલામીમાંથી આઝાદ

કરવાનો સૂર ઊઠતો. અન્યાય અને અત્યાચાર વિરુદ્ધ આક્રોશનો સ્વર બુલંદ થતો. સુભદ્રાની રચનાઓમાંથી દેશપ્રેમનો સાદ સંભળાતો અને અંગ્રેજો સામે રોષ વ્યક્ત થતો. ૧૯૧૯ના જલિયાંવાલા બાગ હત્યાકાંડ અંગેના 'જલિયાંવાલા બાગ મેં વસંત' કાવ્યમાં સુભદ્રાએ લખેલું કે,

પરિમલહીન પરાગ દાગ-સા બના પડા હૈ,
હા ! યહ પ્યારા બાગ ખૂન સે સના પડા હૈ,

જલિયાંવાલા બાગ હત્યાકાંડના એક વર્ષ પછી, ૧૯૨૦માં લોકમાન્ય બાલ ગંગાધર તિલકનું અવસાન થયું. એમની સ્મૃતિમાં તિલક સ્વરાજ્ય ફંડ માટે એક લાખ રૂપિયા એકત્ર કરવાનું લક્ષ્ય હતું. જોકે માત્ર લાખ રૂપિયા ભેગા કરવાનો ઉદ્દેશ નહોતો. એ તો શેઠ અને શાહુકારો પાસેથી બે દિવસમાં ઉઘરાવી લેવાય. એક-એક, બે-બે પૈસા ઉઘરાવીને ફંડફાળો એકત્ર કરવાનું મૂળ કારણ એ હતું કે વધુમાં વધુ લોકો સુધી પહોંચીને કોંગ્રેસનો પ્રચાર કરી શકાય. સુભદ્રા પોતાની ચારપાંચ સહકર્મી સાથે ઘેર ઘેર ફરીને ફાળો ઉઘરાવતી. ક્યાંક માન મળતું, ક્યાંક ઘોર ઉપેક્ષા, ક્યાંક હળાહળ અપમાન અને ક્યાંક અતિશય સન્માન. પરંતુ માન, અપમાનને ગણકાર્યા વિના સુભદ્રા પરાધીનતામાંથી મુક્તિ, સ્વદેશીનો પ્રચાર, અસહયોગ અને અહિંસાના સંદેશ સાથે નીકળી પડેલી. એણે ઘેર ઘેર ફરીને એક-એક બે-બે પૈસા ઉઘરાવીને ફાળો એકત્ર કર્યો. સુભદ્રા સ્વયં ફાળો ઉઘરાવવા નીકળતી એનો ખાસ પ્રભાવ પડતો કારણ કે એની કવિતાઓ, ખાસ કરીને દેશપ્રેમની કવિતાઓ વિવિધ પત્ર-પત્રિકાઓમાં પ્રકાશિત થતી.

દરમિયાન, ૧૯૨૧માં લક્ષ્મણસિંહ અને સુભદ્રા અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમમાં ગયાં. ગાંધીજી અને કસ્તૂરબાને મળ્યાં. સુભદ્રા શૃંગારની શોખીન હોવા છતાં સાજશણગાર કર્યા વિના જ ગયેલી. સફેદ, કિનારી વગરની સાડી પહેરેલી સુભદ્રાને પતિ સાથે જોઈને કસ્તૂરબાએ કહ્યું, 'તું પરણેલી છો તો આવો વેશ કેમ બનાવ્યો છે? ચૂડી પહેરીને, સિંદૂર લગાવીને અને કિનારીવાળી સાડી પહેરીને મળવા આવજે...' જોકે હળવીફૂલ વાતો પછી ગાંધીજીથી પ્રભાવિત થયેલાં પતિપત્નીના મનમાં ખરલમાં પીસાતા સુખડની પેઠે દેશપ્રેમ વધુ ને વધુ ઘૂંટાયો. એનાં દેશપ્રેમનાં કાવ્યોમાં પણ એવો જ નિખાર આવ્યો.

સુભદ્રાનો દેશપ્રેમ માત્ર લેખની પૂરતો સીમિત નહોતો. એ પોતે આઝાદી આંદોલનમાં આગળ પડતો ભાગ લેતી. ઉંમર નાની હતી, પણ સાહસ બુલંદ હતું. એક ઘટના જોઈએ. જબલપુર મહાપાલિકામાં વર્ષ ૧૯૨૩માં કોંગ્રેસની બહુમતી થયેલી. એ સમયે કોઈ પણ સાર્વજનિક સ્થાન પર ત્રિરંગો ફરકાવવા પર પ્રતિબંધ હતો. પરંતુ બહુમતી મળવાથી કોંગ્રેસીઓ જબલપુર મહાપાલિકા ભવન પર ત્રિરંગો ફરકાવવા માંગતા હતા. દરમિયાન દેશ સવિનય અવજ્ઞા આંદોલન માટે કેટલો તૈયાર છે, એ જાણવા કોંગ્રેસની કારોબારીએ હકીમ અજમલ ખાનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી. હકીમ સાહેબ પોતાની તેજસ્વિતા, નીડરતા, સત્યતા અને દેશભક્તિને કારણે હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રતીક બની ગયેલા. મહાપાલિકા સમિતિએ હકીમ અજમલ ખાનના હાથે ભવન પર રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો. પરંતુ અંગ્રેજ સરકાર સાંખી ન શકી અંગ્રેજ અમલદારે તરત જ ધ્વજ ઉતારી લીધો. કોઈ કર્મચારીએ વધુ પડતા ઉત્સાહમાં ધ્વજને પગતળે કચડયો.

રાષ્ટ્રીય ધ્વજનું અપમાન દેશનું અપમાન હતું અને તેનો તત્કાળ પ્રતિકાર કરવો અનિવાર્ય બની ગયું. આંદોલનના નેતા પંડિત સુંદરલાલે લક્ષ્મણસિંહ ઠાકુરને કહ્યું, હમણાં જ સુભદ્રાને બોલાવો. સુભદ્રા ત્વરાથી હાજર થઈ. પંડિત સુંદરલાલે સુભદ્રા સહિત દસ માણસોની એક સત્યાગ્રહ સમિતિ રચી. આ સમિતિ ત્રિરંગો લઈને કેન્ટોન્મેન્ટ તરફ આગળ વધી. જોકે સત્યાગ્રહીઓ કેન્ટોન્મેન્ટમાં પ્રવેશે એ પહેલાં અંગ્રેજ પોલીસે એમની ધરપકડ કરી. પંડિત સુંદરલાલને છ મહિનાની સજા કરાઈ. અન્ય તમામ સત્યાગ્રહીઓને એક રાત પોલીસની કેદમાં રાખ્યાં પછી બીજે દિવસે છોડી મૂકાયા. દેશનો પહેલો ઝંડા સત્યાગ્રહ અને સુભદ્રાને કેદનો એ પહેલો અનુભવ !

એ પછી નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ધરપકડ વહોરનાર પહેલી મહિલા સુભદ્રા બની. ત્યાર બાદ ૧૯૪૨ના ભારત છોડો આંદોલનમાં લક્ષ્મણસિંહ અને સુભદ્રા, બન્નેને જેલવાસ થયેલો. જેલમાં સુભદ્રાનું સ્વાસ્થ્ય કથળ્યું. લગભગ નવદસ મહિના પછી બીમારીને પગલે સુભદ્રાને જેલમુક્ત કરવામાં આવી. એ જેલમાંથી તો છૂટી, પણ નાદુરસ્તીની બીજી કેદમાં સપડાઈ. દિવસે દિવસે બગડતી તબિયત વચ્ચે સુભદ્રા કામ કરતી રહી. રાજ્ય વિધાનસભાની સભ્ય તરીકે કામ કર્યું. એ વધુ કામ કરી શકી હોત, પણ ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૮ના એક માર્ગ અકસ્માતમાં સુભદ્રાનું અકાળે અવસાન થયું.

સુભદ્રાનો દેહવિલય થયો, પણ એણે રચેલું રાણી લક્ષ્મીબાઈ અંગેનું વીરકાવ્ય ભારતના કણ કણમાં ગુંજતું રહેશે :

ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી...!

શિક્ષક બ્રહ્મા છે. બ્રહ્માનું કાર્ય સૃષ્ટિના સર્જનનું છે. શિક્ષકે બ્રહ્મા બનીને નીતિવાન, જ્ઞાનવાન, ચારિત્ર્યવાન, મૂલ્યવાન સૃષ્ટિનું સર્જન કરવાનું છે. શિક્ષક કોઈ દિવસ ટૂંકી બુદ્ધિનો ન હોય, સાગરપેટા હોવા જોઈએ. શિક્ષક એ ગુરુ છે. અજ્ઞાનને ભેદીને જે અન્યમાં જ્ઞાનના પુંજ ફેલાવે તે ગુરુ. શિક્ષક માનવતા, સંસ્કારચિંતન અને ચારિત્ર્યઘડતરનો ધર્મગુરુ છે.

શિક્ષકની વિશ્વસંસ્થા તેનો કલાસ છે. તેની સામે બેઠેલી ૪૦ ચેતનાઓ, એ તેનું યુનાઈટેડ નેશન છે. શિક્ષકે ૪૦ ચેતનાઓના ઈંડાને સેવવાનાં છે. શિક્ષકમાં ભૂમિકા, ભાવ, વેશ અને ભાષા હોવાં જોઈએ. તેની ભૂમિકા બાળકના ઘડતરની છે. તેનો ભાવ બાળકના અસ્તિત્વનો સ્વીકાર કરી પ્રગાઢ પ્રેમ આપનારો હોય, અને તેની ભાષા બાળકને સમજાય તેવી હિતકર હોય તો તે ખરા અર્થમાં શિક્ષક છે.

(મોરારિબાપુ)

આપણો દીવડો પ્રગટાવે એનું નામ ગુરુ. શિષ્યનું કલ્યાણ કરવા માટે ગુરુ કયારેક કયારેક અદ્ભુત લીલા કરે છે. પરમતત્ત્વના મરમોને આપણાં કર્મોથી પામી નથી શકાતાં, કેવળ ગુરુકૃપાથી પામી શકાય છે. સદ્ગુરુ આપણો દેશી વૈદ છે, સદ્ગુરુ મહાન વૈદ છે. આપણને કયારેય અનાથ થવા ન દે એ ગુરુ. ગુરુની કૃપાથી ભેદ મિટે છે, ગુરુની કૃપાથી જીવનનો ખેદ મિટે છે. ગુરુના પ્રદેશમાં માયાનો પ્રવેશ થઈ શકતો નથી.

સાચો ગુરુ હોય એ બોલતો જ નથી,એનામાં બેઠેલો હરિ બોલતો હોય છે.

નિષ્ઠા હોય તો સદ્ગુરુ જે બોલે એ મંત્ર થઈ જાય છે. ગુરુ એ છે કે જો એ ચાલતો હોય તો પણ આસપાસ રામપંચાતય ચાલતી હોય. કોઈ ગુરુને, કોઈ બુદ્ધપુરુષને એ રીતે શરણ થાઓ કે, એ સામેથી તમને યાદ કરે ! ખરેખર તો એ તમારે શરણ થાય. એ હદે કોઈ ગુરુની શરણાગતિ સ્વીકારો. ગુરુકૃપાથી અહંકારનું ધનુષ તૂટે છે અને ભકિત જયમાળા પહેરાવે છે.

ગુરુપદ સહજ હોવા જોઈએ, શિષ્ય પણ સહજ હોવા જોઈએ. ગુરુપદ એકબાજુ હોય છે, ગુરુપદરજ ચારેબાજુ ઘૂમે છે. ગુરુપદરજનું તિલક એ શિષ્ય માટે સેંથાનું સિંદુર છે. દીક્ષિત સ્થાન સચેત હોવા જોઈએ. ગુરુપદના પોતાના શબ્દ છે, સ્પર્શ છે, રૂપ છે, રસ છે. ગુરુ દુનિયાભરની માનો વિગ્રહ છે. ગુરુપદની એક અલૌકિક ધૃતિ છે. ગુરુપદરજ મંજુલ છે, પવિત્ર છે, દિવ્યાતિદિવ્ય છે. ગુરુની ચરણરજ આશ્રિતના મનરૂપી દર્પણની મલિનતાને સાફ કરે છે.

(મોરારિબાપુ)

**બિંદુ -પાર્થેશ**

---

લેખાંક – ૨

**૧. ગામમાં રહેવા ગયા**

''બેન, એમાં શું?ડબલું લઈને જઈ આવવાનું અને પથરે બેસી નય ( ન્હાઈ) લેવાનું.''

આશા ગામમાં રહેવા ક્યારથી આવશે તેવી જિજ્ઞાસા બાળકોને થતી.

આશાએ કહ્યું કે, ''ગામમાં એક પણ સંડાસ બાથરૂમ નથી. હું રહેવા કેવી રીતે આવું?''

તેના જવાબમાં બાળકોએ ખૂબ સહજતાથી ઉપર મુજબનો જવાબ આપ્યો.

આશા કહે, '' પણ મને એ રીતે જવાનું કે ન્હાવાનું ન ફાવે.''

આ શાળામાં બદલી કરીને આવ્યા પહેલા આશા બાર વર્ષ બીજા જિલ્લાની ચાર શાળામાં નોકરી કરીને આવી હતી.

અનુભવે તેને એટલું લાગેલું કે, ૧૧ થી ૫ વાગ્યા સુધીમાં શાળામાં બાળકોને અક્ષર જ્ઞાન આપી શકાય. પણ સર્વાંગી વિકાસ કરવો હોય તો બાળકો જ્યાં રહેતા હોય ત્યાં રહેવું જોઈએ.

જો નાની શાળા હોય તો શાળાના દરેક બાળક પર ધ્યાન આપી શકાય.

તેથી જ્યારે જિલ્લા ફેર બદલી કરી આ શાળામાં આવી ત્યારથી તેને ગામમાં રહેવા આવવાની તાલાવેલી લાગી હતી. શહેરની રહેણી કરણી તેને માફક નહોતી આવતી. જો કે વિકાસના માર્ગદર્શન અને એક મિત્ર દંપતીની મદદથી શહેરમાં પણ બાળકો માટે નિયમિત પ્રવૃત્તિ કરતાં.આમને આમ બે વર્ષ વીતી ગયાં. ગામના એક ઉત્સાહી વાલીએ પોતાના ઘરે સંડાસ બાથરૂમ બનાવ્યા. પણ બારણાં બનાવવાના પૈસા ન બચ્યા. આશાએ તે માટે આર્થિક મદદ કરી. હવે ગામમાં રહેવા જઈ શકાય તેમ હતું.

ગામમાં રહેવા જતા પહેલાં આશા અને વિકાસ ગામના મંદિરે લોકો સાથે બેઠા. ગામમાં શા માટે રહેવા આવીએ છીએ? અહીં આવી શું કરીશું? શું નહીં કરીએ? ગામ વાળાને શું કરવા દઈશું? શું નહીં કરવા દઈએ? આ બધી વાત કરી. છેલ્લે ઉમેર્યું,

''અમને મોજ આવશે ત્યાં સુધી આ ગામમાં રહીશું. જે દિવસે એમ લાગશે કે મજા નથી આવતી તે દિવસે ગામ છોડી જતા રહીશું.'' ગામના એક વડીલ ખાટલામાં બેઠા બેઠા બોલ્યા, ''ચ્યમ મોજ નહીં આવે? તમોએ ગોમ સોડીને નહીં જાવું પડે.''

ઉનાળાના એક દિવસે આ દંપતી ગામમાં રહેવા આવ્યું. આવાસ યોજનાની ઓરડી હતી. એક બારણું, બારણાની બાજુમાં એક ફૂટનું ઝાળીયું. એ ખૂણે મકાન માલિકના ઘઉંનો ઢગલો ચાદરાથી ઢાંકેલો હતો. ગ્રામ નિવાસની પહેલી સાંજ. પહેલી રસોઈ. ઓરડીના એક ખૂણે રસોડું. ગેસ પર કુકર મૂક્યું. ગામના બાળકો ઓરડીમાં રમી રહ્યા હતાં. કૂકરની સીટી વાગી...... બધા બાળકો ચીસો પાડતા ઓરડીની બહાર ભાગ્યાં. શિક્ષિકાને કંઈ સમજાયું નહીં...... બહાર રાડો પડી..... કુકર ફાટ્યું..... કુકર ફાટ્યું ! આડોશ પાડોશવાળા ભેગા થઈ ગયા. આશાએ માંડ માંડ સમજાવ્યું કે, સીટી વાગી છે. કુકર નથી ફાટ્યું.'

આશા સમજી ગઈ કે તેઓ વીસમી સદીમાંથી અઢારમી સદીમાં આવી ગયા છે. રાત પડી. વિકાસ ઑફિસેથી આવ્યો. ઑફિસેથી આવીને તરત બર્મૂડો પહેરવાની ટેવ. આશાને પૂછ્યું, ''બર્મૂડો પહેરું કે.....''

આશા કહે, '' આજે જે કરશો તે રોજ કરી શકશો.''

વિકાસે બહાર રમતાં બાળકોને બોલાવી આ અંગે

પૂછ્યું, ચડ્ડી પહેરી રમતા છોકરાઓ કહે, ''સાહેબ, તમારાથી ના પહેરાય. તમે તો મોટા છો.''

વિકાસ કહે, ''કેમ ન પહેરાય? હું ગોઠણ સુધીની લાંબી ચડ્ડી પહેરું તો ચાલે?''

બાળકો સમજી ગયા કે સાહેબને ચડ્ડી પહેરવી જ છે. તેથી તેમણે હા પાડી દીધી.

**૨. ગામડું એટલે મનપાંચમનો મેળો!**

બે મહિના પસાર થયા. સગવડ અગવડ વચ્ચે ગોથા ખાતા દંપતી કામ કર્યે જતા હતા.

આશા રાંધતી હોય અને બાથરૂમમાંથી મકાન માલિકણની ચીસ સંભળાય, '' બે..... ન, જલદી બારણું ખોલો....'' સાથે બારણાં પર જોર જોરથી હાથ મારવાનો અવાજ આવે.આશા દોડીને બાથરૂમનું બારણું ખોલે. પેલી સ્ત્રી જાણે મોત જોઈ ગઈ હોય તેવી થઈ ગઈ હોય!

પથરે બેસી ન્હાવાવાળી એ બાય આશામાંથી પ્રેરણા લઈ બાથરૂમમાં ન્હાતી થઈ હતી. પણ બારણું બંધ કરે તો મૂંઝારો થતો માટે ખુલ્લું રાખે. બાળકો છાના માના આવી બારણું બંધ કરી દે !

આશા આથી બિલકુલ ઊંધું અનુભવતી. બંધ બારણે ન્હાતી તોય કોઈ જોઈ તો નહીં જાય તેની ફડક તેને રોજ રહેતી.ઉનાળો હોવાથી ગામના બધા લોકો બહાર સૂતાં. સવારે પાંચ વાગે આખું ગામ જાગી જાય.વિકાસ ક્યારેક મોડી રાત્રે પરત આવ્યા હોય. તેને સૂવું હોય પણ સુવે કેવી રીતે? ગામડામાં પાંચ વાગ્યા પછી સૂવું એ અશક્ય ગણાય.ગામડામાં એકાંત જેવો શબ્દ અસ્થાને ગણાય. સંડાસ કે બાથરૂમમાં હો એટલો સમય જ એકલા હો. બાકી તમામ સમયે બાળકો કે લોકો વચ્ચે ઘેરાયેલા રહો. પહેરેલ કપડાંમાં જીવડું ચડ્યું હોય તો ખંખેરવા જેટલું પણ એકાંત ન મળે ! આ દંપતીને કોઈ મહત્ત્વની વાત કરવી હોય તો અંગ્રેજીમાં કરવી પડતી. આવા સમયે બાળકો અંદાજ મારતા કે આ બેય જણા શું વાત કરી રહ્યા છે.

આશાને એટલું સમજાયું કે ગામડું એટલે મનપાંચમનો મેળો.

(હવે આ દંપતી પોતાના સગવડ ભર્યા મકાનમાં રહે છે. બાળકોની આજે પણ આવન જાવન છે.)

**૩. તંબુ વાસ**

વર્ષા ઋતુનો પહેલો વરસાદ ચાલુ થયો. મકાન માલિકે પોતાની પાકી ઓરડી તો આ દંપતીને આપી દીધેલી. પોતે બે બાળકો અને પત્ની સાથે ઈંટો ગોઠવી ઉપર પતરા ઢાંકી રહેતા હતા. રાતનો સમય,જોરદાર વરસાદ ચાલુ થયો.પાણી મકાન માલિકની ઓરડીમાં પાછળથી અંદર ઘૂસ્યું અને આગળથી બહાર નીકળ્યું. તેમના બંને બાળકોને દંપતીએ પોતાની ઓરડીમાં સુવડાવ્યા, તેના મા બાપ તો વહેતા પાણીમાં ખાટલા રાખી સૂતાં.

સવારે આશાએ તેના પતિને કહ્યું, ''આમ સેવા ન કરાય. આપણે રહેવાની બીજી વ્યવસ્થા કરવી જોઈએ.''

બાજુમાં જ મકાન માલિકે સરકારી પડતર જમીન વાળેલી પડી હતી.તાત્કાલિક ત્યાં ૪૦ બાય ૨૨ ફૂટનો ઓટલો ચણાવ્યો. એ સમયના GCERTના નિયામક અને તાલીમ ભવનના પ્રાચાર્ય બંને ભલા અધિકારીઓ. તેમણે એક તંબુ અપાવ્યો. રહેવાનો તાત્કાલિક આધાર મળે તે જરૂરી હતું.

૧૯ બાય ૧૯ ફૂટના તંબુમાં આશા અને વિકાસે રહેવાનું શરૂ કર્યું. હવે ગ્રામજનોની આવનજાવન વધી. રાત્રે વિકાસ ન આવે ત્યાં સુધી લોકો તંબુના ઓટલે ખાટલા ઢાળીને બેસતા. કહો કે આડા પડતા.આખો દિવસ ખેતરમાં કાળી મજૂરી કરીને થાકેલ શરીર ધીમે ધીમે નીંદરમાં સરી જતા. બિચારી આશા વિવશ થઈ બેસી રહેતી. તે પણ થાકી હોય, ઊંઘ આવતી હોય. પણ...... અંતે વિકાસના બાઈકના અવાજથી જાગીને ગ્રામજનો ઊઠી ઊઠીને પોતપોતાના ઘરે જતા.

આ ભોળા ગ્રામજનોનો પ્રેમ જોઈ દંપતીની આંખ ભીની થઈ જતી.

( ઘરે મહેમાન હોય અને જો આ દંપતી રાતે ઘરે ન પહોંચ્યા હોય તો આજે પણ ગામમાંથી કોઈ પણ આવી ખબર અંતર પૂછી જાય છે.)

## ૦૪ સનાતનનો સાચો અર્થ પારખીએ

**મનસુખ સલ્લા**

અત્યારે 'સનાતન' અને 'સનાતની' શબ્દ એટલા વિવિધ સંદર્ભમાં વપરાય છે કે સૌ એનો પોતાને અનુકૂળ એવો અર્થ કરે છે. આ શબ્દ ધર્મ સાથે જોડાય છે ત્યારે અમે જ સાચા સનાતનધર્મી છીએ એવા આગ્રહો તેમાં ભળે છે. એટલે પછી બીજો છેડો પણ આવતો હોય છે કે બીજા પન્થોને ઉતરતા કે આધાર વગરના ગણાવવા માટે કાલ્પનિક કથાઓ પણ જન્મતી હોય છે. કરુણતા એ છે કે આ સઘળું ધર્મને નામે થાય છે.

પહેલા તો એ અંગે સ્પષ્ટ થવાની જરૂર છે આ ધર્મ અને સંપ્રદાય એક નથી. ધર્મ એ તત્ત્વરૂપે હોય છે. એને વ્યક્ત કરવા માટે આચારના વિવિધ માર્ગો(રીતો) પસંદ કરવામાં આવે છે. તેમાં કપડાં, તિલક, માળા, પૂજાનાં સાધનો, પૂજાની રીતો વગેરેનો સમાવેશ થતો હોય છે. પછી એના સ્થાનકો બંધાતા હોય છે. એ જાણીતું છે કે મનુષ્ય સિવાયનાં આ સૃષ્ટિ ઉપર હજારો જીવો છે. તેમને ધર્મતત્ત્વની જરૂર પડતી નથી. કારણકે આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર મૂળભૂત વૃત્તિઓ તેમનામાં કુદરતી પ્રેરણા મુજબ જાગતી હોય છે અને એ ભોગવી લીધા પછી શમી જાય છે. તેઓ કુદરતે આંકેલી સીમાનું ઉલ્લંઘન કરતા નથી હોતા. પરંતુ મનુષ્યને આ બાબતમાં પસંદગીનું સ્વાતંત્ર્ય મળેલું છે, વિચારવાની શક્તિ મળેલી છે. એથી મનુષ્ય મહાન બની શકે છે અને હીન પણ બની શકે છે. જેવાં વિચારો તેવું માણસનું જીવન બને છે અને જીવાય છે. મનુષ્યની પસંદગીઓ સાચી, વાજબી અને ઉચ્ચ પ્રકારની થાય એ માટેની પ્રેરણા ધર્મતત્ત્વો આપતાં હોય છે.

એ માટેના ત્રણ મુખ્ય આધારો છેઃ (૧) આત્મ નિરીક્ષણ (૨) અન્ય માટેની કરુણા (૩) સ્વશુદ્ધિ માટેની સંકલ્પશક્તિ.

મનુષ્યેત્તર અન્ય કોઈ જીવમાં આ ત્રણ તત્ત્વો નથી હોતા. એટલે સિંહ, હાથી, ગાય, મોર, કે માછલીમાં મહાત્મા પેદા નથી થયા. મનુષ્યજાતિમાં મહાન આત્માઓ જન્મ્યા છે. તેમને ઉચ્ચજીવન અને સાચું જીવન કેવું હોય તેના દ્રષ્ટાંતો પૂરાં પાડ્યાં છે. સાથે એ પણ સ્પષ્ટ રહેવું જોઈએ કે જે તે કાળે ધર્મતત્ત્વની ખોજ થઈ હોય ત્યારે તેમાં કેટલીક તત્કાલીન બાબતો/વસ્તુઓ/માન્યતાઓ ભળી જતી હોય છે. એટલે પછીના કાળમાં કાળબાહ્ય હોય, અપ્રસ્તુત હોય એવી બાબતોનું સંશોધન કરવાની તૈયારી હોવી જોઈએ. હિંદુ ધર્મની દર્શન પરંપરામાં અનેક મહાન તત્ત્વચિંતકોએ આવું કામ કરેલું છે. શ્રીકૃષ્ણ, ભગવાન બુદ્ધ અને આદ્ય શંકરાચાર્ય એના ઉન્નત શિખરો છે, એટલે અમારા ધર્મમાં કાનામાંતરનો ફેરફાર ન થઈ શકે એમ માનવું એ ધર્મતત્ત્વને ન સમજવા જેવું વલણ છે. દર્શનમાં, ધર્મતત્ત્વમાં પરિવર્તનથી મનુષ્ય વધુ ઉદાર, વધુ કરુણાળું, વધુ વ્યાપક દ્રષ્ટિવાળો થતો હોય તો એવું પરીવર્તન આવકાર્ય ગણવું જોઈએ.

ધર્મના આચારો કે વ્યવહારો જાળવવા માટે પાદરી, પૂજારી કે મૌલવી વગેરે હોય છે. તેઓ ધર્મના બાહ્ય સ્વરૂપને જાળવી રાખે છે. પરંતુ એથી તેમના વેણને છેલ્લું વેણ ન ગણવું જોઈએ. અંતિમ તત્ત્વ તો ધર્મતત્ત્વને જ ગણવું જોઈએ એટલે સમજાશે કે ત્યાગ, સમજણ, કરુણા અને ઉદારતાને ઉત્તેજન અપાતું હોય તેટલું જ સ્વીકાર્ય ગણવું જોઈએ. પરંતુ ધન, વૈભવ, અહંકાર કે વૈમનસ્યનો પુરસ્કાર થતો હોય એવી બાબતોથી સાવધ રહેવું જોઈએ.

આ ભૂમિકા સાથે ધર્મના શાશ્વત અને અનંત તત્ત્વનો જ સ્વીકાર કરવો જોઈએ. એવા તત્ત્વને સનાતન તત્ત્વો ગણવા જોઈએ. આવા તત્ત્વનું સ્વરૂપ આવું હોઈ શકેઃ

૧) ધર્મ કદી પણ હિંસાને પ્રોત્સાહન ન આપે. એ ધર્મનો વિકૃત ભાગ છે. એ ખોટું અર્થઘટન છે. ધર્મ અને બળજબરી વિરોધી બાબતો છે. એક કાળે સંભવ છે કે એનો મહિમા થયો હોય, અમુક દેશમાં એ ઓળખ પણ બની હોય. પરંતુ, એકવીસમી સદીમાં શસ્ત્રથી નહિ, કરુણાથી ધર્મ જીવશે.

(૨) ધર્મની સાવ સાદી અને યુગો સુધી ટકે એવી પરિભાષા વિનોબાએ આપી છેઃ ''જોડે તે ધર્મ તોડે તે અધર્મ.'' ધર્મનું સનાતન તત્ત્વ હૃદયોને જોડવાનું છે. વિભાજન,દ્વેષ, ટુકડા એ ધર્મ વિરોધી તત્ત્વો છે. એનાથી કાળજીપૂર્વક સાવચેત રહેવું જોઈએ.

(૩) ધર્મનું ચિરંતન તત્ત્વ છે પ્રાણી માત્ર માટેનાં પ્રેમ અને કરુણા. હિંદુ ધર્મે ઉપનિષદ કાળથી ઈસાવાસ્યમ ઈદમ સર્વમ્નો મંત્ર સ્વીકાર્યો છે. જો આખું જગત ઈશથી જ ભરેલું છે, બનેલું છે. બધાંમાં ઈસતત્ત્વ જ છે તો જગતના તમામ જીવો પ્રત્યે આપણી દષ્ટિ, વ્યાપકતા અને સૌહાર્દથી ભરેલી હોવી જોઈએ. ઉપનિષદોએ આ અંગે અદ્ભુત માર્ગદર્શન આપેલું છે. અગાઉના કોઈ યુગમાં નહોતી એટલી પર્યાવરણ અંગેની આપણી સમજ આજે વ્યાપક બની છે. ભારતીય ધર્મતત્ત્વોએ કેવળ મનુષ્ય કે જીવોની જ નહીં, પંચમહાભૂતોની પણ કાળજીપર ભાર મૂકયો છે.

(૪) ધર્મનો આવો ઉદાર, સમજપૂર્વકનો અને વ્યાપક વિચાર માનવજીવનના આધાર રૂપે હોય તો દુનિયાના કોઈ પણ સંપ્રદાયો એમ ન કહી શકે કે અમે જ શ્રેષ્ઠ છીએ અને બાકીના ઉતરતા છે. એવું કહેનાર સંપ્રદાય ધર્મતત્ત્વને ભૂલીને વાત કરે છે એમ ગણાય. ભારતના મહાન સંત અને સાધક રામકૃષ્ણ પરમહંસે તમામ ધર્મની ઉપાસના કરી હતી, એનો સાક્ષાત્કાર કર્યો હતો. પોતે એની અનુભૂતિ અને એકરૂપતા પામ્યા હતા. તેમણે તમામ ધર્મોની ઉપાસના પછી તારવ્યું હતું કે, ધર્મના મૂળતત્ત્વો બધાં ધર્મોમાં સમાન છે. ધર્મની ઉપર જે કોઈ પડો ચડયાં હોય તે બિનમહત્ત્વનાં છે. એ ધર્મતત્ત્વોનો અનિવાર્ય ભાગ નથી.

(૫) સનાતન ધર્મ હોવાની ખરી પરખ એ છે કે એમાં શ્રદ્ધા ધરાવનાર માણસ વધુ ઉદાર બને છે, વધુ પ્રેમાળ બને છે. કોઈનાય દુઃખ પ્રત્યે કરુણાળુ બને છે. સાચો ધાર્મિક મનુષ્ય પોતાની મર્યાદાઓ છોડવા માટે આતુર હોય છે. મૂળભૂત કે સનાતન ધર્મની ખરી ઓળખ આ છે.

(૬) મહાપુરુષો એક કૂદકે શિખરે પહોંચી શકયા હોય છે. એટલે સ્થૂળ, લૌકિક કે આચારધર્મથી ઉપર ઊઠેલા હોય છે. બાકીના મનુષ્યો ડગલેડગલે પંથ કાપે છે. આરોહણ કરે છે. એ માટે સ્વશુદ્ધિ આવશ્યક હોય છે. માટે ઉચ્ચજીવનમાં સંકલ્પો જરૂરી બને છે. ઉપરાંત માણસ અવિદ્યાથી ઘેરાયેલો હોય છે. અવિદ્યા માણસને સ્થૂળતા તરફ, ભૌતિકતા તરફ, અહંકાર અને સ્વાર્થ તરફ ખેંચે છે. તેમાંથી ઉપર ઉઠવા માટે સત્સંકલ્પની જરૂર પડે છે. સનાતન ધર્મ એ છે જે માણસને સત્સંકલ્પો તરફ જવાની પ્રેરણા આપે છે.

(૭) માણસના આંતરિક પરિવર્તનનું પ્રબળ માધ્યમ આત્મનિરીક્ષણ અને આત્મપૃથક્કરણને બદલે અમે કહીએ છીએ એ માનીને ચાલો, સવાલ ન કરો, પરંપરાથી આમ જ ગોઠવાયેલું છે,એવું કહે છે તેઓ ધર્મનું સાચું સ્વરૂપ પ્રગટ નથી કરતા. એ સાંપ્રદાયિક સ્વરૂપ છે. એ મનુષ્યને અને માનવજાતને ઊંચે ચડાવવાને બદલે આંખ મીંચીને ચાલવાનું શીખવે છે. જગતભરનો ઈતિહાસ આવા ધાર્મિક કલહોથી ભરેલો છે. એથી આપણે આત્માને બદલે ખોળિયાને વળગીએ છીએ.

(૮) ધર્મતત્ત્વને પામવા માટે, આત્મશુદ્ધિ માટે ઉપાસના કઈ રીતે કરવી જોઈએ એનો ઉત્તમ નકશો ભગવાન બુદ્ધે આપેલો છે. તેમણે ત્રણ પગથિયાં બતાવ્યાં છે :

(૧) બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ (૨) સંઘમ્ શરણમ્ ગચ્છામિ (૩) ધમ્મમ્ શરણમ્ ગચ્છામિ

ધર્મતત્ત્વને પામવાનો પ્રારંભ શ્રદ્ધેય વ્યકિતથી થાય છે. આપણે તેનું માર્ગદર્શન લઈએ છીએ. પરંતુ વ્યકિત કે મહાપુરુષ ગમે તેટલા મહાન હોય તો પણ તેમની મર્યાદા

હોય છે. એટલે વ્યક્તિ પાસે આપણે અટકી નહિ જવું જોઈએ. એનાથી આગળનો મુકામ સંઘનો છે. આખો સમૂહ સાધના કરતો હોય ત્યારે પરસ્પરનું બળ મળે છે. અને સમૂહમાં ધર્મતત્ત્વની કસોટી વધુ થાય છે. જો આખા સમૂહને (સંઘને) એ ધર્મતત્ત્વો સહાયક થાય તો કામના ગણાય. પરંતુ ધર્મના સામુહિક સ્વરૂપમાં પણ મર્યાદાઓ પ્રવેશે છે એ જગતભરનો અનુભવ છે. એટલે સંઘ પાસે પણ અટકવાનું નથી. સંઘરૂપે, સામુહિક સ્વરૂપે એ ગમે તેટલું ઉત્તમ હોય તો પણ સાચો સાધક એનાથી આગળ નીકળે છે. એટલે અંતિમ તબક્કો છે : 'ધર્મને શરણે જવું.' ધર્મતત્ત્વમાં જ્ઞાતિ-જાતિ, સ્ત્રી-પુરુષ, ભણેલ - અભણ, ગરીબ- તવંગરના ભેદ હોતા નથી, રહેતા નથી. જયાં કોઈ વાડા ન હોય, જયાં કશુંય બાંધનારું ન હોય, જયાં કશુંય અટકાવનારું ન હોય, જયાં કશુંય સંકુચિત બનાવનારું ન હોય એ ધર્મતત્ત્વ છે. એ તત્ત્વ શાશ્વત છે, સનાતન છે, અમૃત છે.

આ સમાજ સ્થિર થાય તો સ્થૂળતા અને દ્વેષ તરફ લઈ જનાર ધર્મપંથને આપણે સનાતન નહિ કહીએ, એ સ્વરૂપે નહિ સ્વીકારીએ. સનાતન તો આત્મતત્ત્વ જ હોય. એ સર્વ માટે કલ્યાણકારી હોય છે. તેના સ્વીકારમાં કોઈનોય બાધ નથી હોતો. કોઈનેય તેમાં અસ્પૃશ્ય ગણવામાં નથી આવતા. કોઈ તેમાં ચડતા- ઉતરતા નથી હોતા. આવાં સનાતન તત્ત્વો જ ઉપાસના યોગ્ય છે. એટલે જે લોકો સનાતન ધર્મને નામે વૈભવ વધારે છે. હંસાતૂંસી ફેલાવે છે તેઓ ધર્મપોષક તો નથી જ. ધર્મતત્ત્વ આપણી નિર્બળતા વધારે, ઉદાર બનાવે, વિગ્રહને બદલે સંવાદિતા સ્થાપે છે.

સનાતન ધર્મ એમ કહીએ છીએ ત્યારે જે કાયમ ટકે એવાં તત્ત્વો છે, જે સૌને માટે કલ્યાણકારક છે, જે સૌને માટે પ્રેરણાદાયી છે એવા ધર્મની ઉપાસના કરવાની છે. તમામ ધર્મોનાં ઉત્તમ તત્ત્વોને પોતાના ગણવાનું શીખવે એવા ધર્મની ઉપાસના કરવાની છે. આ વિવેક કેવળ ભારતવર્ષ માટે જ નહિ, જગતભરના લોકો માટે જરૂરી છે.

શિક્ષક માત્ર પાઠયપુસ્તકમાં જ ઘૂસી રહે તે ન ચાલે. એણે પુસ્તક જ નહીં મસ્તક પણ ભણાવવું જોઈએ. છેવાડાના માણસને સમજે, એને શિક્ષણ આપે અને એનું નિરીક્ષણ કરે તથા સાથે સાથે તેનું રક્ષણ કરે, એવા શિક્ષણની અને શિક્ષણકારોની જરૂર છે. માતા જે રીતે પોતાના બાળકનું ગર્ભમાં જતન કરે છે, તે રીતે શિક્ષકે બાળકનું વર્ગમાં જતન કરવાનું છે. સાચો શિક્ષક એ જ કે જેની આંખોમાં, જેની વાણીમાં અને જેના ચહેરા પર સ્મિતનો નિત્ય છંટકાવ થયેલો હોય.

જેમ રડતા બાળકને જોઈ મા દોડતી એની પાસે પહોંચી જાય એમ શિક્ષણ વિના તરફડતા વિદ્યાર્થીને જોઈ શિક્ષક એની પાસે દોડી જવો જોઈએ. શિક્ષક તો સ્નેહનું ઝાડ છે. શિક્ષક મમતા વગરનો ન હોવો જોઈએ. શિક્ષકે તો નવ મહિના જ ભણાવવાનું છે. એ નવ મહિના આખો વર્ગ સગર્ભા છે. એમાં ભ્રૂણહત્યા ન થવી જોઈએ. એમાં એકેય બાળક અપરિપકવ ન રહેવું જોઈએ.

ઉપનિષદના ઋષિઓએ આવી રીતે જ બાળકોને ભણાવ્યાં છે. શિક્ષક હંમેશાં હસતો હોવો જોઈએ. ગુરુ કે ધર્મગુરુ ઉદાસ બની જાય એ કોઈ કાળે યોગ્ય નથી.

(મોરારિબાપુ)

---

સત્ય કયારેય અપહરણ નથી કરતું, સમર્પણ જ કરે છે.

સત્ય આશ્રિતને કયારેય અનાશ્રિત નથી કરી શકતું. સત્ય બૌદ્ધિક ન હોવું જોઈએ, હાર્દિક હોવું જોઈએ. સત્ય સાધકનું રસપૂર્ણ આંતરિક નૃત્ય છે. સત્ય નિયમ નથી, સત્ય વ્રત છે. નિયમ ઉપરથી લાદી શકાય છે. વ્રત ભીતરથી પ્રગટ થાય છે. સત્ય સિદ્ધાંત નથી, સત્ય તત્ત્વ નથી, સત્ય રસ છે. સત્યનો અર્થ શબ્દકોશમાંથી નથી મળતો, જીવનકોશમાંથી મળે છે.

(મોરારિબાપુ)

## ૦૫ સત્ય, પ્રેમ, કરુણાના વાહક : મોરારિબાપુ

**ડો. દિનુ ચુડાસમા**

(માનસ સત્ય, પ્રેમ, કરુણા કથાક્રમ )

૧. 'માનસ પ્રેમસૂત્ર' કથા રમણરેતમાં તા.૨૧/૦૩/૨૦૧૨થી ૨૯/૦૩/૨૦૧૨

૨. 'માનસ સત્ય,પ્રેમ,કરુણા' લેસ્ટર (યુ.કે.) માં તા.૧૫/૦૭/૨૦૦૯થી ૨૩/૦૭/૨૦૦૯

૩.'માનસ-કરુણા '- તા.૦૫/૦૮/૨૦૧૧થી ૧૩/૦૮/૨૦૧૧ હિરોસીમાં (જપાન)

૪. 'માનસ-પ્રેમ' નાથદ્વારા ૧૫/૦૮/૨૦૧૨થી ૨૩/૦૮/૨૦૧૨

૫. 'માનસ-સત્ય' ધર્મશાલા (હિમાચલ) ૨૨/૦૯/૨૦૧૨થી ૩૦/૦૯/૨૦૧૨

સૌરાષ્ટ્રમાં મહુવાનું એક નાનું ગામ તલગાજરડા. મોરારિબાપુ લાડમાં એને તલગાજરડું કહે છે તે દુનિયાભરમાં સત્ય,પ્રેમ,કરુણાને લીધે કીર્તિવંત છે. તલગાજરડી ત્રિભુવનદાદાના શ્રીમુખેથી 'રામચરિત માનસ'ને આત્મસાત કરનારા બાપુ ગત ૬૫ વરસથી વ્યાસપીઠ પરથી શ્લોકને લોક સુધી લઈ જવાની સાધનામાં લયબદ્ધ રહ્યા છે. જેમ ગાંધીજીનો પોશાક સાવ સાદો છતાં ભવ્ય લાગતો તેમ મોરારિબાપુનો પહેરવેશ સંપૂર્ણ સફેદ ખાદીનો,કાળી કામળી અને ગળામાં રુદ્રાક્ષની માળા,પગમાં લાકડાની પાદુકા,આંખે ચશ્મા, ઘડિયાળ રાખે આપણે જોવા મળે નહીં પણ સમયને અતિ આદર આપે.કાર્યક્રમમાં કે કથામંડપમાં સમયના રખેવાળ. બાપુના દર્શન થતાં ચહેરા પર સહજ નૂર કળાય.આંખમાં કરુણા છલકાય, બોલે ત્યારે સત્યનો રણકો સંભળાય અને વ્યવહારમાં પ્રેમપર્જન્યની અનુભૂતિ થાય.સત્ય,પ્રેમ,કરુણાને પ્રત્યેક શ્વાસમાં લેતા મોરારિબાપુએ વ્યાસપીઠ પરથી 'માનસ સત્ય', 'માનસ પ્રેમ','માનસ કરુણા'ની ત્રિવેણી ઉજાગર કરતા ગાયું છે :

**"મારી વ્યાસપીઠનું સ્વર્ગ પ્રેમ છે. મારી વ્યાસપીઠનું સ્વર્ગ કરુણા છે. વ્યાસપીઠનું સ્વર્ગ સત્ય છે. પ્રેમથી ત્યાગ આવે જ છે, સત્યથી નિર્ભયતા આવે જ છે અને કરુણાથી અહિંસા પ્રગટ થાય છે. પ્રાણ અને દેહ ગયા પછી જે શાશ્વત મૂલ્યો છે એ સત્ય છે, પ્રેમ છે અને કરુણા છે. સત્ય જયારે જુવાન બને ત્યારે એનુંનામ પ્રેમ છે અને પ્રેમ જયારે પ્રૌઢ બને ત્યારે એનું નામ કરુણા છે. સત્યનું સરનામું આકાશ છે. પ્રેમનું સરનામું ધરતી છે અને કરુણાનું સરનામું મહાસાગર છે. કૃષ્ણ પ્રેમમૂર્તિ છે. રામ સત્યમૂર્તિ છે. શંકર કરુણામૂર્તિ છે. પ્રેમ, સત્ય અને કરુણાના ત્રણ સ્તંભ પર આખું જગત ઊભું છે."**

ગાંધીજીએ સત્યને સેવી કહેલું 'સત્ય એજ ઈશ્વર'. ઈસુએ પ્રેમને જીવી કહેલું; 'પ્રેમ જ પરમાત્મા' અને ભગવાન બુદ્ધ,મહાવીર જેવા તીર્થોએ જગતમાં કરુણાના તેજને પ્રગટાવી, પ્રસાર કર્યું છે. આજે જગતમાં એવા બૌદ્ધોની જરૂર છે જે યુદ્ધને બદલે પ્રેમ જાહેર કરે, સંઘર્ષને સ્થાને સત્ય પ્રગટાવે અને કંકાસને બદલે કરુણા કાનમાં રેડે. વિશાળ ઘરોમાં નહીં વિશાળ હૃદયોવાળા દિલાવર માણસો રહે, જે બોલે તે સત્ય બોલે, પ્રેમથી જીવે. આજના સમય પ્રમાણે જગતના મનુષ્યો સમક્ષ સત્ય-પ્રેમ-કરુણાને અતિ સરળ રીતે, પોતાના ફલાવર્સને પચે એમ સમજાવતા મધુરવાણીમાં બાપુ કહે છે :

**"પ્રેમનું સ્થાન હૃદય છે, સત્યનું સ્થાન બહુધા જુબાન છે. પરંતુ કરુણાનું સ્થાન વ્યકિતની આંખ છે. સત્ય એકવચન છે. પ્રેમ દ્વી વચન છે અને કરુણા બહુવચન છે. સત્ય પોતાનામાં રાખો, પ્રેમ બીજાને કરો અને કરુણા બધા પ્રત્યે રાખો. સત્ય મારા માટે, પ્રેમ તમારા માટે અને કરુણા બધા માટે. સત્ય જેટલું સચવાય એટલું. પ્રેમ હંમેશા બીજા માટે. પ્રેમ કેવળ પોતા માટે હોય તો કદાચ એનું સ્વરૂપ**

બદલાઈ શકે છે. સૌને પોતાનું વ્યકિતત્વ હોય છે, જેવા હોય એવા એને પ્રેમ કરો. આપણા બધાના જીવનનું ફળ પ્રેમ હોવું જોઈએ. સત્ય કદાચ આપણે ચૂકી જઈએ, કરુણા છૂટી જાય, પરંતુ પ્રેમ જળવાય રહે એ જીવનનું ફળ છે. આંખનું આંસુ જોઈ શકે એ સત્ય, લૂછે છે એ પ્રેમ અને ફરી કયારેય આંખમાં આંસુ આવવા ન દે એવી દુવા કરે એ કરુણા છે. સત્ય સુખ આપે, પ્રેમ સુખ અને દુઃખ બંને આપે અને કરુણા કેવળ સુખ જ આપે.''

સત્યના યાત્રીએ પોતાના સત્યને માટે પ્રાણ આપી દીધાં હોય એવો માનવઈતિહાસ છે. ગ્રીકમાં સોક્રટિસ એવો સત્યવીર હતો. બીજો આપણા દેશમાં વીર ગાંધી થઈ ગયા, જેમણે 'સત્ય', અહિંસાને સેવી, પોતાના કર્મોથી દીપાવી શાશ્વત થઈ ગયાં. મોરારિબાપુ સત્યબળને આત્માની ઊર્જા ગણાવી એ રસ્તે જીવવાનું કહી જીવનનો મર્મ પામવાનું કહે છે. સત્ય-પ્રેમ-કરુણા ઊર્જામય માણસનું સર્જન હોવાથી સહજ છે. આ ત્રણે એકરૂપ પણ છે બાપુ કહે છેઃ

**''જીવનો મર્મ સત્ય છે. જીવનનો મર્મ પ્રેમ છે. જગતનો સાર કરુણા છે. જે સત્યનિષ્ઠ છે એ પ્રેમનિષ્ઠ હશે જ અને જે પ્રેમનિષ્ઠ છે એ કરુણાનિષ્ઠ હશે જ. સત્ય સહજ હોવું જોઈએ. પ્રેમ સહજ હોવો જોઈએ. કરુણા સહજ હોવી જોઈએ. સત્ય, પ્રેમ, કરુણાનો સંદેશો આપવો હોય તો બધાંએ એક થવું પડશે. સત્ય માણસને અભય આપે, પ્રેમ માણસ પાસે સમર્પણ કરાવે અને કરુણા માણસને અહિંસક રાખે.''**

સત્યનું પરિણામ અભય, પ્રેમ એટલે સમર્પણ અને કરુણાવાન અહિંસક હોય આવી અખિલાઈભરી સમજણ વ્યાસપીઠનું પ્રદાન ગણાય. જગતમાં આજે અસત્યનો જથ્થો વધતો, ધૃણાનો અગ્નિ- જવાળા ફેલાવી, હિંસાનો અતિરેક થતો દેખાય એવા કપરા સમયે સત્ય, પ્રેમ, કરુણાની સરિતા વહેતી બે કાંઠે વહે તો સૃષ્ટિમાં માનવજીવન અમૃતમય થઈ શકે કે નહીં? બાપુ રૂપક દ્વારા સત્ય, પ્રેમ,કરુણા કેટલી અનમોલ છે તે દર્શાવે કેઃ

**''સત્ય હિમાલય છે. પ્રેમ એમાંથી વહેતી ગંગા છે અને કરુણા સાગર છે. મારા માટે તુલસીનું 'રામચરિત માનસ' એ સત્ય, પ્રેમ ને કરુણાની ત્રિવેણી છે. 'માનસ' સ્વયં કરુણા છે, સ્વયં સત્ય છે, સ્વયં પ્રેમ છે. રામની યાત્રા સત્યપંથની છે. ભરતની યાત્રા પ્રેમપંથની છે અને જનકની યાત્રા કરુણાપંથની છે. જેમાં સત્ય, પ્રેમ અને કરુણાના પાઠ શીખવાતા હોય એવી કોઈ પણ કથા રામકથા છે. સત્ય, પ્રેમ અને કરુણા ત્રણે પરસ્પર જોડાયેલ છે.''**

વ્યાસપીઠ પરથી કથાપળે ભારતીયસંસ્કૃતિ અને સંસ્કારની મહેંક પ્રસરતી રહે છે, પરિવારમાં સદ્‌સંસ્કરોનું સંચય થાય, માણસાઈ કોળાય, સેવા આચરણમાં આવતી રહે, પ્રેમસુગંધ પ્રસરે એ માટે બાપુ વાસ્તવિકતાની અભિવ્યકિત કરતા કહે છે :

**''આપણે ગાયની પૂજા કરીએ છીએ પણ ગાયને પ્રેમ નથી કરતા ! ગાયના શિંગમાં સત્ય છે, ગાયની આંખમાં કરુણા છે અને ગાયનાં આંચળમાં પ્રેમ છે. સત્યથી જીવો, પ્રેમથી જુઓ અને કરુણા રેલાવીને જાઓ. આંસુ આવ્યા વિના પૂર્ણતા આવતી નથી. જેમાં સત્ય, પ્રેમ અને કરુણાના પાઠ શીખવાતા હોય એવી કોઈ પણ કથા રામકથા છે.''**

સત્ય,પ્રેમ,કરુણાને જીવનની ધરી સમજતા મોરારિબાપુ દ્વારા જે યજ્ઞકાર્યો થતાં રહે તેમાં જીવનનું આ ત્રિ-સત્ય એકરૂપ છે. જયાં પણ આરોગ્યનો સેવાયજ્ઞ હોય, નિશુલ્ક તબીબી સારવાર ઉપલબ્ધ કરાવાતી હોય ત્યાં વ્યાસપીઠ હાજર થઈ જાય, એવી તો અનેક હોસ્પિટલો ઊભી થઈ જેમાં મોરારિબાપુના ફલાવર્સ નામ ન દેવાની શરતે આર્થિક યોગદાન આપતા રહે છે. ઘણીવખત સ્વયં બાપુ રામકથા આપી આરોગ્યમંદિર માટે આર્થિક ભંડોળ ભેગું કરી આપી આહુતિ આપે છે.તલગાજરડી અલખના ઓટલેથી સાદ સંભળાતો રહે તે આવો હોય છેઃ

**''તમે કોઈને સત્ય આપશો તો તમારું સત્ય ઓછું નહીં થાય, તમને સત્ય મળી જશે. તમે પ્રેમ**

**આપશો તો પ્રેમ મળશે. કરુણા આપવાથી ઓછી નહીં થાય. તમારી પાસે પ્રેમ છે, તો એ ખૂબ વહેંચો, મને કહેવા દો, કરુણા વિના પ્રેમ વિધુર છે. પ્રેમની છાયા કરુણા હોવી જોઈએ. સત્યથી જીવો, પ્રેમથી જુઓ અને કરુણા રેલાવીને જાઓ. સત્ય વ્યકિતગત હોય, પ્રેમ પરસ્પર હોવો જોઈએ, કરુણા વ્યાપક હોવી જોઈએ. સત્યનો વિસ્તાર પરમારથ છે. પ્રેમનો વિસ્તાર પરમારથ છે અને પરમારથ કરુણાનો વિસ્તાર છે. સત્ય, પ્રેમ અને કરુણા એ જ ગુરુ છે. પરમ સત્ય, પરમ પ્રેમ, પરમ કરુણા તમને જે રાસ આવે એને ગુરુ માનજો. એ જ ગુરુનો મહિમા છે.''**

મોરારિબાપુ કલા, સાહિત્ય, શિક્ષણ તરફ જે અનુરાગ રાખે તે અનોખો જોવા મળે છે. કોઈ પણ કલાનો કલાકાર તલગાજરડાના હિંચકે બેસતા બાપુ સમક્ષ બેસી કલાને ઉજાગર કરી શકે,કોઈ પણ કવિ કવિતા સંભળાવી શકે, ગીત, ગઝલ, લોકગીત, દુહા આલાપી શકતો તળપદના કલાકારને બાપુ સરળતાથી સાંભળે, બાપુ ઉત્તમ શ્રોતા છે એવું તો સ્વયં બાપુ કહે છે. તલગાજરડી મંચ જાણે કે લોકકલાનું, લોકકલાકરોનું પિયર છે. ઉત્તમ શિક્ષકોને માટે ચિત્રકૂટ એવોર્ડ એક જીવંત શિક્ષક હોવાને નાતે બાપુનો શિક્ષક તરફના પ્રેમનું પ્રગટીકરણ છે. બાપુના જીવનની અસ્મિતામય કર્મશીલતામાં સત્ય-પ્રેમ-કરુણા રેલાતી રહે છે. મોરારિબાપુ જયારે વ્યાસપીઠ પર વિશ્રાંતીમય હોય ત્યારે આ ત્રિ-ભાવને નાનાવિધ રીતે અર્થઘટન કરી તલગાજરડી શૈલીમાં સમજાવે છે કેઃ

**''રામદર્શનનો મતલબ છે સત્યદર્શન, પ્રેમદર્શન, કરુણાદર્શન. રસના ત્રણ કેન્દ્રો છે : સત્ય, પ્રેમ અને કરુણા. કરુણાનું અંજન આંજી લો, થઈ ગયું ભજન. ભજન સત્ય છે, એકતારો પ્રેમ છે અને ભજનિક એ પરમાત્માની કરુણા છે. ભકિત જો સત્ય-પ્રેમ-કરુણામાં સ્થિત હોય તો નિંદકની લંકા બળી જાય છે. ભકતને કંઈ નથી થતું. જીવનમાં શિવનાં ત્રિનેત્રને મેં મારી જવાબદારી સાથે સત્ય, પ્રેમ, કરુણા કહ્યાં છે. વિશ્વાસરૂપી શિવની જમણી આંખ છે સત્ય, ડાબી આંખ છે કરુણા અને મધ્યની આંખ છે પ્રેમ. એ આધ્યાત્મિક શિવરૂપના ત્રિનેત્ર છે. જયાં સત્ય હોય, જયાં શિવ હોય અને જયાં સુંદર હોય ત્યાં હુશેન હોય જ.''**

આ તલગાજરડી સમજણ બાપુના શ્રીમુખેથી વહે ત્યારે હૃદયમાં નિવાસ કરે છે. જાણે કે કોઈ આપણી સાથે વિહાર કરી વાત કરતા હોય એવી સહજાનુભૂતિ ફલાવર્સને થતી રહે છે. માનવધર્મને આત્મસાત્ કરનારા મોરારિબાપુને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતોઃ

'બાપુ, આપના માટે ધર્મ એટલે?'

તલગાજરડી બાપુએ જવાબમાં કહ્યુંઃ

''મારા માટે જેટલી માત્રામાં સત્યમાં જીવી શકાય એ ધર્મ; જેટલી માત્રામાં કોઈ પ્રત્યે દ્વેષ કર્યા વિના મહોબ્બત કરી શકાય, પ્રેમ કરી શકાય એ ધર્મ અને જેટલી માત્રામાં કરુણા વહાવી શકાય એ ધર્મ. કયો ધર્મ સાચો તેની લાયમાં પડવા જેવું નથી, માણસને સુખી કરે તે ધર્મ મોટો. ધર્મ એટલે સત્ય; ધર્મ એટલે પ્રેમ; ધર્મ એટલે કરુણા. એ મગજમાં રહેવું જોઈએ. જે લોકો ધર્મ વિશે સાચું કંઈ જાણતા નથી અને જે લોકો ધર્મની ચર્ચા કરે છે એ એકવીસમી સદીનું અપશુકન છે! સત્ય, પ્રેમ અને કરુણા એ ધર્મનાં સારસૂત્ર છે. હરિ ઓળખી શકાય છે ધર્મથી અને એ ધર્મનું નામ છે સત્ય, પ્રેમ, કરુણા. મારો ધર્મ છે સત્ય, પ્રેમ, કરુણા. દુનિયાનો કોઈ ધર્મ એની ના નહીં પાડી શકે. માટે ધર્મને વિવેકપૂર્વક જાળવવો અને કર્મને કરુણાપૂર્વક કરવું.''

પૂજય બાપુના જીવનનો ધર્મ પરમવિવેક છે અને પ્રત્યેક કર્મમાં કરુણા ઓગળતી રહેતી અનુભવાય, બાપુની આસપાસ રહેતા કે એમના દર્શનનું ભાવન કરતા સંવેદનશીલ ભાવકની ભીતર સત્ય, પ્રેમ અને કરુણાની સરવાણી પ્રગટ થતી રહે છે. અંતમાં એક તલગાજરડી સૂત્રઃ ''પ્રાણ અને દેહ ગયા પછી જે શાશ્વત મૂલ્યો છે એ સત્ય છે, પ્રેમ છે, કરુણા છે. એકવીસમી સદીનું રામરાજય સત્ય, પ્રેમ, કરુણાના ત્રિકોણ પર રચવું જોઈએ.''

(મો. ૯૯૭૯૧ ૮૭૫૮૭)

## ૦૬ શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો વિવેકપૂર્ણ અને મહત્તમ ઉપયોગ

**ડૉ. વૈશાલી શાહ**

---

ભારતીયસંસ્કૃતિની જાળવણીમાં સૌથી મોટો ફાળો શિક્ષણનો છે. ઋષિઓ અને સંતોની ભૂમિ એવા ભારતમાં એક સમયે ગુરૂકૂળો હતા જ્યાં બાળકનો સર્વાંગી વિકાસ થતો. અભ્યાસથી લઈને અન્ય દરેક કળામાં પારંગત બનવાની તાલીમ ગુરૂકુળમાં અપાતી. સમયની સાથે શિક્ષણમાં પણ બદલાવ આવ્યો. આધુનિક ટેકનોલોજી અને ડિજિટલ યુગનો વ્યાપ વધતા શિક્ષણમાં ધરમૂળ પરિવર્તનો થયા અને આવા પરિવર્તનને લઈને આખી શિક્ષણપ્રથા, માળખું અને માધ્યમો બધું જ બદલાયું. આજે આખો દેશ ટેક્નોલોજી પર આધારિત છે. જે દેશ ટેકનોલોજી ક્ષેત્રે આગળ હોય એ દેશ વિકાસશીલ ગણાય છે. આજની શાળાઓમાં પણ ટેકનોલોજી દ્વારા આધુનિકરણ કરી બાળકોને વિદેશી શિક્ષણની હરોળનું શિક્ષણ આપવાની જાણે કે હોડ લાગી છે. માતાપિતા ઉંચી ફી ભરીને પોતાના બાળકને અદ્યતન સગવડોથી સજ્જ એવી હાઈટેક સ્કૂલમાં ભણાવવા માટે સતત ચિંતિત હોય છે. શાળાની ફી જેટલી ઉંચી એટલી સગવડો વધારે અને એટલી જ એ હાઈટેક. કેટલીકવાર આવી શાળાઓમાં અભ્યાસ કરતા બાળક માટે દયાભાવ જન્મે કે જે બાળકનું બાળપણ માટી સાથે વિતવું જોઈએ એને આ આધુનિક શાળાઓ 'ડસ્ટ-ફ્રી કલાસરૂમ' ના નામે સંસ્કૃતિથી અલગ કરી રહ્યા છે. આજના સમયમાં શિક્ષણનું સ્તર વૈશ્વિક બન્યું હોવાથી આપણાં બાળકો પર અભ્યાસ અને ટેકનોલોજીનું ભારણ વધ્યું છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ, ૨૦૨૦ હેઠળ આવરી લેવામાં આવેલ શિક્ષણના મહત્ત્વપૂર્ણ પાસાઓ જેમ કે, બહુભાષીય અને ભાવિ શિક્ષણ, ગુણવત્તા સંશોધન, અને શિક્ષણની સારી પહોંચ માટે તકનીકીનો સમાન ઉપયોગ છે. ભારત માહિતી અને સંચાર તકનિકીમાં અને અવકાશવિજ્ઞાન જેવાં અન્ય આધુનિક ક્ષેત્રોમાં વૈશ્વિક અગ્રણી છે. ડિજિટલ ઈન્ડિયા અભિયાન સમગ્ર દેશને ડિજિટલ રીતે સક્ષમ સમાજ અને જ્ઞાન અર્થતંત્રમાં પરિવર્તિત થવામાં મદદરૂપ થઈ રહ્યું છે. આ પરિવર્તનમાં શિક્ષણ મહત્ત્વની ભૂમિકા ભજવશે. આમ, તમામ સ્તરે તકનિકી અને શિક્ષણ વચ્ચેનો સંબંધ અરસપરસ છે.

આ નીતિનો હેતુ એ છે કે ટેક્નોલૉજી શિક્ષણના વિવિધ સ્તરે યોગ્ય રીતે એકીકૃત થાય.

૧) શિક્ષણ, શિક્ષણ અને મૂલ્યાંકન પ્રક્રિયાઓમાં સુધારો કરવો.

૨) શિક્ષકોની તૈયારી અને તેમના સતત વ્યવસાયિક વિકાસને ટેકો આપવો.

૩) ગેરલાભિત જૂથોના શૈક્ષણિક પ્રવેશ વધારવા

૪) શિક્ષણ આયોજન, વહીવટ અને સંચાલનને સુવ્યવસ્થિત કરવું.

શિક્ષણ, મૂલ્યાંકન, આયોજન, વહીવટમાં વધારો કરવા માટે તકનિકના ઉપયોગ અંગેના વિચારોના મુક્ત આદાનપ્રદાન માટેનું મંચ પૂરું પાડવા રાષ્ટ્રીય શિક્ષણ ટેકનિકલ મંચના નામથી એક સ્વાયત સંસ્થાનું સર્જન કરવામાં આવશે.

શૈક્ષણિક પ્રક્રિયાઓમાં તકનિકી સંકલન : અનુવાદ, શિક્ષણશાસ્ત્ર તરીકે સહાય, વ્યવસાયિક વિકાસ, ઑનલાઇન અભ્યાસક્રમની સુવિધા, ડિજિટલ રિપોઝિટરી, વગેરે. તકનિકીનો ઉપયોગ કરવા માટે શિક્ષક તૈયારી, યોગ્ય સંશોધન દ્વારા હાંસલ કરવામાં આવશે. શૈક્ષણિક ઉત્કૃષ્ટતા માટે ઉચ્ચકક્ષાના કેન્દ્રોની સ્થાપના અને તે દ્વારા સંશોધનો કરવામાં આવશે.

વૈશ્વિક કૉમ્પ્યૂટર  નેટવર્ક ઇન્ટરનેટના વિકાસથી વિશ્વની શૈક્ષણિક પ્રણાલીમાં સુધારણા માટેની નવી સંભાવનાઓ ખૂલી છે. ઇન્ટરનેટ સંસાધનોને ફક્ત "ઉપયોગી માહિતી" શોધવાના અને પ્રાપ્ત કરવાના માધ્યમની ભૂમિકા જ સોંપવામાં આવી છે, પરંતુ હાલના શિક્ષણના સ્વરૂપોના વિકાસ અને નવા નિર્માણ માટેના સાધનની ભૂમિકા પણ સોંપવામાં આવી છે.

શિક્ષણને નાવીન્યસભર તેમજ રુચિકર બનાવવા માટે પણ માહિતી ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જરૂરી છે. અધ્યેતાને શીખવામાં નાવીન્યપૂર્ણ સંદર્ભ અને મદદ મળી રહે તે માટે માહિતી ટેકનોલોજીનો ઉપયોગ, અનિવાર્ય છે. ટેક્નોલોજીની સાક્ષરતાએ આજના સમાજની માંગ છે જે માહિતી ટેક્નોલોજીના ઉપયોગથી પ્રાપ્ત થાય તેમ છે.

આજે સમગ્ર જગતમાં માહિતી ટેકનોલોજીના ઉપયોગથી શિક્ષણની ગુણવત્તા અને સ્તરમાં ઘણું જ પરિવર્તન આવ્યું છે. માહિતીની સરળ પ્રાપ્યતાને લીધે શિક્ષણની ક્ષિતિજો ઘણી વિસ્તરી છે. માહિતી ટેકનોલોજી શા માટે જરૂરી છે તે પ્રશ્નના જવાબમાં આપણે નીચેની મુખ્ય ત્રણ બાબતો વિષે વિચારીએ.

૧. શિક્ષણનું સાર્વત્રીકરણ એ સમાજની સૌથી મોટી જરૂરિયાત છે.

૨. શિક્ષણને ઓછું ખર્ચાળ અને બધા લોકો માટે પ્રાપ્ય બનાવવા પ્રયત્નો ચાલી રહ્યા છે.

૩. શિક્ષણની ગુણવત્તા પર ભાર મુકવામાં આવે છે. માહિતી ટેકનોલોજી શિક્ષણની આ જરૂરિયાતોની પૂર્તિમાં મદદરૂપ સાધન બની રહે છે.

શિક્ષણનું સાર્વત્રીકરણ એ સમાજની માંગ છે. બધાજ લોકો કોઈ પણ સ્થળ, સંખ્યા, સમયના બંધનો માંથી મુક્ત થઈ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે સમાજની જરૂરિયાત છે. શિક્ષણ પાછળનો ખર્ચ પ્રમાણમાં ઘટે તે ઇચ્છનીય છે. શિક્ષણની ગુણવત્તાની જાળવણી પણ ખૂબજ જરૂરી છે. ગુણવત્તાનો ખ્યાલ અહીં શીખનાર માટે ગુણવત્તાયુક્ત વાતાવરણ, સંસાધનો, વિષયવસ્તુ, પદ્ધતિઓ, પ્રયુક્તિઓ તેમજ તેની શૈક્ષણિક નિષ્પતિઓ સાથે જોડાયેલો છે.

વિદ્યાર્થીઓના વિકાસ માટે ફક્ત એડેપ્ટીવ લર્નિંગ અને એડેપ્ટીવ કૉમ્પ્યૂટર ટેસ્ટિંગ નહીં પરંતુ વિદ્યાર્થીઓ વર્ગખંડમાં શું શીખે છે અને કેવી રીતે શીખે છે, તેમાં પરિવર્તન આવશે. આ તમામ હેતુઓ માટે તમામ સ્તરે વિદ્યાર્થીઓ માટે સમૃદ્ધ શૈક્ષણિક સોફ્ટવેર તમામ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ હશે અને અંતરિયાળ વિસ્તારોના તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓ સહિત પહોંચી શકશે. તમામ પ્રાદેશિક ભાષાઓમાં તમામ રાજ્યો ઈ - કન્ટેન્ટ વિકસાવવાનું ચાલુ કરશે. તેને એક કોમન પ્લેટફોર્મ પર અપલોડ કરવામાં આવશે.

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માત્ર ક્રાંતિકારી તકનિકી પર સંશોધન કરવામાં જ નહીં પરંતુ તમામ ક્ષેત્રોમાં ઓનલાઈન અભ્યાસક્રમો સહિત શૈક્ષણિક સામગ્રી અને અભ્યાસક્રમોની પ્રારંભિક પ્રવૃત્તિઓ બનાવવામાં પણ સક્રિય ભૂમિકા ભજવશે.

શિક્ષણની સાથે ઇન્ફરમેશન ટેકનોલોજીનો એક નવો યુગ શરુ થઈ ગયો છે. શૈક્ષણિક સંસ્થાઓમાં કૉમ્પ્યૂટરાઇઝેશન આવતા પ્રોજેકટરો, બોર્ડ, પ્રિન્ટર્સ, સ્કેનર્સ, મોડેમ વિગેરે શિક્ષકો અને છાત્રો માટે જરુરી અંગો બની ગયા છે. દરેક શાળામાં કૉમ્પ્યૂટર  લેબ હોય છે. ઇલેકટ્રોનિક પાઠય પુસ્તકોનો જમાનો આવી ગયો છે. છાત્રને હવે વિકસવા માટે કોઈ સમસ્યા નડતી નથી. આજે તો શિક્ષણ માહિતી ટેકનોલોજીનું કેન્દ્ર છે. ઉચ્ચ ગુણવત્તા સાથે સ્વશિક્ષણની પૂરતી તક મળે છે. છાત્રોના વ્યકિતગત બૌધ્ધિક વિકાસને વેગ સાથે નવી તકો પ્રદાન કરે છે.

આજે દરેક ક્ષેત્રેમાં ઇન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજીને મહત્ત્વ અપાય છે. શિક્ષણકાર્ય દરમ્યાન અનેક બાબતો મુદ્દા એવા આવે કે એને સીધે સીધું સમજાવવું કઠિન હોય છે, જેમ કે બ્રહ્માંડની રચના, પ્રાણીકોષ, તોફાન, પિરામીડ, વનસ્પતિ કોષ વગેરે સમજાવવા માટે ટેકનોલોજી

આપણની મદદ કરે છે. આજે શિક્ષકોને પણ આઇ.ટી.નું જ્ઞાન હોવું જરુરી છે. વર્ગખંડમાં તેનો કેમ ઉપયોગ કરવો તે તેને જાણવું જરુરી છે. આજ કારણે આજના યુગમાં શિક્ષણ અને ટેકનોલોજીનો સંગમ થયો અને શિક્ષણમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું છે.

સંશોધનની રીતો સૂચવે છે કે કૉમ્પ્યૂટર, ઈન્ટરનેટ, અને સંબંધિત પ્રૌદ્યોગિકતાના ઉપયોગથી શિક્ષકોને પર્યાપ્ત સહાયતા અને તાલીમ આપવામાં આવે છે, તે ખરેખર - સહેલાઈથી શીખવાના વાતાવરણની માટે એક શીખનાર - કેન્દ્રિત બને છે. પરંતુ આ અભ્યાસ પ્રકૃતિ મોટે ભાગે સંશોધન અને વર્ણનાત્મક છે અને પ્રયોગમૂલક અનુભવ રહિતના અભાવ કારણસર તેની ટીકા કરવામાં આવે છે. હજી સુધી કોઈ મજબૂત પુરાવા નથી કે જે આ નવા શીખવાના વાતાવરણના ઉછેરથી સુધારેલ પરિણામો આવ્યા છે. જે કંઈ અસ્તિત્વ છે તે તેના ગુણવાચક મુદાઓ અને ગુણાત્મક નિરીક્ષણો અને વિદ્યાર્થીનું વિશ્લેષણ અને તે શિક્ષકની સમજથી શીખવાના વિષય પર હકારત્મક અસર સૂચવનાર છે.

ઇન્ટરનેટની પ્રચલિત ભાષા અંગ્રેજી છે. મોબાઇલ ફોનની મુખ્ય ભાષા પણ અંગ્રેજી છે. વીન્ડો કે એન્ડ્રોઇડ બેઝ ફોન વપરાશને કારણે અભણ લોકો પણ અંગ્રેજીના નાના શબ્દો લખતા થઈ ગયા છે. આજે તો સમગ્ર શિક્ષણમાં કૉમ્પ્યૂટરનું વિશેષ મહત્ત્વ છે. આજે તમામ વ્યવહારો પણ આ થીયરીથી કામ કરવાને કારણે લોકોએ હવે એ શીખવું જ પડશે. સરકારે પણ ધો. ૬ થી ૮ અને ૯ થી ૧૨ માં વિષય દાખલ કર્યો હોવાથી લોકો વધુને વધુ આ પરત્વે શિક્ષણ લેવા કાર્યરત થયા છે. આજે પુસ્તકોમાં પણ કયુ.આર. કોડ આવવા મંડયા છે. તેને તમે સ્કેન કરીને સ્વઅધ્યન કરી શકો છો. તમારે બુકની પણ જરૂરિયાત રહેતી નથી ફકત મોબાઇલ ફોન કે કૉમ્પ્યૂટરના માધ્યમથી તમો બધુ જ જાતે કરી શકો છો.

માનવીના આસપાસના તમામ વ્યવસાયોમાં કૉમ્પ્યૂટરની અગત્યતા હોવાથી એ શિખવું જરુરી બન્યું છે. ગામડાની ગ્રામપંચાયત પણ હવે બધુ કામ ઓનલાઇન કરતાં સમાજના છેવાડાનો માનવી પણ કૉમ્પ્યૂટર શિક્ષણ સાથે જોડાઈ ગયો છે. હિસાબ-કિતાબ પણ કૉમ્પ્યૂટરમાં સ્ટોર થતા હવે પેપર લેસ વહીવટના કારણે ચોપડા રાખવાનું ભૂતકાળ થઈ ગયું છે. બાળકોને નાનપણથી જ શિક્ષણ સાથે આ વિષયક શિક્ષણ મળતા તે મોટો થાય ત્યારે તેના લાભા-લાભની ખબર પડે છે. બાળકો કૉમ્પ્યૂટરમાં એનિમેશન જોવે સાથે તેને જે એકમ સમજવાની મુશ્કેલી થાય તે બાબતે તેમાંથી માહિતી મેળવી શકે છે. વિવિધ સોફ્ટવેર અને એપ્લીકેશનની મદદથી સ્વઅધ્યયન, સ્વમૂલ્યાંકન બાળક તેના સહારે જાતે કરવા લાગે છે.

આજનું શિક્ષણ માત્ર પુસ્તક પુરતું સિમિત નથી, તેની સાથે વિવિધ અભ્યાસિક પ્રવૃતિ, પ્રોજેકટનું વિશેષ મહત્ત્વ છે. આજે ગમે તે ક્ષેત્રનું શિક્ષણ લો તો તમને એની સાથે કૉમ્પ્યૂટર જ્ઞાન હોવું જરૂરી છે. શાળાઓ સ્માર્ટ સ્કૂલ બનતા વર્ગો સ્માર્ટ બનવાની સાથે વિવિધ પ્રોજેકટમાં જ્ઞાન કુંજ, કૉમ્પ્યૂટર લેબ, બાયસેગ પ્રસારણ અને રેડિયો જેવા ઉપકરણો શિક્ષણમાં ઉમેરાતાં બાળકોને એ શિખવામાં બહુ જ રસ પડે છે. સંગીત, ચિત્ર, રમત ગમત સાથે કૉમ્પ્યૂટર શિક્ષણ પણ અતિ આવશ્યક છે.

આજે વિદ્યાર્થીને આંગણીના વેઢે રહેલું ઇન્ટરનેટ એક લાયબ્રેરી કરતાં પણ વધુ માહિતી ઉપલબ્ધ કરાવી શકે છે. આજે તો માહિતીના પ્રચાર-પ્રસારની ઝડપ દિવસેને દિવસે વધતી જાય છે. આજે તો શિક્ષણ મેળવવાના વિવિધ મોડેલ આવી ચૂકયા છે. જેથી ટેકનોલોજીને કારણે એક જ જ્ઞાનને જુદી જુદી રીતે મેળવવાના ઘણા વિકલ્પો છે. ઓડિયો મારફતે શ્રવણ કરીને ગ્રાફિકસ માધ્યમથી સ્ટોરી સમજે છે. ટેકનોલોજીએ શિક્ષણનો મુખ્ય સ્ત્રોત બનવામાં સફળતા મેળવી છે. શિક્ષણની ભૂમિકાને માત્ર જ્ઞાન મેળવવાથી આગળ જઈ જઈને કૌશલ્ય મેળવવા સુધી સહેલું કરી આપે છે.

ડિજિટલ ટુલ્સનો ઉપયોગ કરીને આધુનિક શૈક્ષણિક પધ્ધતિઓ વિકસી છે. શાળાઓનું ફયુચર આવી ટેકનોલોજીના સહારે વધવા લાગ્યું છે. કૉમ્પ્યૂટરના વિવિધ કોર્સમાં બેઝીક કોર્સ ગુજરાતી, અંગ્રેજી ટાઈપીંગ સાથે સી.સી.સી. સ્પોકન અંગ્રેજી, ટેલી. કોરલ ડ્રો, ફોટો શોપ, સી પ્લસ પ્લસ, વેબસાઈટ ડિઝાઈન, ગ્રાફિક્સ ડિઝાઈન વગેરે જેવા કોર્સ છે જે ટુંકાગાળામાં શીખીને છાત્રો તેનો શિક્ષણમાં ઉપયોગ કરી શકે છે. ધો. ૧૦ પાસ કે નાપાસ છાત્ર આઇ.ટી.આઇ.માં વ્યવસાયલક્ષી ટેકનીકલ કોર્સ કરીને સારું કમાઈ શકે છે.

આ તમામ જરૂરીયાતો અને મહત્ત્વ છતાં ટેકનોલોજીના ગેરફાયદાઓ પણ ઘણાં છે. શિક્ષક અને વિદ્યાર્થીઓના જીવંત સંવાદમાં ઘટાડો થાય છે, જેના કારણે વિદ્યાર્થીઓનું શિક્ષકો સાથેનું તાદાત્મ્ય ઘટતાં વિદ્યાર્થીઓ સહેલાઈથી પોતાની મૂંઝવણો શિક્ષક સાથે ચર્ચા કરી શકતાં નથી. વિદ્યાર્થી વધુ સમય સુધી ટેકનોલોજી માધ્યમો સાથે જોડાયેલો રહેવાથી તેના સામાજીકરણ પર તેની અસર થાય છે. આ એક ગંભીર સમસ્યા છે કે માત્ર શીખવાની સાથે માનસિક, શારીરિક વિકૃતિ તરફ પણ દોરી જઈ શકે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જરૂર પૂરતો વિવેકપૂર્ણ ઉપયોગ ચોક્કસપણે શિક્ષણને મજબૂત બનાવવામાં ઉપયોગી થશે.

પોતાની જાતને ઉઘાડવી એ મોટી આધ્યાત્મિકતા છે. આડંબર અને અહંકાર બંનેથી મુકત એ આધ્યાત્મિક છે. અધ્યાત્મમાર્ગે ચાલનારાઓએ કોઈની આલોચના કરવી જોઈએ નહીં. અધ્યાત્મ એ મુકિતનો બહુ મોટો ઉત્સવ છે. નૃત્ય પણ અધ્યાત્મનો એક માર્ગ છે. નૃત્ય અધ્યાત્મ થઈ જાય તો નૃત્ય પણ પરમતત્ત્વને પામવાનો રાજમાર્ગ છે. પરમધરમ, પરમચિંતન, પરમવિવેક, પરમવિશુદ્ધિ અને પરમવાણી અધ્યાત્મજગતનું પંચામૃત છે.

(મોરારિબાપુ)

'રામચરિત માનસ' રસનું શાસ્ત્ર છે.

તુલસીનો 'રામચરિત માનસ' ગ્રંથ આપણા જીવનનો એક પંથ બની ગયો છે. 'રામચરિત માનસ' જગતનાં આંતર્-બાહ્ય રહસ્યોનું સરળ સમાધાન છે. 'રામચરિત માનસ' સૂત્રાત્મક ગ્રંથ છે. 'રામચરિત માનસ' મનોવિજ્ઞાનથી સભર શાસ્ત્ર છે. 'રામચરિત માનસ' હરતું ફરતું માનસરોવર છે. શાસ્ત્ર કંઠસ્થ હોય એટલું પર્યાપ્ત નથી, શાસ્ત્ર મનસ્થ પણ હોવું જોઈએ.

જેમણે છેલ્લા માણસને ગળે લગાવ્યા છે, એને રામ દોડીને ગળે લગાવે છે. મારો અનુભૂત પ્રયોગ છે કે રામકથાથી સંવેદના પ્રગટ થઈ શકે છે. 'રામચરિત માનસ' નિરંતર અમૃત આપનારી કથા છે. કથા આપણને પ્રગલ્ભ બનાવે છે. પ્રાણ ખોલવાની પ્રક્રિયાનું નામ રામકથા છે. રામાયણ ગૃહસ્થજીવનની એક બહુ મોટી સંહિતા છે.'રામચરિત માનસ'નો આદિ સત્ય છે, એનો મધ્ય પ્રેમ છે અને એનું સમાપન કરુણામાં થાય છે. રામકથાથી જીવનની શિક્ષા, આધ્યાત્મિક દીક્ષા અને પ્રેમની ભિક્ષા પ્રાપ્ત થાય છે. રામનો ધર્મ સત્ય છે, સીતાનો ધર્મ મર્યાદા છે,ભરતનો ધર્મ પ્રેમ છે.

(મોરારિબાપુ)

સત્સંગ સંતોની ગોદ છે. શાસ્ત્ર ઋષિમુનિઓની ગોદ છે. સત્સંગ જ સ્વર્ગ છે, વિશ્વમંગલની ચર્ચા જ વૈકુંઠ છે. સત્સંગ ભયનો કચરો દૂર કરી આપણને અભય બનાવે છે. સત્સંગને ગુણાતીત રાખવો જોઈએ.જેમનામાં સાધકવૃત્તિ હોય એવા લોકોનો સંગ કરવો જોઈએ. સાધુપુરુષના સત્સંગ સમાન કોઈ સુખ નથી. સાધુપુરુષનો સંગ જ સ્વર્ગ છે. કોઈ પણ સંવાદ સદ્ભાવ વગર શરૂ ન થઈ શકે અને સાધુભાવ વગર પૂર્ણ ન થઈ શકે.

(મોરારિબાપુ)

## ૦૭ ગાંધીજીનું પ્રિય રમકડું 'ત્રણ વાંદરા'

**સંજય આર. તલસાણીયા**

મહાત્મા ગાંધીજીનું પ્રિય રમકડું 'ત્રણ વાંદરા' તેમના વિચારોના પરિચાયક છે. એમાંથી નિષ્પન્ન થતાં રહસ્ય વિશે આપ સુવિદિત છો. તેનો પડઘો પેલી ધૂન "પહેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા" માં પડે છે, જેમાં પહેલા વાંદરાએ બે હાથ વડે મોં બંધ કર્યું છે, બીજાએ આંખો અને ત્રીજાએ કાન બંધ કર્યા છે. તેની સમજૂતી ખૂબ જ સરળ છે જે અનુક્રમે ખરાબ ન બોલવું, ન જોવું કે સાંભાળવું એમ છે. તેનું અનુસરણ સહુ કરે તો અડધી દુનિયા શાંત થઈ જાય એવી છૂપી તાકાત એમાં રહેલી છે, કેમકે વિશ્વના અનેક ચિંતકો અને લેખકો આ વાતનો સ્વીકારી કરે છે. એમાં અંતર્નીહિત શૈક્ષણિક ભાવને સમજીએ :

**૧. મો પર હાથ :**

વ્યક્તિની ભાષા કે બોલી તેના વ્યક્તિત્વની પરિચાયક છે. કોઈ સારું બોલતું હોય તો કહે છે તેના મોમાંથી ફૂલ ઝરે છે, તો કોઈની વાણી કર્કશ હોય છે.

પહેલા વાંદરાના મો પર હાથ એ સૂચિત કરે છે કે અસત્ય ન બોલવું, ખરાબ કે અપશબ્દો ન કહેવા જોઈએ. માઠું લાગે તેવા વચન કોઈને પણ ન કહેવા ,કોઈની ચાડી-ચુગલી ન કરવી કે કોઈની જુઠ્ઠી પ્રશંસા ન કરવી જોઈએ. અને હા,આ વાત તો આપણા શાસ્ત્રોમાં પણ વર્ણવેલી છે. આ ઉપરાંત પોતાના પર આવી પડેલી મુશ્કેલી કે આપત્તિ અથવા દુઃખ,અન્ય પાસે દુખના ગાણા ન ગાવા જોઈએ,એથી આપણી કરુણતા તો છતી થાય જ છે સાથે-સાથે આપણે સ્વયં હસીને પાત્ર બનીએ છીએ. ઘણાને સતત બોલવાની (બકબક )કરવાની ટેવ હોય છે. આ વાતની પુષ્ટિ માટે " લપલપિયા કાચબા"ની વાર્તા ઘણું કહી જાય છે. આ ઉપરાંત " હું જ એ હું કરી શકું", " એ મારાથી જ થઈ શકે" આ પ્રકારની વાણી ઉચ્ચારીએ છીએ ત્યારે આપણું હિનપણું સિદ્ધ થાય છે.આવી આદત હોય, તો છોડવી જ જોઈએ.

આથી વિપરીત, જો કોઈ વ્યક્તિ સારું કાર્ય કરે તો આપણે તેની પ્રસંશા કરવી જોઈએ, જેથી સામેની વ્યક્તિને પ્રેરણા અને પ્રોત્સાહન મળે. વળી જ્યાં કહેવું જ પડે,એ સમયે મો બંધ કરીને બેસી રહીએ તો ન ચાલે. જળ,જમીન કે પર્યાવરણ પ્રદૂષિત થતું હોય ત્યારે આપણે મૂક-બધિર બનીને તો આપણે સમાજ અને રાષ્ટ્રના દ્રોહી સિદ્ધ થઈએ છીએ. એ સમયે તો તેનો સખત વિરોધ કરી બુલંદ અવાજે હકીકતને ઉજાગર કરવી જ જોઈએ, એ જાગૃત નાગરિકનું પ્રથમ લક્ષણ છે.

આ ઉપરાંત આપણા જ્ઞાન, આવડત અને કુશળતાઓ સહુ સામે અચૂક વ્યક્ત કરીએ. એમાં જ તો સહુનું ભલું છે. એ સમય મૂક બની બેસીશું તો તેનો લાભ સમાજ કે રાષ્ટ્રને નહીં મળી શકે. આપણો પ્રાચીન ભવ્ય વારસો નામશેષ થઈ ગયો તેનું કારણ એ કે આપણું જ્ઞાન અન્યને ન કહેવાની આપણી મનઃસ્થિતિનું પરિણામ છે, સો વાતની એક વાત, જરૂર જણાય ત્યાં કહેવું, બોલવું અને જરૂર ન જણાય ત્યાં મૂક બની રહેવામાં જ બુદ્ધિમાની છે. માટે જ કહ્યું છે "અતિ ભલા ન બોલના અતિ ભલી ન ચૂપ."

**૨. આંખો પર હાથ :**

બીજા વાંદરાના હાથ દ્વારા આંખો બંધનો આશય, ખરાબ ન જોવું અને બીભત્સતા ન નિરખવી એ અર્થ ઘટાવી શકાય. કોઈ નિર્દોષ કે લાચાર પર અત્યાચાર કે અન્યાય થતો હોય ત્યારે આપણે બાઘાની જેમ પ્રેક્ષક બની તમાશો જોઈએ અથવા આંખ આડા કાન કરી બેસી રહીએ એ કાયરતાની નિશાની છે. એ સમયે આપણે વિચારીએ કે "મારે શું?" અથવા આંખો બંધ કરી દઈએ એ દ્રષ્ટિએ ગાંધીજીના આ વાંદરાનું અનુસરણ કરવાનું નથી, એ સમય

તેનો સામનો દ્રઢતા અને સાહસપૂર્ણ કરવામાં જ આપણી સાચી માણસાઈ છે. સમાજ કે રાષ્ટ્ર વિરોધી અનૈતિક કાર્ય થતા હોય ત્યારે આંખો બંધ ન કરતાં તેનો પર્દાફાશ કરીએ રાષ્ટ્રભક્તિથી કમ નથી.

આ ઉપરાંત પ્રકૃતિમાતાએ ચોતરફ પર્વતો, નદીઓ, નદી, ઝરણાં, સાગર, પુષ્પો, જાત-જાતના પશુ પંખી પતંગિયાઓ નિર્માણ કર્યા છે ત્યારે, આપણે આંખ પર હાથ ધરી બેસી રહીએ એ, સર્જનહારની આપણા પર વરસાવેલી અનુકંપાનું અપમાન છે. એ ન નિહાળવી એ સૃષ્ટિનો અનાદર છે. એ વખતે તો સૃષ્ટિને મનભરીને માણવી જોઈએ. કવિવર રવીન્દ્રનાથ ટાગોર વૃદ્ધાવસ્થામાં પણ દેખાવડા હતા તેનું રહસ્ય તેઓ સુંદરતાના ચાહક હતા.

આપણે માનસિક વૃદ્ધત્વ અને વિકૃતતાથી બચવું હોય તો પ્રકૃતિનું દર્શન કરવું જ જોઈએ. આંખોનું શું મહત્ત્વ છે એ જાણવું હોય તો કોઈ સૂરદાસને પૂછો ! તો ખ્યાલ આવશે કે તેઓ માટે જગત કેવું અંધકારમય છે ! માટે, સારું, સુંદર,નવું જે છે તે જુઓ,જાણો અને માણો જેથી આપણી નિરીક્ષણ શક્તિ, અવલોકનશક્તિ અને મૂલ્યાંકનશક્તિ પણ નિખરશે. જે સ્વવિકાસનું પહેલું ચરણ છે. શિક્ષણનો જ એ હિસ્સો છે.

**૩. કાન પર હાથ :**

ત્રીજા વાંદરાના બે હાથ વડે કાન બંધ કરવાનો તાત્પર્ય, કોઈની પણ નિંદા, અપશબ્દો કે ખોટી પ્રશંસા ન સાંભળવી એ છે ! વ્યાવહારિક જીવનમાં ઘણી વખત એવું જોવા મળે છે કે જો કોઈ વ્યક્તિની માત્ર વાત સાંભળી અમુક નિર્ણય લઈએ તો સામી વ્યક્તિને નુકસાન થાય છે એ વખતે સાચી હકીકત જાણી, સમજી,પારખી કોઈ નિર્ણય પર આવવું જોઈએ. એક વખત સાંભળી કાન બંધ ના કરી દેવા જોઈએ.

આ ઉપરાંત પંખીના મધુર નાદ, નદીના કલનાદ, ઝરણાંનું ખળખળ સંગીત, ઉછળતા મોજા, પવનના સૂસવાટા ભમરાઓનો ગુંજારવ , કોયલના મીઠા ટહુકા વગેરે કુદરત સર્જીત મધુરગીતો ધ્યાનમગ્ન થઈ ન સાંભળી તો એ દિવસ એળે ગયો સમજવો જોઈએ. આપણે એ ન ભૂલીએ કે અર્જુનને ગીતામૃતનું જ્ઞાન કાન વડે જ પ્રાપ્ત થયું હતું, આપણી પ્રાચીન કેળવણી શ્રવણ આધારિત જ હતી, સંગીતની સૂર લહેરી, સંતો અને મહંતોના વચનામૃત અને જ્ઞાનવાણીનો લાભ કાન દ્વારા જ થાય છે. એ સમયે કાન બંધ કરી દઈએ તો એ દ્વારા મળતો આનંદ અને પ્રસન્નતા સાંપડી શકે ખરા?

દોસ્તો! આંખ,કાન,મોં એ ઈશ્વર દ્વારા માનવજાતને મળેલી અનન્ય તેમજ સુંદર ભેટ છે. જો તેનો ઉપયોગ અને તેના દ્વારા પ્રાપ્ત થતો આનંદ ન માણીએ તો પરમપિતા પરમાત્માએ આપણને આપેલ અમૂલ્ય ભેટનો અનાદર છે. તો ચાલો, આપણે સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકો આપને સહુ આ નિધિનો ખરા અર્થમાં ઉપયોગ કરી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વિચાર બીજના વાહક બનીએ.

"સબકો સન્મતિ દે ભગવાન"

(મો. ૭૯૯૦૫૦૯૨૯૩, ભાવનગર)

તમે કોઈને સત્ય આપશો તો તમારું સત્ય ઓછું નહીં થાય, તમને સત્ય મળી જશે. તમે પ્રેમ આપશો તો પ્રેમ મળશે. કરુણા આપવાથી ઓછી નહીં થાય. તમારી પાસે પ્રેમ છે, તો એ ખૂબ વહેંચો, મને કહેવા દો, કરુણા વિના પ્રેમ વિધુર છે. પ્રેમની છાયા કરુણા હોવી જોઈએ. સત્યથી જીવો, પ્રેમથી જુઓ અને કરુણા રેલાવીને જાઓ. સત્ય વ્યકિતગત હોય, પ્રેમ પરસ્પર હોવો જોઈએ, કરુણા વ્યાપક હોવી જોઈએ. સત્યનો વિસ્તાર પરમારથ છે પ્રેમનો વિસ્તાર પરમારથ છે અને પરમારથ કરુણાનો વિસ્તાર છે. સત્ય, પ્રેમ અને કરુણા એ જ ગુરુ છે. પરમસત્ય, પરમપ્રેમ, પરમકરુણા તમને જે રાસ આવે એને ગુરુ માનજો. એ જ ગુરુનો મહિમા છે.

(મોરારિબાપુ)

**રેખાબા સરવૈયા**

---

ભાગ : ૩

એટલા માટે કે શિક્ષક અને વિદ્યાર્થીએ આ ક્ષેત્રના જીવંત માધ્યમો છે. શિક્ષક જો શિક્ષણજગતનું ચાલકબળ હોય તો વિદ્યાર્થી જરૂર શિક્ષણનો આત્મા કહી શકાય. સદીઓથી શિક્ષકનું સ્થાન સમાજમાં એટલું બધું તો આદરભર્યું રહયું છે હવે તો દરેક શિક્ષક એ આદરને પાત્ર રહેશે કે કેમ એવી સ્થિતિ પણ ડગમગી રહી છે ત્યારે દરેક શિક્ષકે એ સમજી લેવું જોઈએ કે પોતાનું સમાજ પ્રત્યેનું ઋણ અદા કરતું ઉત્તરદાયિત્વ શું હોવું જોઈએ. શિક્ષક પાસે હજુ આ ઘડીએ પણ એક તાકાત છે કે જે સમગ્ર સમાજને બદલાવી નાખે. બાળકને વિચારો કરવાની, પ્રશ્નો પૂછવાની જિજ્ઞાસા જગાડી શકનાર શિક્ષક ખરા અર્થમાં શિક્ષણની વાસ્તવિક યથાર્થતા સાબિત કરી શકે. માત્ર ૨૦ વર્ષનાં સઘન પ્રયાસો જો શિક્ષણને ચાહનાર તમામ વર્ગ કરે તો જરૂરથી રચનાત્મક પરિણામો મેળવી શકાય. કારણ કે... ૨૦ વર્ષે એક સશકત પેઢી તૈયાર થઈ શકશે અને પછીનું કાર્ય તો સરળ બની જશે. કેમ કે પછી માત્ર વિચારોનું પ્રક્ષેપણ જ કરવાનું રહેશે. પરંતુ આજે જે કરવાનું છે એ બહુ અઘરૂ ભલે હોય, કઠીન નથી. અત્યારે તો એકડો ઘૂંટીને બધી શરૂઆત કરવાની છે ત્યારે પહેલાનાં રૂઢિગત જડ વિચારોને ભૂંસી નાંખવા પડશે કારણ કે... યુગે યુગે સત્ય બદલાય છે માટે જ એમાં ફેરફાર કરવો અનિવાર્ય બને છે અને આ શિક્ષકો જ કરી શકે કારણ કે... ચાણક્યએ કહ્યું છે એમ : " શિક્ષક કભી સાધારણ નહિ હોતા ! પ્રલય ઔર સર્જન ઉનકી ગોદમે ખેલતા હૈ ! "

**(૮) શિક્ષકો અને શિક્ષણપ્રેમીનું કર્તવ્ય :-**

"હમારે ખ્વાબ અપને હૈ, ન ગમકી ડોર હાથોમેં,
લકીરે તો સુનહરી કમજોર હાથોમેં"

આપણું ભવિષ્ય આપણે રાજકારણી નેતાઓ અને તથાકથિત ધર્મગુરૂઓ કે મહાત્માઓનાં હાથોમાં સોંપીએ છીએ એનાં કરતાં એવી લગામ શિક્ષકોને સોંપી દઈએ તો જીવનમાં સત-ચિત - આનંદનો આવિષ્કાર થઈ જશે. નવી પેઢીને વિનાશનાં માર્ગેથી પાછી વાળી લેવાની તાકાત શિક્ષકો, બૌધિકોનાં હાથમાં આજે પણ છે માત્ર એમણે કટિબધ્ધ થઈને હિંમતભેર એક ક્રાંતિ-મશાલ સળગાવવાની છે. અને આ માટે શિક્ષકોએ સ્વયં જાગૃત થવાની ખાસ જરૂર છે.

**(૯) સ્વયં જાગૃતિ માટે શિક્ષક શું કરી શકે?**

- બાળકોને શિખવવાનો વિષય અને તેને લગતાં તમામ પાસાનું વ્યાપક તથા અનુભવલક્ષી જ્ઞાન હોવું જોઈએ.
- પોતે 'સર્વ' અને 'અંતિમ' છે, એ અભિમાનમાંથી મુકત થવું.
- જગતનાં અંતિમ હેતુની કલ્પના વિષે વિદ્યાર્થી કરતાં તેનાં હૃદયનો સેકડોગણો વિકાસ કરવો.
- શિખવવાની પધ્ધતિઓમાં સતત- હંમેશા નાવીન્ય લાવવું.
- બાળકની અસમજ, વિતંડાવાદ વખતે અપાર ધીરજ કેળવવી.
- સદાય પ્રસન્નતા મુદ્રામાં જ વિદ્યાર્થી સમક્ષ જવું.
- હજુ અમલી નથી બની શક્યાં તેવા સામાજિક વિષયોમાં પોતાને પારંગતતા કેળવવી.
- પોતાની વૃતિને ધ્યાન પર ન લેતાં બાળકોની વૃતિને ધ્યાનમાં લઈને પોતાનાં સમગ્ર વ્યક્તિત્વનું ઘડતર કરવું.
- અત્યાધુનિક સાધનો દ્વારા જ નહીં બલ્કે વર્તન દ્વારા પણ દાખલો બેસાડવાની ભાવના રાખવી.

દા.ત ચારિત્ર્યશીલતા, સૌજન્ય, વિવેક.

- ભારેખમ વિષયને વાર્તારૂપે શિખવવાની કળામાં નિપૂર્ણતા પ્રાપ્ત કરવી. દા.ત. ઈતિહાસનો કોઈ પાઠ
- સમાજમાં પ્રર્વતતી સમસ્યાઓનું જ્ઞાન અને જાગૃતિ ખાસ કેળવવા.
- પોતાના દુરાગ્રહો બાળકો પર કદીય ન થોપી દેવા. દા.ત. અમુક દિવસે, અમુક સમયે, અમુક રીતથી, અમુક કામ કરી જ નાંખવું.
- બાળકોનાં ચમત્કારિક સવાલો કદિય ન ટાળવા. દા.ત. વૃક્ષને શરદી કેમ નથી થતી?
- અમુક મુદ્દો સમજાવવામાં પોતે નિષ્ફળ જાય ત્યારે ખેલદિલીથી સ્વીકારી લેવાની વિનમ્રતા કેળવવી.
- બાળક બેધડક પોતાને સવાલ કરી શકે એવું સહદયી બનવું.
- મહિનાનો પગાર અને સમાજમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન જ અંતિમ ધ્યેય ન બને માટે સતત પોતાની ભૂમિકાને ગંભીરતાથી મૂલવવી.
- બાળકોની કલ્પનાશક્તિ, મૌલિકવિચાર પ્રક્રિયા અને સર્જનશીલતા કદિય કુંઠીત ન બને માટે ચિંતનશીલ બનવું.
- અન્યની હાજરીમાં કોઈ પણ બાળકને ઉતારી ન પાડવો કે ન તેની સરખામણી કરવી.
- હોશિયાર બાળક તરફ પક્ષપાત ભર્યું વલણ કદી ન રાખવું.
- શિક્ષણમાં કે સમાજમાં જે કાંઈ ખોટુ થાય છે કે થઈ રહયું છે એ વિશે હંમેશા નીડરતાથી સત્ય વાત કહેવી.
- સ્મૃતિ અને બુધ્ધિમાં, બુધ્ધિને સતેજ કરવી અને અજ્ઞાત, નવીન બાબતોનું જ્ઞાન આપવું.
- દૂરથી સંભળાતા પ્રકૃતિનો અપરિચિત અવાજ સાંભળીને બાળકોને પણ એ સંભળાવવો.
- દરેક બાળકમાં રહેલી વ્યક્તિત્વની સંભાવના, શિખવાની રીત, વિષયની રૂચિ પણ અનોખી છે એ વાતને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજવી.
- આપણે સૌ એક માનવ છીએ અને આપણામાંનાં મનુષ્યત્વને પૂર્ણતઃ પ્રકટ કરવું છે. એ બોધ સર્વદા આપવો.

- આટ આટલી જાગૃતતા કેળવ્યા પછી જે શિક્ષક વિદ્યાથી પાસે જાય એને આવકારવા, ગળે લગાડવા અરે, કહો કે માથે મુકીને નાચવા કયો વિદ્યાર્થી તૈયાર ન થાય? આટલું એક જે વ્યક્તિમાં કેળવવું જરા મુશ્કેલ કામ છે, પરંતુ આ સમાજે જે સ્થાન એને આપ્યુ છે એની આટલી કિંમત હોય શકે એવો આ સમર્પિત વ્યવસાય છે.

અહીં માત્ર શાળા કે કૉલેજનાં શિક્ષકોની જ વાત નથી. બાળકનાં ઉછેર અને વ્યક્તિત્વ ઘડતર સાથે સંલગ્ન દરેક બૌધિકોને આ વાત લાગુ પડે છે કે કંઈક બદલાવ, પરિવર્તન લાવવા માટે નકકર ભોગ જરૂરી બની જાય છે. જયારે અહીં તો સમગ્ર માનવના વ્યકિતત્વમાં પરિવર્તનની વાત છે, ત્યારે આપણે તો માત્ર સ્વભાવ અને કેટલીક જડ પધ્ધતિઓ જ બદલાવવાની છે.આજ સુધી આપણે બાળકને ઔપચારિક, અનઔપચારિક શિક્ષણનાં નામે ગોંધી રાખ્યો હતો એક કોટડીમાં બસ ! હવે એ દ્વાર ખોલી નાખો ! બાહય જગતની અદભૂતતા બાળક એની મેળે જ આત્મસાત કરી લેશે. એનાં દબાયેલા અવાજ 'વોચ મી ગ્રોવ' (મને ઉછેરતો જુઓ) ને ખાલી કાન નહીં, હૃદય ખોલીને સાંભળો. આ માટે આપણે એ વિચારવું પડશે કે... આપણી વિભાવનાને સાકાર કરવા માટે આપણે આધાર શેનો લેવાનો? જવાબ આ રહ્યો ભાવિ પેઢી માટે શિક્ષણની એક સંકલ્પના તૈયાર થવી જોઈએ જે કંઈક આ પ્રકારની હોય શકે.

(ક) સામ્પ્રત શાળાઓની રચનામાં બદલાવ

(ખ) સામ્પ્રત શિક્ષળપધ્ધતિમાં બદલાવ

આ માળખામાં પહેલા તો શાળાઓની રચનાને બદલવા માળખાની સંકલ્પના જોઈએ તો...

"બાળકમાં પ્રકૃતિદત ગ્રહણશકિત જયારે જાગૃત હોય ત્યારે જ શીખી શકે અને એ ગ્રહણશક્તિ રમત વખતે અને

આનંદ વખતે હોય છે.'' આ મનોવૈજ્ઞાનિક તથ્યો અનુસાર બાળકને વર્ગખંડની દીવાલોમાં વ્યવસ્થિત બેસાડીને શિખવવાને બદલે ખુલ્લું, પ્રાકૃતિક વાતાવરણ આપવું જોઈએ. પ્રવાસમાં ઘૂમતાં કે બગીચામાં કામ કરતાં કરતાં જે શીખે છે એ વર્ગખંડમાં નથી શીખી શકતું. સમયનાં બંધનમાં બાળક કરતાં સમયની બેડીથી મુક્ત એવો ગોવાળિયો જીવનની કળામાં વધુ હોશિયાર હોય છે.જે ધ્યાને લેવું રહ્યું ''ઘરેથી શાળાએ આવતો બાળક પૂર્ણત ખીલેલાં પુષ્પ જેવો – જોઈએ.'' ચાર્લ્સ ડિકન્સની નવલકથાની જેમ શિક્ષણ અને શિસ્ત માટે એકેય શાળામાં જુલમ ન જ થવા જોઈએ.

**(૧૦) નિષ્કર્ષ :-**

માળખાની સંકલ્પનામાં જોતાં જ ખ્યાલ આવી જશે કે આપણે આખી આખે શિક્ષણપધ્ધતિને ફેંકી નથી દીધી, પણ એમાં કેટલુંક ઉમેરીને એને રચનાત્મક અભિગમથી મૂકી છે. જેમાં ભાષાની અભિવ્યકિત, દુનિયાની જાણકરી માટેનાં વ્યવહારૂ વિજ્ઞાન, ગણિત તથા જાણવા લાયક હોય એટલી ભૂગોળ અને ભૂતકાળની માહિતીનો સમાવેશ થઈ જાય છે. ઉપરાંત આધુનિક સાધનો દ્વારા દ્રઢીકરણ પામતું શિક્ષણ વધુ અસરદાર સાબિત થશે.

આ સંકલ્પનાનો અમલ સાચા અર્થમાં શિક્ષણશાસ્ત્રી કહી શકાય તેવા શિક્ષકો દ્વારા અને તે પણ પ્રાથમિક ક્ક્ષાના શિક્ષણથી જ થવો જોઈએ, કારણ કે... આ કક્ષાએ એ જે કંઈ શીખશે એની અસર જીવનભર રહેવાની જ છે. માટે જ આ તબક્કે આપેલ જ્ઞાન એનાં જીવનનાં આકારને મજબૂત પાયા પર ઊભા રહી શકતા પિરામિડ જેવી દઢતાં પ્રદાન કરી શકશે. ને એટલે જ પ્રાથમિક કક્ષાએ શિક્ષકત્વથી સભર શિક્ષકોની જરૂરિયાત હાલમાં વરતાય છે. અને આ જ અવસર છે પ્રાથમિકકક્ષાએ આવતાં બાળકના સમગ્ર જીવનને શિક્ષણની વાસ્તવિક ઉપલબ્ધિઓથી ભરપુર કરી દેવાનો અને સમસ્ત જીવનને શિક્ષણ સાથે જોડી દઈને એક ભગીરથ કાર્યની શરૂઆત કરવાનો..!

નિયામક (અડીશનલ કલેકટર), પોરબંદર
મો. ૯૯૨૫૦૧૭૫૮૪

હે સમાજ,સાધુને સાધન ન બનાવો. સાધુ સમાજનું સાધ્ય છે. સાધુની વિનમ્રતાનો ખોટો અર્થ ન કરવો. ફકીરને સાધન ન બનાવાય. ફકીર તો આપણું લક્ષ્ય હોવું જોઈએ. સાધુને જે દિવસે સાધન બનાવવામાં આવે તે દિવસે સંસ્કૃતિ પોક મૂકે છે. સાધુપુરુષ પ્રત્યે આપણે કેમ ખેંચાતા જઈએ છીએ અને વિશ્વમાં બુદ્ધપુરુષોનો આટલો બધો મહિમા કેમ છે? એના કારણ હોઈ શકે, પરંતુ એનું કેન્દ્રવર્તી કારણ છે એમની પરહિતની વૃત્તિ. પવિત્રમ શબ્દોમાંનો એક શબ્દ છે. 'સાધુ' સાધુ એક વિશુદ્ધ વિચારનું નામ છે.

સાધુ એક વિશુદ્ધ વિશ્વાસનું નામ છે. સાધુની જાત નથી હોતી,સાધુનો સમાજ નથી હોતો. સાધુ કોઈ વ્યકિત નથી હોતા. સાધુ એક વિશુદ્ધ વૃત્તિનું નામ છે. સાધુ કદી ઈશ્વર નિર્મિત નિયતિના વિરોધમાં ન ઊભા રહે, સાધુ તો નિયતિનો આદર કરે છે. જીવનના પ્રત્યેક ઘાટને સુંદર બનાવવા માટે સાધુચરિતતા અનિવાર્ય છે.

(મોરારિબાપુ)

ભજન એટલે કોઈ પરમતત્ત્વને પ્રેમ કરવો.

ભાવભીની પરિસ્થિતિનું નામ છે ભકિત. ભકિતમારગમાં 'ભજન' થી ઊંચો કોઈ શબ્દ નથી.'ભજન' જીવનની દુર્ગમ ઘટનાને સુગમ કરી દે છે. એટલે જો ભજનમાં રુચિ હોય તો ભજન છોડવું નહીં. ભજન વિષમ પરિસ્થિતિમાં આપણને સ્વસ્થ રાખે છે. માનવીનો અંદરનો ભરોસો એ જ ભજન છે. ભજનાનંદ તમારું ડિપ્રેશન ઓછું કરશે. ભજનાનંદ તમને મુશ્કેલીઓમાં હળવા કરી શકશે. ભજન કરવું પણ ભજનનો અહંકાર ન કરવો.

(મોરારિબાપુ)

## ૦૯ સમય અને ધન આપણા માટે છે!

**રોહિત શાહ**

---

વિક્રમ સંવતના નૂતનવર્ષના આ પ્રથમ અંક દ્વારા આપ સૌને શુભેચ્છાઓ અને અભિનંદન.

આમ તો જીવનનો પ્રત્યેક દિવસ નવા વર્ષનો શુભારંભ છે. દરેક દિવસ વર્ષમાં એક જ વખત આવતો હોય છે. વ્યવસ્થા ખાતર આપણે સમયના ખંડ પાડ્યા અને કલાક, દિવસ, સપ્તાહ, મહિનો, તેમજ વર્ષ તરીકે એ સમયખંડને ઓળખવાનું શરૂ કર્યું.

કચ્છી લોકો અષાઢી બીજથી નૂતન વર્ષની શરૂઆત માને છે. સનાતન ધર્મના અનુયાયીઓ વિક્રમ સંવતથી નવા વર્ષનો શુભારંભ સ્વીકારે છે. જૈનો વીર સંવતથી નવા વર્ષને આવકારે છે. ખ્રિસ્તીઓ ઈસુ ખ્રિસ્તના જન્મ વર્ષથી એટલે કે ઈસવીસનથી નવા વર્ષની શરૂઆત કરે છે. એ જ રીતે અન્ય વિવિધ ધર્મના લોકો પોતપોતાની રીતે નવા વર્ષની શરૂઆત ઉજવે છે.

આપણે વ્યવસ્થા ખાતર સમયના ભલે ગમે તેટલા ખંડ પાડીએ, પણ સમય પોતે તો અખંડ અને અવિરત વહેતી અદ્રશ્ય ધારા છે. માણસ સમયના ખંડ પાડીને અટકી ગયો હોત તો હજી ઠીક હતું, પણ એણે સમયના ખંડને શુભ અને અશુભ તરીકે પણ ઓળખાવ્યો ! દિવસ અને રાતનાં વાર પ્રમાણે ચોઘડિયાં અને મુહૂર્તોનો કારોબાર કર્યો. આપણે જેને કાળ ચોઘડિયું કે શુભ ચોઘડિયું કહીએ છીએ, એ સમયખંડને પોતાને એવી ક્યાં ખબર છે કે પોતે કાળ અથવા શુભ છે?

જન્મ લઈને આપણે ધરતી પર આવ્યા ત્યારે પ્રથમ શ્વાસ લેતી વખતે મુહૂર્ત કે ચોઘડિયું જોયું હતું ખરું? મૃત્યુલોક છોડીને જતી વખતે છેલ્લો શ્વાસ લેવાનો હોય ત્યારે પણ મુહૂર્ત કે ચોઘડિયું જોવાની સત્તા આપણી પાસે છે ખરી?

ઠીક છે, આપણી રોજિંદી જિંદગીમાં થોડોક વિરામ અને વિશ્રામ મળે એ માટે આપણે સમયના ખંડ ભલે પાડીએ અને એની ઉજવણી પણ ભલે કરીએ; પરંતુ એમાં અંધશ્રદ્ધા ન ઘૂસી જાય એની સાવધાની જરૂર રાખીએ. સાથે-સાથે આપણી ઉજવણી બીજાઓ માટે પજવણી ન બની જાય એની પરવા પણ અવશ્ય કરીએ.

સમયને માણસે નથી બનાવ્યો. એ તો પ્રકૃતિનો જ એક અંશ છે. પ્રકૃતિમાં ખલેલ પહોંચાડવી કે કોઈક રીતે એનો અનાદર કરવો એ વિકૃતિ કહેવાય. પ્રકૃતિ ક્યારેય પોતાનો અનાદર માફ કરતી નથી. આપણે પર્યાવરણ બગાડીશું તો એ આપણું આરોગ્ય બગાડ્યા વગર નહીં રહે. આપણે વૃક્ષો કાપતા રહીશું તો એ આપણને તાપ, અનાવૃષ્ટિ અને પ્રદૂષણનો અભિશાપ આપશે. નદીઓ અને મહાસાગરોનો આદર નહીં કરીએ તો એ સુનામી આપશે. ભૂમિનું સન્માન નહીં કરીએ તો એ ભૂકંપ આપશે. સમયનો અનાદર કરીશું તો એ આપણો સર્વનાશ કરશે.

કેટલાક લોકો સમયનું સન્માન કરવાનું ચૂકી જઈને જીવનભર વૈતરું કૂટે છે. કામ કરવું અને વૈતરું કૂટવું એ બંને અલગ બાબતો છે. મોજથી કરેલું દરેક કામ પ્રાર્થના છે, સાધના છે, આરાધના છે અને મોજ વગર કરેલું દરેક કાર્ય વૈતરું છે. જીવનમાં સમયસર કામ કરવું જેટલું અગત્યનું છે, એટલું જ સમયસર આરામ કરવાનું પણ અગત્યનું છે. કેટલાક લોકો સમય કરતાં વહેલું કામ કરીને પછી આરામ કરે છે, જ્યારે કેટલાક લોકો આરામ કરતા-કરતા સમય આવે એની પ્રતીક્ષા કરે છે. વહેલું કામ કરનાર ગુણવત્તાસભર કામ કરી શકે છે અને એને હંમેશાં નિરાંત રહે છે; જ્યારે છેલ્લી ઘડીએ કામ કરનારના કામમાં મોટેભાગે ભલીવાર હોતો નથી અને એવું કરનારે હંમેશાં રઘવાટ અને ઉચાટમાં જીવવું પડે છે.

સંસારની સૌથી મૂલ્યવાન ચીજો પાંચ છે : આનંદ, વિશ્વાસ, પ્રેમ, ભૂખ અને નિદ્રા. મજાની વાત એ છે કે આ

પાંચેય મૂલ્યવાન ચીજો ધનવાન વ્યક્તિ કરતાં ગરીબ વ્યક્તિ પાસે વધારે જોવા મળે છે ! જો આ પાંચેય ચીજો ખરીદી શકાતી હોત તો એ માત્ર અને માત્ર ધનવાન વ્યક્તિઓ પાસે જ પહોંચી હોત. જે ધનવાન વ્યક્તિને આ પાંચ વસ્તુઓનો અભાવ છે એને ખબર છે કે ધન દ્વારા માત્ર સાધન ખરીદી શકાય છે, સુખ નહીં ! એ જાણે છે કે ઊંઘ માટે પલંગ અને પથારી નહીં, મનની નિરાંત અનિવાર્ય છે. એ અનુભવે છે કે સ્વાદ માટે સ્વાદિષ્ટ ભોજન કે ડાઇનિંગ ટેબલ નહીં, ભૂખ અનિવાર્ય છે અને ભૂખ હોય તો સૂકો રોટલો પણ મિષ્ટાન્ન છે.

ધન જીવન માટે જરૂરી છે પણ માત્ર ધન જરૂરી નથી આ વાત ભૂલી જનાર વ્યક્તિ જીવનભર ભટકતી રહે છે. ધન વધે એટલે જોખમ વધે. ધનને સાચવવાનો ભય વધે. એટલું જ નહીં, ધનનું અભિમાન પણ વધે અને વધુ ધન મેળવવાનો મોહ પણ વધે ! હવે તમે જ કહો; જ્યાં જોખમ, ભય, અભિમાન, મોહ વગેરે હોય ત્યાં સુખ અને શાંતિ હોય ખરાં?

લગભગ ૭૦ વર્ષ પહેલાંની વાત છે. એક શહેરમાં ગરીબ દર્દીઓ માટે સાર્વજનિક હોસ્પિટલ બનાવવાની હતી. એ માટે ડોનેશન આપવાના હેતુથી એક સજ્જન ત્યાં આવ્યા. બોર્ડ ઉપર લખેલી સૂચના એમણે વાંચી :

'રૂપિયા ૫૦,૦૦૦નું ડોનેશન આપનાર દાતાનું નામ મુખ્ય દાતા તરીકે તક્તી પર લખવામાં આવશે.'

સૂચના વાંચીને પેલા સજ્જને પોતાના પરિવારના ચાર સભ્યોના નામે ચાર ચેક અર્પણ કર્યા. દરેક ચેકની રકમ હતી રૂ. ૪૯,૯૯૯.

તમે સમજદાર છો, રહસ્ય સમજી ગયા હશો !

મોહ અને અભિમાન ન વળગે એ માટે આટલી સજગતા જરૂરી છે. માણસ ક્યાંક નાનકડું ડોનેશન આપે છે તો પોતાનું નામ આરસની તકતી પર અને સૌનું ધ્યાન પડે એવી જગ્યાએ લખાય એવી અપેક્ષા રાખે છે. કુદરત પાસેથી માણસે એટલું શીખવાની જરૂર છે કે એણે ક્યાંય પોતાની તકતી મુકવાની જરૂર નથી. કઈ નદી કોણે બનાવી? કયો પર્વત કોણે બનાવ્યો? આકાશમાં મેઘધનુષ કોણે બનાવ્યું? મહાસાગરમાં ભરતી અને ઓટ કોણ કરે છે? ઋતુચક્ર કોણ બદલે છે? એ બધા પર એના કર્તાના નામની તકતી ક્યાંય જોઈ છે ખરી?

માણસ હકીકતને સમજે તો અહંકાર અને મોહ માટે એને કદીએ કોઈ કારણ જ નહીં જડે. જેવું ધન બાબતે છે, એવું જ ક્યારેક ધર્મ બાબતે પણ જોવા મળે છે. મનની શાંતિ, તાજગી અને પ્રસન્નતા માટે ધર્મ કરતા હોય એવા લોકો ભાગ્યે જ જોવા મળશે. મોટાભાગના લોકો ધર્મ એટલા માટે કરે છે કે મૃત્યુ પછી એમને જન્નત-હેવન-વૈકુંઠ-સ્વર્ગ કે મોક્ષ મળે ! મૃત્યુ પછી કશુંક કાલ્પનિક મેળવવાની લાલચમાં મૃત્યુ પહેલાનું વાસ્તવિક જીવન વેડફી નાખનારને મૂર્ખ સિવાય બીજું શું કહી શકાય?

ધાર્મિક લોકો મોક્ષ, સ્વર્ગ, હેવન કે જન્નતમાં જવા હંમેશાં ઉત્સુક રહે છે; પણ ત્યાં જઈને કરવું છે શું એનું પ્લાનિંગ કદાચ કોઈની પાસે નથી ! શાશ્વત સુખથી શરૂ કરીને ઘી-દૂધની નદીઓ, અપ્સરાઓ, વગેરેની લાલચમાં ફસાઈને માણસ વર્તમાનનું સંસારસુખ ખોઈ બેસે છે. મારો એક સિમ્પલ સવાલ છે કે, બીજા કોઈએ એની પસંદગી અને એની આવડત પ્રમાણે બનાવી રાખેલા રેડીમેડ સ્વર્ગ-જન્નત-મોક્ષમાં આપણને ન ફાવે કે મજા ન આવે તો પછી ત્યાંથી ક્યાં જવાનું? પરાણે ફવડાવીને ત્યાં જ પડી રહેવાનું કે પછી પૃથ્વીલોક પર આવવાની રિટર્ન ટિકિટ મળે? અરે ભાઈ, જેને અહીં નિરાંતે જીવતાં ન આવડ્યું, એને સ્વર્ગ મળી પણ જશે તો એ સ્વર્ગનેય નરક જ બનાવી દેશે. જેને પૃથ્વીલોકને સ્વર્ગ બનાવીને જીવવાનું આવડે છે એને સ્વર્ગની લાલચ કદી હોતી નથી.

આપણે વારંવાર ભૂલી જઈએ છીએ કે સમય અને ધન આપણા માટે છે. આપણે સમય અને ધન માટે નથી ! એટલે સમય અને ધનનો વાસ્તવિક, વ્યાવહારિક અને વિશિષ્ટ ઉપયોગ કરવો જોઈએ.

નવા વર્ષે નવા વિચારો સાથે નવી તાજગી અને નવી પ્રસન્નતાનું વરદાન આપણે સૌ પામીએ અને માણીએ, તો માત્ર નવું વર્ષ જ નહીં, આપણા ભવનો સમગ્ર ફેરો સાર્થક થશે !

(મો. ૯૪૨૮૫ ૬૮૩૬૮)

## ૧૦ પીવાના પાણીની ખેંચનો ઘરેલું ઉકેલ - 'ભૂગર્ભ ટાંકો'

**હીરજી ભીંગરાડિયા**

---

જેને નથી કોઈ રંગ કે નથી ગંધ-સુગંધ, નથી કોઈ ખારો, તૂરો, તીખો, કડવો, ગળ્યો સ્વાદ કે નથી શરીરને જોઈતાં પોષક તત્ત્વો તેમાં, અને છતાં જીવ માત્રમાં જીવનરસ બની વ્યાપી રહેલું કુદરતનું અદભૂત સર્જન એટલે 'પાણી'!આ પાણીનાં ઘન, પ્રવાહી અને વાયુ કહોને બરફ, પાણી અને વરાળ એવાં ત્રણ રૂપો પૂરેપૂરાં પાણીદાર! સીધાં હાલે તો સર્જનહાર અને અવળાં હાલે તો વિનાશકારી!

પાણીની વરાળમાંથી વાદળ બંધાય. વાદળાંમાંથી પાણી અને કરા રૂપે વરસાદ વરસે-આમ પાણીનું પરિભ્રમણ નિરંતર ચાલ્યા કરે અને એના થકી ધરતી પરના પ્રાણી,વનસ્પતિ સૌ જીવોનાં જીવન ધબકતાં રહે છે.

એના બદલાયાં કરતાં સ્વરૂપો ભલેને છે ત્રણ, પણ પૃથ્વી પરનો કુલ જથ્થો તો એટલો જ રહે છે. બહુ અચંબો પમાડે એવી વાત એ છે કે કરોડો વરસથી આ પૃથ્વી પર કંઈ કેટલાયે દટ્ટણ-પટ્ટણ થઈ ગયાં, પણ એના પાણીના કુલ જથ્થામાં જરીકે ય વધ-ઘટ થઈ નથી. નવું પાણીનું ટીપું યે ક્યાંયથી ઉમેરાયું નથી કે ટીપાનો યે નાશ થયો નથી !

મીઠું પાણી આપણા માટે મહામૂલું એટલા માટે છે કે પૃથ્વી પરનાં કુલ પાણીનો ૯૭% જથ્થો તો ખારાપાણી સ્વરૂપે સમુદ્રમાં હિલોળા લઈ રહેલો છે. પીવા લાયક મીઠાં પાણીના બાકી રહેલ ૩% પાણીમાંથી પણ બે ભાગનો જથ્થો તો ઉત્તર-દક્ષિણ બન્ને ધ્રુવો અને પર્વતો પર બરફ સ્વરૂપે રોકાઈરહેલો છે. જમીન પર તો ત્રીજા ભાગથી યે ઓછું પાણી છે - કુલ પાણીના ૦.૬૫ ટકા જેટલું - અને એ ય બધું આપણે સીધેસીધું ઉપયોગમાં લઈ શકીએ તેવું એટલા માટે નથી કે એનો પણ ૯૮.૭ ટકા જથ્થો તો જમીનમાંઊતરી ગયેલ ભૂગર્ભ-જળ સ્વરૂપે હોઈ નદી-તળાવ અને સરોવરમાં સંચિત તો ૧.૩ ટકા જ બચેલું છે. કુલ પાણીના મીઠા પાણીવાળા ૩ % હિસ્સા માંહ્યલા ૦.૬૫ % નો યે ૧.૩ % હિસ્સો આપણી વપરાશના ક્ષેત્રમાં છે. અને તે યે કેટલો છે તે જાણશો તો યે અધ..ધ કહેવાઈ જશે! ૧,૧૩૦૦૦ અબજ ઘન મીટર! અને છતાં આપણો જ ગેરવહીવટ આપણને પાણી માટે રડાવે છે.

આપણા ભાગે આવતાં માત્ર આટલાં અલ્પ જથ્થાના પીવા-લાયક પાણી ઉપર પ્રાણી-સૃષ્ટિને જિવાડવાની કેવી મોટી જવાબદારી છે, અને જીવ માટે પાણી કેવું મૂલ્યવાન છે બોલો! બીજી બધી યે જગતની કોઈ પણ વપરાશી ચીજોની ચિંતાઓમાં પાણીની ચિંતાને અગ્રતા આપવા જેવું નથી લાગતું? તમે જ કહો!

**આપણી હાલની પરિસ્થિતિ :**

અત્યારની આપણે ત્યાંની સામસામા છેડાની વિષમ પરિસ્થિતિ તો જુઓ! સૂપડાધારે વરસતા વરસાદનું પાણી, પૂર બની હાહાકાર મચાવી આપણી નજર સામે જ હડી કાઢતું દરિયા ભેળું થઈ જાય છે, અને ઉનાળો આવ્યા ભેળા ખાલી બેડાં લઈ પાણી માટે અહીં-તહીં ભટકવાનું શરૂ થઈ જાય છે. અરે! સરકારી ઓફિસોમાં આવેદનપત્રો આપીએ છીએ, બેડાં-સરઘસ કાઢી હાય હાય ને કાળો દેકારો બોલાવીએ છીએ! પાણી સંગ્રહ અને વિતરણની આપણી આજની પદ્ધતિ માણસોની તરસ છીપાવી શકવામાં ઢીલી પડી રહી છે.

**ઉકેલ આપણા હાથમાં જ છે :**

આ પરિસ્થિતિનો ઉકેલ લાવવા ધારીએ તો વાત આપણા હાથની જ છે. અને ખરું કહીએ તો વસ્તીનો થઈ રહેલ વધારો અને આધુનિક સંસ્કૃતિના વિકાસના પરિણામે પાણીનો વપરાશ જ એટલો વધી રહ્યો છે કે પાણીની આ કપરી પરિસ્થિતિમાંથી છૂટકારો મેળવવો એ માત્ર જરૂરી જ નહીં, પણ અનિવાર્ય પણ છે મિત્રો! કારણ કે આ બાબતે કોઈ સક્રિય પગલાં નહીં ભરાય તો પાણીના વધી રહેલા વપરાશ થકી ભૂગર્ભ જળ પણ ખૂટવાં લાગ્યાં છે.

પાણી એ જીવન માટે ઉત્તમ પ્રવાહી હોવા છતાં પાણીનો પોતાનો સ્વભાવ જ એવો છે કે ભૂગર્ભમાં રહેલા જાત-ભાતના ખનિજોને પોતાનામાં ઓગાળવા ઉપરાંત ઉદ્યોગ-ફેક્ટરીઓ વગેરેમાં વપરાઈને નીકળતાં પાણીમાં કેટલાય રસાયણો ભળેલાં હોય છે એ, અને એવું જ ખેડૂતોનાં વાડી-ખેતરોમાં વપરાતા ઝેરી જંતુનાશકો અને ફર્ટિલાઈઝરોના કેટલાય રસાયણો ઉપરાંત માણસોના નાહવા-ધોવાનાં પાણી માંહ્યલા સાબુ-સોડા અને કૃત્રિમ રસાયણો અને સંડાસના શોષખાડા વગેરેનું નિતરાણ પણ ધરતીના પેટાળમાં જ ઉતારવાનું ને? અરે! કોઈ કોઈ નદીઓમાં તો સીધી ગટરો ઠલવાતી હોઈ-નદીઓનાં પાણી તો પીવા લાયક રહ્યાં નથી. એ બધાં દૂષિત પાણી જ્યારે ભૂગર્ભમાં ઊતરી જાય અને ફરી કૂવા-બોરમાંથી ખેંચી બહાર કાઢીએ તો એ તો પાણી એનું એ જ મળવાનું ને? તળમાં હોય એ જ બહાર આવે ને?

**સવાલ માત્ર આપણા પૂરતો નથી :**

માત્ર સૌરાષ્ટ્ર, ગુજરાત કે હિંદુસ્તાન પૂરતો જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં મીઠાં-પીવાલાયક પાણીનો જથ્થો વધુને વધુ ઘટી રહ્યો છે, ત્યારે વહેલાસર જાગી, કાયમી ઉકેલ બાજુ વળ્યા વિના છૂટકો જ નથી ભાઈઓ! શુદ્ધ અને પીવાલાયક મીઠું પાણી મેળવવું હોય તો એનો એક માત્ર ઉપાય જો કોઈ હોય તો એ છે વરસાદી પાણીને જ ઝીલી લઈ, સંગ્રહી લેવું. એ આપણા વડવાઓનો વરસો જૂનો અમલીકરણ ઉકેલ છે.

**આ રહ્યા બોલતા પુરાવા :**

૩૦૦ વરસ જૂની-પુરાણી આ પદ્ધતિ ગુજરાતના ઘણા પ્રદેશોમાં-પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, દ્વારકા, ઓખા, મહેસાણા, વેરાવળ, સુરેન્દ્રનગર અને ખેડા જિલ્લાનાં ગામોમાં વરસાદી પાણીને ઝીલી લઈ સંગ્રહ કરી લેવાના ભૂગર્ભ ટાંકા આજે પણ જોવા મળી રહ્યા છે.

ગ્રામવિદ્યાપીઠ લોકભારતી સણોસરાના મારા સહાધ્યાયી હાલ રાજકોટ રહેતા મારા પરમ મિત્ર ડૉ.વિનોદ માંગુકિયાએ તેમના મારા પરના પત્રમાં જણાવ્યું છે કે 'પીવાનું શુદ્ધ પાણી મળે તે માટેના એક માત્ર ઉપાય રૂપે અમે અમારા આંગણાંમાં વરસાદી પાણી ઝીલી, તેનો સંગ્રહ કરી શકાય તેવા પચ્ચીસ પચ્ચીસ હજાર લીટરના બે અંડરગ્રાઉન્ડ ટાંકા બનાવી લીધા છે. અગાસીને ખૂબ સાફ કર્યા પછી વરસતા વરસાદનું પાણી તેમાં ભરીએ છીએ. ટાંકાને એરટાઈટ ઢાંકણથી બંધ રાખીએ છીએ, અને આખું વર્ષ પાણી તાજું જ રહે છે. આ પાણીનો લેબોરેટરી ટેસ્ટ પણ કરાવ્યો છે, અને તે પ્રદૂષણ મુક્ત-પીવાલાયક સાબિત થઈ રહ્યું છે.' જૂનાગઢમાં જેણે જેણે આવા ભૂગર્ભ ટાંકા બનાવ્યા છે તે બધાનો અનુભવ એવો જ છે કે 'ભૂગર્ભ ટાંકાનું પાણી પીધા પછી બીજું પાણી ભાવતું નથી.' આવા ભૂગર્ભ ટાંકા બનાવવા માટે આપણને સરકાર સબસીડી ફાળવીને પ્રોત્સાહન આપી રહી છે.

અમારી જ વાત કરું તો અમારા પરિવારના સુરત-સચીનના મકાનો ઉપરાંત અમારા ગામ માલપરા અને બાજુના ગામ ઢસામાં પણ ઘણાબધા મિત્રોનો આવો જ સારો અનુભવ ભૂગર્ભ ટાંકા બાબતે રહ્યો છે.

**ક્યાં બનાવાય આવો ટાંકો?**

આપણા મકાનને જો ફળિયું હોય તો ફળિયામાં અને ન હોય તો મકાનની ઓશરી કે રૂમની નીચે પણ બનાવી શકાય. ટાંકો તો ફળિયામાં જમીન ઉપર પણ બનાવી શકાય કે પ્લાસ્ટિકની ટાંકી મૂકી, એમાં પણ પાણી સંગ્રહી શકાય, પણ ફળિયામાં જમીન ઉપર આ વ્યવસ્થા ઊભી કરવાથી એટલી જગ્યા રોકાઈ ન રહે અને ઠંડી-ગરમી જેવી વાતાવરણીય માઠી અસરોનો ભોગ પણ ન બનવા પામે એટલા માટે જમીનની અંદર બનાવવો વધુ ફાવે. એમાં ધ્યાન તો એટલું જ રાખવાનું હોય છે કે મકાનની છત કરતાં ટાંકાનું લેવલ નીચું રખાયું હોય તો છતનું પાણી સરળતાથી ટાંકામાં ઊતરી શકે.

**કેવો હોય આ ભૂગર્ભ ટાંકો?**

ટાંકાનો ઘાટ ગોળ, ચોરસ કે લંબચોરસ અને ઊંડાઈ કેટલી રાખવી, તે આપણી પાસેના ફળિયાની વિશાળતા અને સિચ્યુએશન ઉપરાંત આપણા કુટુંબની જનસંખ્યા અને

એની પાણીની જરૂરિયાતને ધ્યાને લઈ નક્કી કરાય. ચોરસ ઘાટ કરતાં ગોળ ઘાટમાં એટલા જ માલ-સામાનથી મજબુતાઈ વધારે મળતી હોય છે. એક ઘનમીટર જગ્યામાં ૧૦૦૦ લીટર પાણી સમાઈ શકે. એટલે આપણે જેટલા હજાર લીટર પાણીની જરૂર હોય, એટલા ઘનમીટર મળી રહે તે રીતે ગણિત કરી લંબાઈ-પહોળાઈ અને ઊંડાઈ નક્કી કરી ટાંકો બનાવાય. ટાંકો બનાવવામાં એકવાર ખર્ચ કરવો પડે પણ પછી એ ટાંકો વરસો સુધી આરોગ્યપ્રદ પાણી પૂરું પાડવાની ફરજ બજાવતો રહેશે.

**ગણિત કેવી રીતે ગણવું ?**

સામાન્ય રીતે ૫ માણસ એક કુટુંબની જનસંખ્યા ગણાય. વ્યક્તિદીઠ રોજ પીવા અને રસોઈ માટે ૧૦ લીટર પાણીની જરૂરિયાતને ધ્યાને લેતાં ૫૦ લીટર રોજનું અને મહિનાનું ૧૫૦૦ લીટર પાણી જોઇએ. એ રીતે ગણિત કરતાં વરસભરની એક કુટુંબની પાણી જરૂરિયાત ૧૮૦૦૦ લીટર થાય.

હવે આપણે ત્યાં માનો કે ઓછો વરસાદ વરસતો હોય તો પણ ૭-૮ ઈંચથી ઓછો તો ન જ હોય ને? ૩૩ બાય ૩૩ ફૂટ લાંબા-પહોળા એક છત પર પડતું પાણી ભેગું કરી લેવાય તો ૨૦૦૦૦ લીટર મળી રહે. ખરી વાત તો એમ ગણાય કે ચોમાસાના ૩-૪ મહિનામાં જેટલું પાણી વપરાય એટલું તો પાછું ટાંકામાં ઉમેરાતું રહેવાનું. છતાં માની લઈએ કે બારે મહિના જરૂર છે, તો પણ ટાંકાનું પાણી વધી પડે એટલું મળી રહેવાનું છે, પછી છે કોઈ સવાલ, બોલો!

**બાંધકામ કેવું હોય?**

જરૂરિયાત મુજબ જમીનમાં જેસીબી અગર મજૂરો દ્વારા ખાડો ગાળી, ચોતરફની દિવાલો, તળિયું તથા મથાળું-બાંધી બાજુઓ આર.સી.સી. ચણતર અને અંદરની બાજુમાં સિમેન્ટ-કળીચૂનાનું પ્લાસ્ટર તથા ટાંકો ચારે બાજુથી બંધ, માત્ર ઉપર એક બાજુ ૨ ફૂટ લાંબુ-પહોળું મોઢું રાખવાનું, જેના પર પાકું ઢાંકણ લગાડી દેવાનું કે જેથી જરૂર પડ્યે અંદરથી ટાંકાની સફાઈ કરવી હોય તો ફાવે. બાકી ઉપરનું ઢાંકણ તો કાયમ બંધ જ રાખવું જોઈએ.

આ ઉપરાંત ઢાંકણ પાસે અઢી કે ત્રણ ઈંચ વ્યાસવાળા પાઈપના બે ટુકડા મથાળાનું આર.સી.સી. કરતી વખતે અંદર ફીટ કરી દેવા કે જેથી એક કાણાંમાંથી છત પર ભેળું થયેલું પાણી ટાંકામાં ઉતારવા માટે પાઇપ ઉતારી શકાય, અને બીજા કાણામાં ટાંકા માહ્યલા પાણીને બહાર કાઢવા માટેના ડંકી અગરતો નાની સબમર્સિબલ મોટરની પાઇપને રાખી શકાય.

**પાણી ટાંકામાં ઉતારવું :**

છાપરા, નળિયાવાળાં મકાનનું પાણી તો નેવે જ ઉતારવાનું. એટલે એક બાજુ ઢાળ આપી છાપરાંની લંબાઈ સાથે જોડેલ ખાળિયા દ્વારા વરસાદી પાણી વહેતું વહેતું તેને છેડે લગાડેલ પાઈપ વાટે ટાંકામાં સીધું જ ઉતારાય.અને મકાન જો પાકી અગાસીવાળું હોય તો અગાશીમાંથી પાણી બહાર નીકળવાના નાળચા સાથે ફીટ કરેલ પાઇપ દ્વારા પાણી સીધું ટાંકામાં ઉતારી શકાય છે.

વરસાદ પહેલાં અગાશી વાળીચોળી-ધોઈ સાફ કરવી અને શરૂઆતનું થોડું પાણી ટાંકા બહાર વહી જવા દીધાં પછી જ ટાંકામાં પાણી લઈ જતાં પાઈપમાં, અને એમાં પણ વચ્ચે ગળણી રાખી-પાણી ગળાઈને જ ટાંકામાં પ્રવેશે એવી ચોક્કસાઈ લીધી હોય તો પાણી શુદ્ધ સ્વરૂપે એકઠું કરી શકાય છે.

**ભૂગર્ભ ટાંકો બનાવવાનો અંદાજિત ખર્ચ :**

એક અંદાજ મુજબ ૧૫૦૦૦ લીટર પાણી સમાઈ શકે એવડા ટાંકાનો ખર્ચ ૨૫-૩૦ હજાર રૂપિયા થવા જાય છે. પછી સ્થાનિક મજૂરી અને સિમેન્ટ, રેતી, કપચી, કડિયાકામ વગેરેના ભાવમાં જે તે પ્રદેશના ફેરફાર મુજબ થોડો-ઘણો ફેર હોઈ શકે અને ક્યારેક ક્યારેક સરકારશ્રીની આવા ટાંકા બનાવવાની યોજનાઓ શરૂ હોય ત્યારે એમાં અંદાજે ૪૦-૫૦% જેટલી સહાય પણ મળતી હોય છે. આવી આત્યંતિક જરૂરિયાતવાળી યોજનાઓ વરસોવરસ ચાલુ રાખવી જોઈએ એ વાત શાસનકર્તાઓને કેમ નહીં સમજાતી હોય?

**આ ટાંકામાં ભરેલું પાણી બગડે? :**

બંધ ટાંકામાં પહેલેથી એકઠું થયેલું ચોખ્ખું પાણી બગડતું

નથી. ભૂગર્ભટાંકો બધી બાજુથી બંધ-પેક રહેતો હોવાથી તેમાં બેકટેરિયા, જીવાત તો શું, શેવાળ સુદ્ધાં થતાં નથી. વળી આ પાણી શુદ્ધ હોવા ઉપરાંત બરફ જેવું ઠંડું અને બધી જ જાતની રસોઈ-દાળ સુદ્ધાં રાંધવામાં ભારે અનુકૂળ રહેતું હોય છે.દર ચોમાસે અંદર કળીચૂનો ભરેલી પોટલી મૂકી દેવાથી પાણી બગડવાનો થોડો-ઘણો રહેતો આપણો ભય પણ સાવ નાબૂદ થઈ શકે છે.

**અંતે :**

માનોકે દરેક લોકોની ટાંકો બનાવવાની ક્ષમતા નથી. પણ ૨૫-૩૦% તો એવા નીકળવાના જ કે તેઓ ધારે તો આવો ખર્ચ કરી શકે. આટલા લોકો પણ આવું કરે તો ૨૫-૩૦ કરોડ લોકોના પીવાના પાણીનો પ્રશ્ન આ પદ્ધતિથી હલ થઈ શકે. અને જો આમ થાય તો એ કોઈ નાનું કામ થયું ન ગણાય, મિત્રો! સરકારના પાણીપ્રશ્ને ખર્ચાતા કરોડો રૂપિયા બચે, જે અન્ય વિકાસમાં વાપરી શકે, અને મોટું કામ તો એ થાય કે આટલા બધાં લોકોની મીઠા પાણીની તરસ છીપે!

(પંચવટીબાગ,માલપરા જિ. બોટાદ મો.૯૩૨૭૫ ૭૨૨૯૭)

પોતાની જાતને ઉઘાડવી એ મોટી આધ્યાત્મિકતા છે.

આડંબર અને અહંકાર બંનેથી મુકત એ આધ્યાત્મિક છે. અધ્યાત્મમાર્ગે ચાલનારાઓએ કોઈની આલોચના કરવી જોઈએ નહીં. અધ્યાત્મ એ મુકિતનો બહુ મોટો ઉત્સવ છે.

નૃત્ય પણ અધ્યાત્મનો એક માર્ગ છે. નૃત્ય અધ્યાત્મ થઈ જાય તો નૃત્ય પણ પરમતત્ત્વને પામવાનો રાજમાર્ગ છે. પરમધરમ, પરમચિંતન, પરમવિવેક, પરમવિશુદ્ધિ અને પરમવાણી અધ્યાત્મજગતનું પંચામૃત છે.

(મોરારિબાપુ)

વિવેક શિષ્યની સંપદા છે અને પરમ વિવેક ગુરુની સંપદા છે.

દુર્જનના સંગથી વિવેક નષ્ટ થઈ જાય છે. વિવેક આવ્યો હશે તો પણ અધમનો સંગ કરવાથી ચાલ્યો જાય છે. કુસંગથી વિવેકનું હરણ થઈ જાય છે. આવેલો વિવેક પરમવિવેક સુધી ન પહોંચે તો કોઈ ચિંતા નહીં, પરંતુ કમ સે કમ અવિવેક તરફ ન જાય એ જરૂરી છે. વિવેક લૌકિક બની રહે પરંતુ એનાથી નીચે ન ચાલ્યો જાય એ આવશ્યક છે. વિવેક છે એનાથી ઉપર ઊઠીએ તો બહુ સારું છે, પરંતુ એનાથી આપણે નીચે તો ન જ જઈએ.સ્વાર્થ આવે ત્યારે વિવેકની માત્રા ઓછી થઈ જાય છે.

વ્યકિત પોતાની માનસિકતાથી પોતાની અંદર એક જગત બનાવી શકે, પરંતુ એના માટે જોઈએ વિવેક. વિવેક વારંવાર આપણું શુદ્ધિકરણ કરે છે. જેમનામાં વિવેક હોય એ બત્રીસ વર્ષનો હશે તો પણ તમને પ્રૌઢ લાગશે. વિવેક આવ્યો તો ધ્રુવ પ્રૌઢ બની ગયો. વિવેક આપણને પ્રૌઢ બનાવી દેશે. ઈશ્વર જયારે માણસને વિવેક આપે છે ત્યારે માણસ એમાંથી શુભ-શુભ લઈ લે છે અને વિકારોને છોડી દે છે.

(મોરારિબાપુ)

રામનામ કલ્પવૃક્ષ છે. રામનું નામ મહામંત્ર છે. રામતત્ત્વની ચિનગારી હરિનામના દીવડાઓ પ્રગટાવે છે. રામકૃપા આષાઢી મેઘ નથી, બારમાસી મેઘ છે. રામકૃપા અમૂર્ત, વ્યાપક અને સર્વકાલીન છે. રામને પામવામાં અહલ્યાની ધીરતા અને શબરીની પ્રતીક્ષા જોઈએ. મારી ‘રામાયણ’નો રામ નાનો નથી એમાં કબીર પણ છે. મહાવીર પણ છે, એમાં બુદ્ધ પણ છે. રામ મર્યાદાપુરુષોત્તમ કરતાં પણ વિવેકપુરુષોત્તમ વધારે છે. તુલસીનો રામ સાંપ્રદાયિક નથી.

(મોરારિબાપુ)

## ૧૧ જીવનનો સ્વભાવ

**ડો. બી. એમ. શેલડિયા**

ગતિ સંસારનો સ્વભાવ છે. અટકવું નહીં અને ચાલતું જ રહેવું, આવું સંસારનું સ્વરૂપ છે. અહીં કશુંજ અટકેલું, સ્થગિત થયેલું લાગતું નથી; જે સ્થગિત થયેલું, અટકેલું, સ્થિર થયેલું લાગે છે, તે પણ ચાલતું જ હોય છે. પથ્થર સ્થગિત થયેલ લાગે છે, મકાનની દીવાલો સ્થગિત થયેલી, સ્થિર થયેલી લાગે છે, પરંતુ હવે વિજ્ઞાન કહે છે, તે બધું જ ચાલી રહ્યું છે અને તે ગતિ બહુઆયામી છે, મલ્ટી-ડાયમેંશનલ છે, આને આપણે થોડું સમજીએ, તો આપણને પરમ ગતિનો ખ્યાલ આવી શકે કે પરમ ગતિ શું છે.

દીવાલ નક્કર અને સ્થિર દેખાય છે, થોડી પણ હલતી-ચલતી નથી, પરંતુ વૈજ્ઞાનિકો કહી રહ્યા છે, દીવાલનો અણુ-અણુ ચાલી રહ્યો છે, ગતિશીલ છે. જો આપણે દીવાલના પરમાણુને જોઈએ, તો બધા જ પરમાણુઓ ગતિશીલ છે. અને પ્રત્યેક પરમાણુની અંદર બીજા જે નાના ખંડો છે, ઈલેક્ટ્રાંસ, તે અતિશય તીવ્ર ગતિથી ચક્કર-ચક્કર ફરી રહ્યા છે. આપણને દીવાલ સ્થિર દેખાય છે, કારણ કે આપણી આંખો એટલી સૂક્ષ્મ ગતિને પકડવામાં અસમર્થ છે. ગતિ જેટલી તીવ્ર હોય છે, એટલી જ આપણી આંખો પકડવામાં અસમર્થ બની જાય છે.

જેમ કે વિજળીનો એક પંખો બહુજ જોરથી ફરી રહ્યો છે, તો આપણને એ ખબર પડતી નથી કે તેમાં ત્રણ પાંખો છે, ચાર પાંખો છે કે બે પાંખો છે. જો પંખો તેના કરતાં પણ વધારે તેજ ગતિથી ફરે, તો આપણને એ પણ ખબર નહીં પડે કે પંખામાં પાંખો છે. એવું જ લાગશે કે એક ગોળાકાર ટીન ગોળ-ગોળ ફરી રહ્યું છે.

વૈજ્ઞાનિકો કહે છે કે પંખાની ગતિ એટલી વધારી શકાય છે કે આપણે તેમાં હાથ ન નાખી શકીએ, અને એટલી ગતિ વધારી શકાય છે કે આપણે તેના ઉપર બેઠા રહીએ અને નીચે પંખો ફરતો રહે. તે આપણને સ્થિર લાગે. એટલી તેજ ગતિથી ફરી શકે છે કે બે પાંખડાં વચ્ચેની જે ખાલી જગ્યા છે, જ્યાં સુધીમાં એ ખાલી જગ્યાની ખબર પડે, તે પહેલા બીજી પાંખ આપણી નીચે આવી જાય, તેથી આપણને ક્યારેય ખબર પડી શકશે નહીં. ખબર પડવામાં સમય જોઈએ. અને જો ગતિ તીવ્રતાથી ઘુમતી હોય અને આપણી પકડવાની ક્ષમતા ઓછી પડતી હોય, તો ગતિની ખબર નથી પડતી.

પથ્થર પણ ચાલી રહ્યો છે, તેનો અણુ-અણુ ઘૂમી રહ્યો છે. દીવાલો પણ ચાલી રહી છે, તેનો અણુ-અણુ ફરી રહ્યો છે. એટલી તેજ ગતિથી તેનો અણુ ઘૂમી રહ્યો છે, જેટલી તેજ ગતિથી આકાશમાં ચંદ્ર-તારોડિયાઓ ફરી રહ્યા છે. આ જગતમાં કંઈજ સ્થિર નથી.

એડિગ્ટને પોતાની આત્મકથામાં લખ્યું છે કે ''જીવનભર પદાર્થોની શોધ કર્યા પછી મને એક શબ્દ મનુષ્યની ભાષામાં એવો મળ્યો છે, જો કે નિતાંત ખોટો છે, અને તે શબ્દ છે, 'રેસ્ટ', અટકાવ. કોઈ ચીજ આ દુનિયામાં અટકેલી-સ્થગિત થયેલી નથી. તેથી જયારે પણ આપણે કોઈ ચીજને કહીએ છીએ એટ રેસ્ટ, તો આપણે ખોટું જ કહીએ છીએ. કોઈ ચીજ અટકેલી નથી. કોઈ ચીજ સ્થગિત થયેલી હોઈ શકે પણ નહીં. આ જગતમાં હોવા માટે ચાલવું જ નિયમ છે.''

આ ગતિ બહુઆયામી છે. આપણે અહી બેઠેલા લાગીએ છીએ. નિશ્ચિત જ આપણે અહી બિલકુલ બેઠેલા જ છીએ, ચાલી નથી રહ્યા. પરંતુ જે પૃથ્વી ઉપર આપણે બેઠા છીએ, તે પૃથ્વી તીવ્ર ગતિથી ભાગતી-ભાગતી, ગોળ-

ગોળ ફરી રહી છે. આપણે જે પૃથ્વી ઉપર બેઠા છીએ, તે પૃથ્વી પોતાની ધરી ઉપર ઘૂમી રહી છે. અને પૃથ્વી માત્ર પોતાની ધરી ઉપર જ નથી ઘૂમી રહી, તે પોતાની ધરી ઉપર ઘૂમતી સૂર્યની પ્રદક્ષિણા પણ કરી રહી છે. પૃથ્વીની બેવડી ગતિ છે. અને પૃથ્વી જે સૂર્યની પ્રદક્ષિણા કરી રહી છે, એ સૂર્ય પોતાની ધરી ઉપર પૃથ્વીને માટે ફરી રહ્યો છે. અને પોતાના બધા જ ગ્રહોને સાથે લઈને તે સૂર્ય પણ કોઈ મહાસૂર્યનું પણ પરિભ્રમણ કરી રહેલ છે.

આવી મલ્ટી-ડાયમેંશનલ, ગતિની અંદર ગતિ છે અને ગતિની અંદર ગતિ છે. કદાચ જે મહાસૂર્યને આ સૂર્ય ચક્કર લગાવી રહ્યો છે, અને અનેક સૂર્યો ચક્કર લગાવતા હશે, તે સૂર્ય પણ પોતાની ધરી ઉપર ફરીને બીજા કોઈ મહાનથી મહાન સૂર્યના પરિભ્રમણમાં નીકળ્યો હશે. પરિભ્રમણ, સ્તરમાં સ્તર, પડમાં પડ, ગતિમાં ગતિ, જીવનનો સ્વભાવ છે.

આ પરિભ્રમણશીલ જીવનમાં શાંતિ અસંભવ છે. આ ગતિથી ભરેલા, ભાગતાં જગતમાં કોઈ વિશ્રામ સંભવ નથી. અને જ્યારે આપણે આપણી પથારીમાં લાંબા થઈને વિશ્રામ કરી રહ્યા હોઈએ છીએ, ત્યારે પણ આપણાં શરીરમાં આપણું લોહી પૂરી ગતિમાં હોય છે. આપણું હૃદય ધબકી રહ્યું છે; આપણો શ્વાસ ગતિ કરી રહ્યો છે, આપણું મન સ્વપ્નાઓમાં પરિભ્રમણ કરી રહ્યું હોય છે. જ્યારે આપણે આપણી પથારીમાં વિશ્રામમાં હોઈએ છીએ, ત્યારે પણ આપણી અંદર વિશ્રામની જગ્યા નથી. આ જગતમાં હોઈએ, ત્યાં સુધી વિશ્રામ નથી.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, અને જે તે અવ્યક્ત અક્ષર એવું કહ્યું છે, એ અક્ષર નામના અવ્યક્તભાવને પરમ ગતિ કહે છે. અને અર્જુન, જો તું એ પરમ ગતિને ઉપલબ્ધ થવા ઈચ્છે છે, તો ત્યાં વિશ્રામ સ્વભાવ છે.

"**અવ્યક્તો સર્વમિદં તતમ્‌॥**"

પ્રલોભન આપે એ સાધુ નહીં.સાધુ મધુકરની માફક ગુણગ્રાહી હોય છે.

સાધુનો કોઈ વર્ણ નથી હોતો, સાધુ વર્ણથી બહાર હોય છે. સાધુ કોઈનું કરજ નથી રાખતા. એ બધું દેતા જ રહે છે. જે નિરંતર જપ કરે છે અને જેને ખુદને પણ ખબર નથી કે મારા જપ ચાલી રહ્યા છે. સાધુ એ છે જે દાન આપે છે. જે નિરંતર આપે છે. સાધુ પરિગ્રહી નથી,અપરિગ્રહી છે. સાધુ પાસે આવ્યું અને લુટાવ્યું! અરે, ખુદને લુંટાવી દે છે! જેનું જીવન સાદું, સારું, સાચું અને સૌની સામું એનું નામ સાધુ. સાધુ તો સ્વીકાર પણ કરે અને જીવનમાં કોઈનો તિરસ્કાર પણ ન કરે એ સાધુ. સમયની સાથે જરાય તકરાર ન કરે એનું નામ સાધુ.

સાધુ એ છે જે ખૂબ અધ્યયન કરે છે. પંડિત થવા માટે નહીં પ્રેમી થવા માટે. સાધુ એ છે જે શ્રમ કરે છે. સાધુ પ્રમાદી નહીં હોય. સાધુ એ છે જે તપસ્વી છે. સાધુ એ છે જેમને મૌન પસંદ છે, જે મૌન રહેવાનું પસંદ કરે છે. બોલવાનું હશે ત્યારે બોલશે. સાધુ બોલશે તો પણ એવી રીતે બોલશે. બુદ્ધપુરુષ બોલવા છતાં પણ એ નથી બોલતા, એમનું મૌન બોલે છે.

(મોરારિબાપુ)

## ૧૨. ગાંધીનો ધબકાર : મહાત્મા ગાંધીના 'ટેન કમાન્ડમેન્ટ્સ'

**ગાંધીભારતી કેન્દ્ર- લોકભારતી**

---

ડિસેમ્બર એટલે વર્ષનો છેલ્લો મહિનો. ડિસેમ્બર એટલે ભગવાન ઈસુ ખ્રિસ્તના જન્મનો મહિનો. ઈસુ ખ્રિસ્તે દસ દિવ્ય આદેશ આપેલા જે 'ટેન કમાન્ડમેન્ટ્સ'ના નામે જાણીતા છે. દરેક સાચો ખ્રિસ્તી આ આદેશોનું પાલન કરે છે. બાઈબલના નવા કરારમાં આ કમાન્ડમેન્ટ્સ આપેલા છે.

મહાત્મા ગાંધી ઈસુને માનવજાતના શ્રેષ્ઠ શિક્ષક કહેતા, કેમકે તેમણે સત્ય માટે આત્મબલિદાન આપ્યું હતું અને કારમી પીડા વચ્ચે પણ એ પીડા આપનારાઓને માટે ક્ષમાભાવ સેવ્યો હતો. ઈસુએ આપેલા દિવ્ય આદેશ માનવજાતને આદર્શ નીતિમય અને ઈશ્વરપરાયણ જીવન જીવવા માટે અપાયેલા સીમાસ્તંભ છે.

દરેક ધર્મ અને દરેક મહાપુરુષ આવા આદર્શો આપે છે જેને અનુસરીને માનવીઓ સંપ અને શાંતિપૂર્વક જીવી શકે; સાથે એક આધ્યાત્મિક ઊંચાઈ પામી શકે. મહાત્મા ગાંધીના જીવન, કાર્યો અને વિચારો-વચનોમાંથી પણ આવા આધારસ્તંભરૂપ સિદ્ધાંતો મળે છે. આજે વાત કરીશું ગાંધીજીએ પ્રબોધેલા અને આચરણમાં મૂકેલા દસ સિદ્ધાંતોની.

તો જાણીએ મહાત્મા ગાંધીના 'ટેન કમાન્ડમેન્ટ્સ' કયા હતા -

૧. સત્ય બોલો : મહાત્મા ગાંધી સત્યને જ ઈશ્વર માનતા. બાળપણમાં રાજા હરિશ્ચંદ્રની વાર્તા સાંભળીને તેમના મનમાં સત્યને જ સર્વસ્વ ગણવું અને સત્ય માટે ગમે તેટલા દુઃખ ઉઠાવા તૈયાર રહેવું એવી જે પ્રેરણા મળી તેણે તેમને આજીવન પ્રેરણા આપી. તેઓ સત્યાચરણને ભગવાનની સેવા માનતા હતા. પોતાની આત્મકથાને તેમણે 'સત્યના પ્રયોગ' ગણાવી હતી.

૨. અહિંસાનું પાલન કરો : અહિંસા એ પરમવીરની ઓળખ છે. શસ્ત્રોથી વિશ્વને જીતવું સરળ છે. મનોવૃત્તિ ઉપર જીત મેળવવી ખૂબ જ મુશ્કેલ છે. અહિંસા એ પ્રેમનો સિધ્ધાંત છે. પ્રકૃતિના દરેક પ્રાણીનું રક્ષણ એ માણસનું કર્તવ્ય છે. વિરોધી સામે બદલાની ભાવના રાખ્યા વિના, અધિકાર માટે અડગ રહેવાની બહાદુરીની ભાવના છે.

૩. બ્રહ્મચર્યનું પાલન કરો : બ્રહ્મચર્યનો અર્થ દરેક ઈન્દ્રિયને સંયમમાં રાખવી એ છે. સંયમી, અપરિગ્રહી અને સાદાઈથી જીવનારો માનવી જ દેશની સેવા કરી શકે. બ્રહ્મચર્ય એ સેવા અને સાધનાનો રાજમાર્ગ છે. ઈશ્વરકૃપા અને શ્રદ્ધા વિના બ્રહ્મચર્યપાલન લગભગ અશક્ય છે. પતિ-પત્ની એકબીજાના સાથી છે. કોઈ ગુલામ નથી. બ્રહ્મચર્ય અને ઉપવાસ કરવાથી વ્યક્તિ તનમનથી સ્વસ્થ અને સેવાકાર્યો માટે મુક્ત બને છે.

૪. સ્વેચ્છાએ ગરીબી અપનાવોઃ લાલસા અને તૃષ્ણા જ પાપનું મૂળ છે. ત્યાગ અને અપરિગ્રહ મનુષ્યને હળવો બનાવે છે. વસ્તુઓ ભાર વધારે છે. ગાંધીજી આત્મકથામાં કહે છે કે, તેમને જલ્દીથી ખ્યાલ આવી ગયો કે જો તેઓ માનવજાતની સેવા કરવા માંગતા હોય, તો તેમણે પોતાનો સ્વાર્થ છોડવો જોઈએ. ઈસુ, મોહમ્મદ, બુદ્ધ, નાનક, કબીર, ચૈતન્ય, શંકર, દયાનંદ, રામકૃષ્ણ વગેરે મહાન માણસોએ પણ જાણી જોઈને ગરીબી અપનાવી હતી.

૫. દરેકે પરિશ્રમ કરવો જોઈએ : ગાંધીએ 'બ્રેડ માટે મેન્યુઅલ લેબર'નો સિદ્ધાંત આપ્યો. બાપુનું માનવું હતું કે, શરીરશ્રમ કર્યા વિના ભોજન લેવું એ પાપ છે. આપણે ત્યાં શ્રમનું ગૌરવ નથી અને શ્રમજીવીઓને હલકા ગણવામાં આવે છે પણ સમાજમાં જેટલી બુદ્ધિજીવીઓની તેટલી જ શ્રમજીવીઓની જરૂર હોય છે. હજામ અને સુથાર વગેરેમાં

ડોક્ટર અને ઇજનેર જેટલી કુશળતા હોય છે. દરેક બુદ્ધિજીવીએ જાહેર સેવા કરવી જોઈએ અને ફરજિયાત શારીરશ્રમ કરવો જોઈએ.

૬. સર્વોદય સિદ્ધાંતમાં ગાંધીજી કહે છે કે, તેઓ એકેશ્વરવાદી છે. માત્ર મનુષ્ય જ પ્રાણીઓની એકતામાં માને છે. જ્યારે કોઈ વ્યક્તિ આધ્યાત્મિક સ્તરે ઉન્નત થાય છે ત્યારે આખું વિશ્વ ઉન્નત થાય છે. તેવી જ રીતે, એક માણસનું પતન આખા વિશ્વને નીચે પાડે છે. આપણામાંના દરેકને છેલ્લે ઊભેલા માણસની બાહ્ય અને આંતરિક ઉન્નતિ માટે શક્ય તે બધું કરવું પડશે.

૭. સ્વરાજ વિશે ગાંધીજી કહેતા કે ભારત ફક્ત બ્રિટીશના તાબામાંથી મુક્ત થાય એટલું પૂરતું નથી. તેઓ દેશવાસીઓને તમામ પ્રકારના અવલંબનથી મુક્ત કરવા માટે કટિબદ્ધ હતા. એક શાસકને બદલવો અને બીજા શાસકને લાવવો એમાં એમને રસ ન હતો. સ્વરાજની સ્થાપના ભારતના ૭ લાખ ગામોની આત્મનિર્ભરતામાં છે. દરેક વ્યક્તિ તે જ સમયે સ્વતંત્ર હોય છે જ્યારે તે પોતાના આત્માના અવાજને અનુસરી જે ખોટું હોય તેને 'ના' કહેવાનું શીખી જાય છે. ગાંધીજીના સપનાનું સ્વરાજ એ ગરીબોનું સ્વરાજ છે.

૮. મહાત્મા ગાંધી પ્રેમની શક્તિને આત્મા અને સત્યનું બળ માનતા હતા. પ્રેમની મદદથી સમાજના અસંખ્ય વિવાદો સફળતાથી ઉકેલી શકાય છે. ભાઈચારો અને પ્રેમની ગેરહાજરીમાં, જડ બળનો પ્રભાવ શરૂ થાય છે. સમાજ અને વ્યક્તિઓ વચ્ચેના ઝઘડાઓ, યુદ્ધો અને ન્યાયિક વિવાદો જે સમાજમાં ઓછા હોય, જ્યાં ભાઈચારો અને પ્રેમ હોય. પ્રેમથી ઉકેલાતા વિવાદો વિશે અખબારોમાં કે ઈતિહાસમાં લખાતું નથી, પણ પ્રેમનું બળ અજેય છે એ નિઃશંક છે.

૯. સાચી અને અર્થપૂર્ણ લોકશાહી માટે બાપુ ટ્રસ્ટીશીપને આવશ્યક માનતા હતા. સમાજ અને રાજ્ય દરેક વ્યક્તિને તેની ક્ષમતા અનુસાર કમાવાનો અધિકાર આપે છે. આ કમાણીમાંથી, વ્યક્તિએ જરૂર પૂરતું વાપરવું અને બાકીની મિલકતને ટ્રસ્ટી તરીકે સાચવવી અને સમાજકલ્યાણ માટે વાપરવી એવું તેમનું કહેવું હતું, જો સૌ આ આદર્શને અનુસરે તો સમાજ સુખી અને સંપન્ન થાય. ગાંધીજીએ પરિવાર માટે કોઈ સંપત્તિ રાખી ન હતી.

૧૦. ગાંધી ગોપનીયતાને પાપ માનતા. માનવીનું જીવન ખુલ્લી કિતાબ જેવું હોવું જોઈએ. છુપાવવું ત્યારે જ પડે જ્યારે તેમાં અનીતિ કે સ્વાર્થ હોય. ચાલો ગોપનીયતાને નફરતથી જોઈએ. ગાંધીજી ત્યાં સુધી કહેતા કે મનમાં પણ છુપાવવા પડે એવા કોઈ વિચાર લાવવા નહીં. હિસાબ હોય કે આહારવિહાર, ગાંધીજીનું દરેક કાર્ય જાહેર હતું. એમનું સમગ્ર જીવન પારદર્શક હતું.

(ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર
અનુશીલન કેન્દ્ર, લોકભારતી સંપર્કઃ ૯૯૭૯૧
૮૭૫૮૭, ૯૮૩૩૭૦૮૪૯૪, ૮૩૬૯૭૭૭૦૮૬
email: appliedgandhi150@gmail.com)

**સવિનય કાનૂન ભંગનોઆરંભ**

દાંડીકૂચ-મીઠાના કાયદાના ભંગ બદલ સત્યાગ્રહ લડતની આગળની સાંજે, ૧૯૩૦ની ૧૧મી માર્ચે ગાંધીજીએ પ્રાર્થનાસભામાં જાહેરાત કરેલી કેઃ 'હું કાગડા કે કૂતરાના મોતે મરીશ, પરંતુ સ્વરાજ લીધા વિના પાછો નહીં ફરું.' ૧૨મી માર્ચે ૧૯૩૦ની સવારે નીકળેલા લોકો અમદાવાદથી ૩૭૦ કિમી. ચાલીને ૨૫ દિવસ પછી પાંચમી એપ્રિલે દાંડી પહોચી ગયા અને છઠ્ઠી એપ્રિલે સવારે ગાંધીજીએ એક ચપટી મીઠું ઉપાડ્યું અને મીઠાના કાળા કાયદાનો ભંગ કર્યો હતો.

૧૯૩૦ની દાંડીયાત્રાથી 'સવિનય કાનૂન ભંગ'ની લડત શરૂ થઈ ગઈ હતી. આ દાંડીકૂચની વાત સમગ્ર જગતમાં વાત પ્રસરી ગઈ ત્યારે જગત સમક્ષ બાપુએ જાહેર કરેલુંઃ 'બળિયા સામેના સંગ્રામમાં હું વિશ્વની સહાનુભૂતિ માંગું છું.'

## ૧૩. સંસ્થા સમાચાર (નવેમ્બર, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- લોકભારતીમાં યોજાનારી રામકથા અનુસંધાને તા.૦૨ના રોજ સણોસરા ગામના સીત્તેરક આગેવાનો સાથેની એક બેઠક લોકભારતીમાં રાખવામાં આવી. શ્રી અરુણભાઈ દવેએ રામકથા અંગે ભૂમિકા રજૂ કરી. સૌએ એકી અવાજે રામકથાના આયોજનમાં સહકાર આપવાની ખાત્રી ઉચ્ચારી. તેમ જ તા.૧૧મીના રોજ સણોસરા ગામના રામદેવપીર મંદિરના ચોકમાં રામકથા અન્વયે યોજાયેલ ગ્રામસભામાં પણ સૌએ એકી અવાજે રામકથા પ્રસંગને વધાવી લેવા અને સેવા આપવાની ખાત્રી આપી.
- તા. ૦૨ ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓ રાજ્ય સરકાર દ્વારા આયોજિત સ્ટેટ લેવલ એજ્યુકેશનલ એચીવમેન્ટ સર્વે (SEAS)માં ફિલ્ડ ઇન્વેસ્ટીગેટર તરીકેની કામગીરીમાં જોડાયા. સિહોર, ગારિયાધાર, પાલીતાણા અને જેસર તાલુકાની પસંદ થયેલ સરકારી અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આ કાર્ય હાથ ધરવામાં આવ્યું.
- તા.૪ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના તમામ વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી કાંતિભાઈ ગોઠીએ દૂબઈ પ્રવાસના અનુભવો વર્ણવ્યાં.
- તા. ૦૮ ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનું વાલી મિલન યોજાયું. મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા. આ નિમિત્તે સંસ્થાના સૌ વડીલશ્રીઓ, આચાર્યશ્રી, મુખ્ય ગૃહપતિશ્રી, ગૃહપતિ, ગૃહમાતાએ પ્રાસંગિક વાતો કરી.
- તા.૯ના રોજ UGC અંતર્ગત ઓટોનોમી માટે IIQAએ તૈયાર કરીને UGCમાં સબમીટ કરવામાં આવ્યો.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં સમગ્ર માસ દરમિયાનમાં શ્રી નિર્મળભાઈએ એસ.બી.એમ. તેમજ વિવિધ યોજનાકીય જરૂરી માહિતી વિશે, શ્રી દિલીપભાઈ મહેતાએ રેકર્ડ જાળવણી વિશે, શ્રી વિશાલભાઈ ભાદાણીએ એ.આઈ. ટેકનૉલોજી અને વર્લ્ડ ચેન્જ વિષે તેમજ શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'જીવન જીવવાની કળા' વિષય પર તાલિમાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપ્યાં.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૮ના રોજ મંત્રી ઓપવર્ગ – ૨૫૩ના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે ઉપસ્થિત રહી શુભેચ્છા તેમજ પ્રમાણપત્ર વિતરણ કરેલ.
- સંવત ૨૦૮૦ના નૂતન વર્ષના પ્રભાતે લોકભારતી પરિવારનું સ્નેહ મિલન તા.૧૪ના રોજ યોજાઈ ગયું. તેમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી અરુણભાઈ દવેએ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી અને કેટલીક સંસ્થાગત વાતો પણ રજૂ કરી.
- તા.૧૭મીના રોજ સવારે ઓચિંતા જ પૂ.મોરારિબાપુ રામકથા સ્થળની મુલાકાતે આવી ગયા. પૂ.બાપુએ રસપૂર્વક રામકથા માટેના બધાં જ સ્થળોની મુલાકાત લીધી અને સૌને સધિયારો પણ આપ્યો.

- તા.૧૯-૨૦ના શ્રી હસમુખભાઈ દેવમુરારિ માઈધાર કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યા.
- તા.૨૧ના રોજ રામકથાની પૂર્વ તૈયારીઓના આયોજન સંદર્ભે રાજકોટથી શ્રી ભરતભાઈ ચાંદ્રાણી અને મહુવાથી શ્રી ચીમનભાઈ વાઘેલા તેમની ટેક્નિકલ ટીમ્સને લઈને સ્થળ મુલાકાતે આવ્યા. બાપુ-નિવાસસ્થાન, કથાસ્થળ, ભોજનાલયો, રસોડાંઓ, રસ્તાઓ વગેરેની બધી જ તૈયારીઓ તેમણે બહુ જ ઝીણવટપૂર્વક જોઈ. જે જે બાબતો બાકી હતી તે સૂચવતા ગયા. તા.૨૫ના રોજ પણ તે સૌ ફરી આવ્યા. રામકથા તૈયારી માટે આવેલા સૌનું એક અલગથી રસોડું વગેરે શરૂ કરાવી દેવામાં આવ્યું છે અને શુભેચ્છા ભોજન પણ ગોઠવવામાં આવ્યું.
- તા.૨૧ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩નો ઓરીએન્ટેશન સેમીનાર યોજાયો જેમાં કૃષિવિજ્ઞાન કેન્દ્રના શ્રી પ્રદીપભાઈ ક્યાડા, શ્રી વિક્રમભાઈ દેસાઈ તેમજ શ્રી શિલાબહેન બોરીચા ભાગ લઈ આવ્યા.
- તા.૨૩ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૫૪નો વર્ગ પ્રારંભે શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો.
- તા.૨૩ના રોજ આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટીના સોઈલ સાયન્સના વૈજ્ઞાનિક ડૉ.વી.પી. રામાણીએ થર્ડબી.આર.એસ.ના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો.
- તા. ૨૪ અને ૨૫ દરમિયાન યોજાયેલ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ અંતર્ગત કૃષિવિજ્ઞાન કેન્દ્રમાંથી શ્રી પ્રદીપભાઈ ક્યાડા, શ્રી પરેશભાઈ રાઠોડ અને શ્રી વિનીતભાઈ સવાણી શામપરા, ભાવનગર ખાતે અને શ્રી વિક્રમભાઈ દેસાઈ અને શ્રી શિલાબહેન બોરીચા દેવગાણા, સિહોર ખાતે વ્યાખ્યાન આપ્યા અને પ્રદર્શન યોજ્યા.
- તા.૨૫થી સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ થઈ છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં દરેક તાલુકાના બે ગામમાં રથ યાત્રાના કાર્યક્રમો યોજાય છે જેમાં કૃષિવિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો દ્વારા પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન અપાય છે. આ કાર્યક્રમમાં દરેક ગ્રામપંચાયત આવરી લેવામાં આવશે.
- તા.૨૫ના રોજ UGCમાં વર્ષ ૨૦૨૨-૨૩ના AQAR તૈયાર કરવા માટે જરૂરી એવું પર્યાવરણ સંબંધી વિભાગીય ગ્રીન ઓડિટ દિલ્હીની NAAC દ્વારા માન્યતા પ્રાપ્ત એજન્સી દ્વારા કરવામાં આવ્યું.
- તા. ૨૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલના પ્રથમ વર્ષ બી.આર.એસ.ના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ યોજવામાં આવેલી.
- તા.૨૮ના રોજ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પ્રમુખ શ્રી હિંમતભાઈ ગોડા, ઉપપ્રમુખ શ્રી વલ્લભભાઈ લાખાણી અને મંત્રી શ્રી પરાગભાઈ ત્રિવેદી લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૨૮ના રોજ જાણીતા કવિ અને પ્રાચીન સંતસાહિત્યના મર્મી શ્રી દલપતભાઈ પઢિયાર લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવ્યા અને રાત્રે ૦૮-૩૦ કલાકે તેઓનો સંતવાણી અને લોકસાહિત્ય અંગેનો એક કાર્યક્રમ સારસ્વતભવનમાં ગોઠવાઈ ગયો.
- ઓપવર્ગ ૨૫૪માં તા.૩૦ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ પંચાયતીરાજ તાલીમ કેન્દ્રની રાત્રિ પ્રવૃત્તિમાં કૈલાસ માનસરોવર

યાત્રાનું પી.પી.ટી.દ્વારા રજૂઆત કરી જેમાં તાલીમાર્થીઓને આનંદ સાથે સાહસિક બનવાની પ્રેરણા પણ મળી.

**આંબલા સમાચાર**

- તા. ૦૬ના રોજ જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભાવનગર આયોજિત રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ અંતર્ગત ભાવનગર જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકોએ બાળકોના બહુવિધ વિકાસ માટે કરેલ "નવતર પ્રયોગો" (INNOVATION)ના પ્રચાર-પ્રસાર માટે ભાવનગર જિલ્લા કક્ષાનો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૩-૨૪નું આયોજન કરેલ. આ પ્રદર્શનના ઉદ્ઘાટન કાર્યક્રમમાં શ્રી રૈયાબહેન મિયાણી-પ્રમુખ, જિલ્લા પંચાયત- ભાવનગર, અતિથિ વિશેષશ્રીઓ શ્રી કમુબહેન ચૌહાણ-ચેરપર્સન, જિ. શિ. સમિતિ, ભાવનગર, ડૉ. શિશિરભાઈ ત્રિવેદી-ચેરમેન, નગર પ્રા.શિ.સમિતિ, ભાવનગર શ્રી રાજદીપસિંહ જેઠવા - ડે.ચેરમેન, પ્રા.શિ.સમિતિ, ભાવનગર, ડૉ. અરૂણભાઈ દવે-મેનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી, સણોસરા, શ્રી મુકેશભાઈ રાઠોડ -સદસ્ય, જિલ્લા પંચાયત, ભાવનગર સહિત મહાનુભાવોની ઉપસ્થિત રહેલ આ આ ઈનોવેશનમાં જિલ્લાના ૩૫ શિક્ષકોએ પોતાનું ઈનોવેશન રજૂ કરેલ. આ પ્રદર્શનો લાભ જિલ્લામાંથી અંદાજે ૮૦૦ શિક્ષકોએ લીધેલ છે.
- તા. ૦૬ના રોજ ગુજરાતી ફિલ્મના જુના અને જાણીતા લોકપ્રિય ગાયક શ્રી પ્રફુલભાઈ દવે અને તેમના પુત્ર હાર્દિકભાઈ દવે દીપકભાઈ પંડ્યા ના ઘરે આંબલા સંસ્થામાં શ્રી શીતલબહેન પંડ્યા અને શ્રી ધ્રુવભાઈ પંડ્યા આમંત્રણથી પધાર્યા....
- તા.૧૪ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા, આંબલામાં નૂતન વર્ષની પ્રભાતે સંસ્થાના માર્ગદર્શકો, વડીલો શ્રી લાલજીદાદા, શ્રી અરુણભાઈ, શ્રી ફાજલભાઈ, શ્રી મેહુરભાઈ લાવતુકાની ઉપસ્થિતિમાં ગામના વડીલો, આગેવાનો અને વાલીઓ તથા સંસ્થાના કાર્યકરોનુ સ્નેહમિલન યોજાયું. સહુએ પરસ્પર શુભેચ્છાઓ પાઠવી નવા વર્ષનુ સ્વાગત કર્યું.
- તા.૧૫ના રોજ મોજીલા શિક્ષણ પ્રોજેક્ટના પૂર્વ કાર્યકર શ્રી અજયભાઈ મકવાણાનું નાની વયે અવસાન થતા દક્ષિણામૂર્તિ પરિવાર તરફથી શ્રદ્ધાંજલી આપવામાં આવી.
- તા. ૩૦ના રોજ દિવાળી વેકેશનની મજા કરી વિદ્યાર્થીઓ બીજા સત્રમાં હજાર થયા

**મણાર સમાચાર**

- તા. ૦૭ના રોજ શાળામાં ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓના પરિણામ વાલીને આપી, માર્ગદર્શન અપાયું, વાલી મિટિંગ યોજાઈ, સંમેલનમાં શૈક્ષણિક તેમજ ઇત્તર પ્રવૃત્તિમાં ભાગ લેનાર વિધાર્થીઓને ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો. નિયામકશ્રી, આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી.
- વિક્રમ સંવત ૨૦૮૦નું વર્ષ શરૂ થતા શ્રી પ્રવીણદાદાના અધ્યક્ષસ્થાને સ્નેહમિલનનું આયોજન થયું. નૂતન વર્ષના વધામણાં કરવામાં આવ્યા, આનંદ-ઉમંગથી ઉજવણી થઈ.
- દિવાળીના વેકેશન દરમ્યાન એફ.એમ ૯૫ રેડિયો વન અમદાવાદના શ્રી આર.જે.દેવાંગએ

સંસ્થાની મુલાકાત લીધી.

- તા. ૩૦ના રોજ બીજા સત્રની શરૂઆત થઈ.
- સંસ્થાની ખેતીમાં સોયાબીનનો પાક લેવાનું કામ પૂર્ણ થયું અને ૪૨(બેત્તાલીસ) એકરમાં લોક-૦૧ ઘઉંના બ્રીડરસીડની વાવણી પૂર્ણ કરવામાં આવી.
- મોજીલું શિક્ષણના કાર્યકરોની તાલીમ માઈધાર મુકામે યોજાઈ ગઈ.

**માઈધાર સમાચાર**

- તા. ૧ના રોજ BRC ભવન – પાલિતાણા NCERT દ્વારા આયોજિત પ્રખર SEAS રાજ્ય શૈક્ષણિક સિદ્ધિ સર્વેક્ષણની પરીક્ષા અંતર્ગત મિટિંગમાં નિર્મળભાઈ અને સંજયભાઈ જઈ આવ્યા.
- તા. ૨-૩ના રોજ NCERT દ્વારા આયોજિત પ્રખર SEAS રાજ્ય શૈક્ષણિક સિદ્ધિ સર્વેક્ષણ માટે ધો-૯ ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.
- તા. ૪ના રોજ છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાયો.
- તા. ૧૮થી ૨૩ દરમિયાન અમદાવાદથી શ્રી નિખિલભાઈ ત્રિવેદી દ્વારા કરાટે કેમ્પ યોજાયો. જેમાં ૧૧૦ બાળકોએ ભાગ લીધો.
- તા.૧૯ના રોજ કરાટે કેમ્પમાં આવેલ બાળકોને શ્રી હસમુખભાઈ દેવમુરારિ તેમજ શ્રી ધરતીબેન જોગરાણાએ આકાશદર્શન કરાવ્યું.
- તા.૨૯ -૩૦ના રોજ શ્રી ભરતભાઈ દવેએ પ્રાર્થનાના અનુસંધાને ભગવાન બુદ્ધના જીવનચરિત્ર અને તેમના જીવનના વિવિધ પ્રસંગો સમજાવી, જ્ઞાન મારગ, વિપશ્યના ધ્યાન વિશે સમજણ આપી.
- તા. ૨૮-૨૯ ના રોજ GSCEL ફાઉન્ડેશનના કાર્યકરોની બે દિવસીય લેખન, ગણન, વાંચન પર તાલીમ યોજાઈ જેમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણના કાર્યકરોને શ્રી એભલભાઈ ભાલિયા, શ્રી પાતુભાઈ આહિર, શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા તાલીમ આપવામાં આવી.
- આ માસ દરમિયાન માઈધાર કેન્દ્રની મુલાકાતે શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ પરિવાર, સાંદિપની ગુરુકુળ પોરબંદરના ઋષિકુમારો અને અધ્યાપકોતેમજ નવા વર્ષ નિમિત્તે બહોળી સંખ્યામાં પૂર્વ વિદ્યાર્થીઓ આવી ગયા.

**એ..ય ગુલાબી એ..ય ગુલાબી**

છલકે લાલી લાલી પાદર એ..ય ગુલાબી
પગ મૂકયો ત્યાં આંગણ ઘર-ઘર એ..ય ગુલાબી

તારા મંડપ સુધી આવી થાકયા ચરણો પાર વિનાનાં
ચૂમ્યાં ત્યાં તો ધરા- ધરોહર એ..ય ગુલાબી

પનઘટ,પાણી, કૂવા, પાદરે જાવા નીકળ્યાં નૂપુર તમારાં
ઝંકારે જાગે છે સરવર એ..ય ગુલાબી

મીઠું માથે ભાત લઈને લીલપ - વરણી સીમ ઠેકતી
એના સ્પર્શે શેઢો અત્તર એ..ય ગુલાબી

ધોમ-ધખેલાં સૂરજ સાખે આંખ - આંખની તારકમૈત્રી
તૃપ્ત થઈ નજરું આખર એ..ય ગુલાબી

નરેશ સુક્કા વલ્કલ પહેરી ઊભો'તો મૂર્તિની માફક
થઈ ડાળે સૂકવેલી ચાદર એ..ય ગુલાબી

**- નરેશ ભંડેરી**

## પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર ખાતે યોજાયેલ શિબિરો

### શ્રી નિખિલભાઈ ત્રિવેદીના માર્ગદર્શનમાં યોજાયેલ કરાટે શિબિર









### GSCEL ફાઉન્ડેશનના કાર્યકરોની બે દિવસીય લેખન, ગણન, વાંચન અંગે યોજાયેલ તાલીમ












To.

From :

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-